# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-13 । અંક-346 । વિક્રમ સંવત-2079 । આસો વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



પેજ 5



તો પેટ્રોલમાં 5 રૂપિયાનો ઘટાડો થશે, દિવાળી...


31 OCTOBER-2024 THURSDAY


રશિયાએ પરમાણુ મિસાઈલો ચલાવવાની પ્રેક્ટિસ કરી...



પેજ 10


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયાના એકતાનગરમાં 280 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યું

# PM મોદી બે દિવસમાં બીજીવાર ગુજરાત આવ્યા

(એજન્સી) નર્મદા । તા. 30

વડોદરા એરપોર્ટ પર આગમન બાદ PM હેલિકોપ્ટર મારફત કેવડિયાના એકતાનગર ખાતે પહોંચ્યા છે. તેમણે આજે રૂ. 280 કરોડથી વધુના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર-વિકાસ પ્રોજેક્ટ્સના લોકાર્પણ-શિલાન્યાસ કર્યા છે. હવે તેઓ આરંભ 6.0 કાર્યક્રમમાં કોમન ફાઉન્ડેશન કોર્સ(ટ્રેઈની IAS-IPS)ના અધિકારી, તાલીમાર્થીઓને સંબોધશે. વડાપ્રધાને બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપનું ઉદ્‌ઘાટન કર્યું, જે એકતાનગરના વિકાસને વેગ આપશે. ત્યાર બાદ PM એકતાનગર ખાતે આવેલા VVIP ગેસ્ટહાઉસમાં જ રાત્રિરોકાણ કરશે અને આવતીકાલે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી એકતા પરેડ નિહાળશે. પ્રકાશપર્વ દિવાળી અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાનગરને મોટી ભેટ આપતાં રૂ. 280 કરોડથી વધુનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.





### નવી સગવડો અને આરોગ્યપ્રદ સેવાઓનો ઉમેરો

વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યૂ ઓફ યુનિટી આજકાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વૈશ્વિક પ્રવાસન સ્થળની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર જેવા મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ અને 50 બેડની ક્ષમતા ધરાવતી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઉદ્‌ઘાટન સાથે હવે એકતાનગરમાં આરોગ્ય અને જનસુવિધાઓ બંનેને નવી ઊંચાઈ મળી છે.

### શિલ્પકલા અને સૌંદર્ય સાથે પ્રવાસન વિકાસને વેગ

જુલાઈ 2024માં SAPTI સંસ્થાના સહયોગથી યોજાયેલા 20 દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે 'પાણી, પ્રકૃતિ અને એકતા' પર આધારિત 24 શિલ્પકૃતિ બનાવવામાં આવી હતી. આ શિલ્પો હવે એકતાનગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યાં છે, જે શહેરના પ્રવાસન અને આકર્ષણમાં વધારો કરશે. વડાપ્રધાને બસખાડીથી વ્યૂપોઈન્ટ-1 સુધીના વૉકવે તેમજ એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના નવનિર્મિત માર્ગોના પ્રથમ તબક્કાનું પણ ઉદ્‌ઘાટન કર્યું.

### આધુનિક આરોગ્ય સુવિધાઓ અને સ્માર્ટ શહેરી આયોજનનો પ્રારંભ

વડાપ્રધાને 22 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સીટી સ્કેન, ICU, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે ICU ઓન-વ્હીલ્સની નવી સેવાઓ પણ શરૂ કરવામાં આવી છે, જેને કારણે વિકટ પરિસ્થિતિઓમાં પણ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થશે. ટ્રાફિક વ્યવસ્થાપન અને એકતાનગરની સુંદરતાને વધારવા માટે એકતાનગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યૂટિફિકેશન બનાવવામાં આવ્યા છે. 10 સ્માર્ટ બસ સ્ટોપ અને 10 પિક-અપ સ્ટેન્ડના નિર્માણ સાથે નગરની સગવડો વધારવામાં આવી છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ આ સમારોહમાં થયું.


**શુભ દિપાવલી**

તમને અને તમારા સંપૂર્ણ પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા, પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ લાવે એવી ભગવાનને પ્રાર્થના

લક્ષ્મી પૂજનના શુભ મુહૂર્ત



ગૃહસ્થ લોકો માટે
સાંજે 5:00 થી 6:30 વાગ્યા સુધી
સાંજે 5:37 થી 7:00 વાગ્યા સુધી
સાંજે 7:15 થી 8:45 સુધી

વિદ્યાર્થીઓ માટે
સાંજે 6:48 થી 8:48 સુધી

વ્યાપારીઓ માટે
સાંજે 7:15 થી 8:45 સુધી
બપોરે 1:15 થી 3:27 સુધી

ખેડૂતો માટે
સાંજે 5:45 થી 7:15 સુધી


## ફટાકડા નહીં દીવા પ્રગટાવો, હિન્દુ-મુસ્લિમની વાત જ નથી, દરેક વ્યક્તિનો શ્વાસ જરૂરી: અરવિંદ કેજરીવાલ



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

દર વર્ષે જેમ જેમ દિવાળીનો તહેવાર નજીક આવે છે તેમ ફટાકડા ફોડવા જોઈએ કે નહીં તે અંગે ચર્ચા શરૂ થઈ જાય છે. રાજધાની દિલ્હીમાં સરકારે દિવાળી પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે. સુપ્રીમ કોર્ટે પણ આ અંગે કડક આદેશ આપ્યા છે. આવી સ્થિતિમાં હિંદુ સંગઠનો વારંવાર માત્ર હિંદુઓના તહેવારો પર જ નૈતિક જવાબદારી થોપવાનો આરોપ લગાવી રહ્યાં છે. હવે આ મામલે આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલનું નિવેદન સામે આવ્યું છે.

**દિલ્હીમાં આયુષ્માન લાગુ ન થવા પર BJP HC પહોંચી**

### CAGને આયુષ્માનમાં ઘણી ખામીઓ મળી :અમારી સરકારમાં કરોડોની મફત સારવાર : કેજરીવાલ

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુધવારે કહ્યું કે CAGને આયુષ્માન ભારત યોજનામાં ઘણી ખામીઓ મળી છે. દિલ્હી સરકારની યોજના હેઠળ દિલ્હીના દરેક વ્યક્તિને મફત સારવાર મળે છે. પાંચ રૂપિયાની ગોળી હોય કે કરોડોની કિંમતની સારવાર, તે સંપૂર્ણપણે મફત મળે છે. PMએ દિલ્હીની યોજના આખા દેશમાં લાગુ કરવી જોઈએ. કેજરીવાલે કહ્યું કે જો PM પૂછશે તો હું તેમને લાખો લોકોના નામ મોકલીશ જેમને આનાથી ફાયદો થશે. ખરેખરમાં, મંગળવારે, આયુષ્માન ભારત યોજનાનું વિસ્તરણ કરતી વખતે, પીએમ મોદીએ 70 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે 5 લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા શરૂ કરી હતી. આ દરમિયાન PMએ કહ્યું હતું કે તેમને અફસોસ છે કે દિલ્હી અને બંગાળને આ યોજનામાં સામેલ નથી, કારણ કે બંને રાજ્યોની સરકારોએ તેને મંજૂરી આપી નથી. બીજી તરફ ભાજપે દિલ્હીમાં આયુષ્માન લાગુ ન કરવાના AAP સરકારના નિર્ણય સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી છે.

### હૈદરાબાદમાં મોમોઝ ખાવાથી મહિલાનું મોત

(એજન્સી) હૈદરાબાદ । તા. 30

હૈદરાબાદમાં એક સ્ટ્રીટ વેન્ડરના મોમોઝ ખાવાથી એક મહિલાનું મોત થયું હતું. પોલીસે બુધવારે જણાવ્યું હતું કે બંજારા હિલ્સ વિસ્તારની રહેવાસી 33 વર્ષીય રેશમા બેગમ અને તેના બે બાળકોએ 25 ઓક્ટોબરે ખૈરતાબાદમાં મોમોસ સ્ટોલમાંથી મોમોઝ ખાધા હતા. થોડીવાર પછી, ત્રણેયને ઝાડા-ઉલ્ટી અને પેટમાં દુખાવો થવા લાગ્યો હતો. 27 ઓક્ટોબરે રેશ્માનું સારવાર દરમિયાન મોત થયું હતું. તેના બાળકો હજુ સારવાર હેઠળ છે.

## ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ટોળાનો હુમલો, ટિયર ગેસના શેલ છોડ્યા



(એજન્સી) જમ્મુ । તા. 30

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ભારે ધમાલ મચી છે. ટોળાએ રેલીમાં હુમલો કરતા સ્થિતિ તંગ બની છે, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દરમિયાન અનેક વાહનોને પણ નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓએ સ્થળ પર દોડી આવીને કાર્યવાહી કરી છે. પોલીસે સ્થિતિને કાબુ કરવા માટે ટોળા પર ટીયર ગેસના સેલ છોડ્યા છે. બીજી તરફ નેશનલ કોન્ફરન્સે હુમલા પાછળ ભાજપનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે.

**મારામારીમાં અનેકને ઈજા, પોલીસે ફરિયાદ નોંધી :** પોલીસે જણાવ્યું કે, મારામારીમાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્રણને વધુ ઈજા થઈ હોવાથી સારી સારવાર માટે શ્રીનગરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. વિવિધ કાયદાકીય કલમો હેઠળ કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી દીધી છે.

**હુમલા પાછળ ભાજપનો હાથ : ધારાસભ્યનો આક્ષેપ :** નેશનલ કોન્ફરન્સ ધારાસભ્ય નજીર અહમદ ખાને રેલીમાં હુમલો કરવા પાછળ ભાજપના કાર્યકર્તાઓ અને હરીફ ભાજપના નેતા સંબંધીઓને જવાબદાર ઠેરવ્યા છે. ભાજપે જાણીજોઈને રેલીને નિશાન બનાવ્યું છે અને તેમનો સમર્થકોના હુમલાના કારણે અનેક લોકોને ઈજા થઈ છે.

### બાંધવગઢ ટાઈગર રિઝર્વમાં ચાર હાથીના મોત, 4 ગંભીર : ઝેરી પદાર્થ ખાવા અથવા ખવડાવવાની શંકા

ઉમરીયા : ઉમરિયાના બાંધવગઢ ટાઈગર રિઝર્વમાં મંગળવારે ચાર જંગલી હાથીઓના શંકાસ્પદ સંજોગોમાં મોત થયા હતા. તે જ સમયે ચારની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ ઘટના મંગળવારે સાંજે લગભગ 4 વાગ્યે ખિતૌલી રેન્જના સાલખાણીયા જંગલમાં બની હતી. માહિતી મળ્યા બાદ ટાઈગર રિઝર્વની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એવી આશંકા છે કે હાથીઓએ કોઈ ઝેરી પદાર્થ ખાધો હશે અથવા ખવડાવ્યો હશે. સાંજના લગભગ 4 વાગ્યાની આસપાસ માહિતી મળી કે 13 હાથીઓનું ટોળું જંગલમાં ઘૂમી રહ્યું છે. આઠ હાથીઓની તબિયત લથડી હતી. તમામ આઠ હાથી સ્થળ પર જ બેભાન થઈને પડ્યા હતા. આના પર બાંધવગઢ ટાઈગર રિઝર્વના ડોક્ટરો અને અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસ બાદ ડોક્ટરોએ ચાર હાથીઓને મૃત જાહેર કર્યા હતા.

## બંગાળમાં ડોક્ટરે દર્દી પર વારંવાર બળાત્કાર ગુજાર્યો

**મહિલા દર્દીને બેભાન કરી વારંવાર આબરૂ લૂંટી, ફોટા પાડી બ્લેકમેઈલ કરી**

(એજન્સી) કોલકાતા । તા. 30

પશ્ચિમ બંગાળમાં એક ટ્રેઈની ડોક્ટરની બળાત્કાર-હત્યા બાદ હવે દર્દીઓ પર બળાત્કારના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. હસનાબાદ વિસ્તારમાં રહેતી એક મહિલાનો આરોપ છે કે તે સારવાર માટે ડૉ.નૂર આલમ સરદારના ક્લિનિકમાં ગઈ હતી. ડોક્ટરે તેને એનેસ્થેટિક ઈન્જેક્શન આપ્યા બાદ તેના પર બળાત્કાર કર્યો હતો. ડોક્ટરે પીડિત મહિલાને બ્લેકમેલ કરવા માટે બેભાન મહિલાના અશ્લીલ ફોટોગ્રાફ્સ પણ લીધા હતા. આ પછી તેણે મહિલાને ધમકી આપીને 4 લાખ રૂપિયાની માગ કરી અને કહ્યું કે જો તે પૈસા નહીં આપે તો તે તસવીરો વાઈરલ કરી દેશે. પોલીસે જણાવ્યું કે, મહિલાની ફરિયાદ બાદ કેસ નોંધવામાં આવ્યો છે. એફઆઈઆરના થોડા કલાકો બાદ આરોપી ડોક્ટરની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. હાલ અમે તેની પૂછપરછ કરી રહ્યા છીએ. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, ડોક્ટરે મહિલા સાથે ઘણી વખત રેપ કર્યો હતો. મહિલા ઈન્જેક્શન લેવા માંગતી ન હતી મહિલા ઉત્તર 24 પરગણાના હસનાબાદ વિસ્તારમાં એકલી રહે છે. તેના પતિ વિદેશમાં રહે છે.

**બળજબરીપૂર્વક ઈન્જેક્શન લગાવીને ફાયદો ઉઠાવ્યો :** પોલીસને આપવામાં આવેલી ફરિયાદમાં પીડિતાએ જણાવ્યું કે 'હું નોર્થ 24 પરગનાના હસનાબાદ વિસ્તારમાં રહુ છું. મારા પતિ વિદેશમાં નોકરી કરે છે અને ત્યાં રહે છે. મે મારા પતિને ડોક્ટરની હરકતો વિશે જણાવ્યુ અને તેમણે જ ભારત આવીને પોલીસ કેસ કરાવ્યો. મારી તબિયત ઠીક રહેતી નહોતી. હું ડોક્ટર નૂર પાસે આવી તો તેમણે મને ઈન્જેક્શન લગાવવાની વાત કહી. હું ઈન્જેક્શન લગાવવા માગતી નહોતી પરંતુ ડોક્ટરે ઝડપી રિકવરી થવાનો હવાલો આપીને ઈન્જેક્શન લગાવી દીધું. તે બાદ મને કંઈ યાદ નથી. જ્યારે ભાન આવ્યું તો હું ક્લિનિકમાં બેડ પર સૂઈ રહેલી હતી.

### વકફ બિલ કમિટી 5 રાજ્યોની મુલાકાત લેશે : :રિપોર્ટ સમયસર આવે તે માટે લેવાયો નિર્ણય

નવી દિલ્હી : વકફ બિલ પર બનેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC) આવતા સપ્તાહે 5 રાજ્યોની મુલાકાત લેશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેથી કમિટી સમયસર પોતાનો રિપોર્ટ આપી શકે. જો કે, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે સમિતિઓના અહેવાલો સબમિટ કરવાની તારીખ લંબાવવામાં આવી છે, પરંતુ સમિતિના અધ્યક્ષ ભાજપના સાંસદ જગદંબિકા પાલ નિર્ધારિત સમય મર્યાદામાં રિપોર્ટ સબમિટ કરવા માંગે છે. જેપીસીના સભ્યો આ પાંચ રાજ્યોની રાજધાનીમાં તેમના લઘુમતી બાબતોના વિભાગ, કાયદા વિભાગ, લઘુમતી આયોગ અને વકફ બોર્ડ સાથે વાતચીત કરશે. તે બાર કાઉન્સિલ અને મુત્તાવલ્લી એસોસિએશન સહિત અન્ય હિતધારકોને પણ મળશે. સમિતિ 9 નવેમ્બરે આસામની રાજધાની ગુવાહાટીથી તેનો પ્રવાસ શરૂ કરશે.

## 28 લાખ દીવાથી ઝળહળી રામનગરી, નવો રેકોર્ડ બન્યો

**ભગવાનનો રાજ્યાભિષેક કર્યો; યોગીએ કહ્યું- કાશી, મથુરા પણ અયોધ્યાની જેમ ઝળહળે**

(એજન્સી) અયોધ્યા । તા. 30

વિાળીના એક દિવસ પહેલા રામનગરી અયોધ્યા દીવાઓથી ઝળહળી ઉઠી. સરયુ નદીના 55 ઘાટ પર 28 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા. આ સાથે એક નવો રેકોર્ડ સર્જાયો છે. ગયા વર્ષે 22 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. સીએમ યોગીએ રામ મંદિરમાં પહેલો દીપ પ્રગટાવીને દીપોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું. 1600 અર્ચકોએ સરયુ આરતી કરી. અગાઉ ભગવાન રામ સીતા અને લક્ષ્મણ સાથે પુષ્પક વિમાન દ્વારા પહોંચ્યા. યોગીએ તેમનું સ્વાગત કર્યું. ભગવાન રથ પર સવાર થયા. યોગીએ રામનો રથ ખેંચ્યો. ભગવાન રામને રામકથા પાર્કમાં લાવવામાં આવ્યા હતા.



યોગીએ રામનો રથ ખેંચ્યો

### અયોધ્યા માટે આ વર્ષ અદ્ભુત, અનોખું અને અલૌકિક : યોગી

યોગીએ કહ્યું- આ દીવાઓ જે તમે પ્રગટાવશો તે માત્ર દીવા નથી. આ સનાતન ધર્મનો વિશ્વાસ છે. અયોધ્યાના લોકોએ આગળ આવવું પડશે. મથુરા-કાશી પણ અયોધ્યા જેવી દેખાવી જોઈએ. યોગી આદિત્યનાથે કહ્યું- સનાતન ધર્મે ક્યારેય કોઈને નુકસાન પહોંચાડ્યું નથી, તે બધાને સ્વિકારે છે. માનવતાના માર્ગમાં જે કોઈ અવરોધ ઉભો કરશે તેને યુપીના માફિયા જેવા જ હાલ થશે.

### પેટ્રોલિંગ અંગે ટૂંક સમયમાં ગ્રાઉન્ડ કમાન્ડર ચર્ચા કરશે

## ભારત-ચીન સૈનિકોને પાછા બોલાવવાની પ્રક્રિયા પૂર્ણ : દિવાળીએ એકબીજાને મીઠાઈ ખવડાવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારત-ચીન સરહદ પર દેપસાંગ અને ડેમચોકથી સૈનિકોને પાછા બોલાવવાની પ્રક્રિયા બુધવારે પૂર્ણ થઈ હતી. ગુરુવારે દિવાળી પર ચીન અને ભારતના સૈનિકો એકબીજાને મીઠાઈ ખવડાવશે. પેટ્રોલિંગ અંગે ગ્રાઉન્ડ કમાન્ડરના અધિકારીઓ વચ્ચે ટૂંક સમયમાં વાતચીત કરવામાં આવશે. ગ્રાઉન્ડ કમાન્ડરોમાં બ્રિગેડિયર અને તેની નીચેના રેન્કના અધિકારીઓ હોય છે. LAC પર પેટ્રોલિંગ અંગે ભારત અને ચીન વચ્ચેના કરાર પર વિદેશમંત્રી એસ. જયશંકરે 27 ઓક્ટોબરના રોજ કહ્યું હતું કે સૈનિકોને પાછા બોલાવવા એ પહેલું પગલું છે. બીજું પગલું તણાવ ઘટાડવાનું છે. આ તણાવ ત્યારે જ ઘટશે જ્યારે ભારતને ખાતરી થશે કે ચીન પણ એવું જ ઈચ્છે છે. તણાવ ઘટાડ્યા પછી બોર્ડરને કેવી રીતે મેનેજ કરવી એ અંગે ચર્ચા કરવામાં આવશે.



**ભારત-ચીન સરહદ પર સૈન્ય કેવી રીતે પાછળ હટ્યું :** પૂર્વી લદ્દાખમાં ચાર વર્ષથી સરહદ વિવાદ અંગે ભારત અને ચીન વચ્ચે તણાવ હતો. બે વર્ષ લાંબી વાટાઘાટો પછી હાલમાં કરાર થયો છે. બંને સૈના વિવાદાસ્પદ પોઈન્ટ્સ દેપસાંગ અને ડેમચોકથી પાછળ હટશે. દેપસાંગ અને ડેમચોકથી સૈન્ય પાછળ હટવા વિશેની માહિતી સામે આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે અહીંથી બંને સેના એપ્રિલ 2020થી પહેલાંની સ્થિતિમાં પાછી ફરશે. ઉપરાંત સેના એ જ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે, જ્યાં તે એપ્રિલ 2020 પહેલાં પેટ્રોલિંગ કરતી હતી.

## વડાપ્રધાન મોદીનું એકતાનગર હેલીપેડ ખાતે ઉષ્માભર્યું સ્વાગત



રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૪ ની ઉજવણી પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુરુકુળ હેલીપેડ, એકતાનગર ખાતે આવી પહોંચ્યા હતા. વડાપ્રધાન નું ગુજરાત સરકારના મુખ્ય સચિવ રાજકુમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહ તડવી, ભરૂચ ના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટા ઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ, ડીજીપી વિકાસ સહાય, જિલ્લા કલેકટર એસ. કે. મોદી, જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે સહિતના ઉચ્ચ અધિકારી ઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.
(ભરત શાહ-રાજપીપળા)

### વડોદરાના વાઘોડિયાની પારૂલ યુનિર્વસીટીમાં અભ્યાસ કરતા...

## ચાર મિત્રો પૈકી 2 મિત્રો ઝરવાણી ધોધ માં ડૂબી જતાં બંનેના મૃતદેહો મળી આવ્યા, પરિવારમાં શોક ફેલાયો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા માં દિવાળી પર્વ ને લઈ પ્રવાસન સ્થળો ઉપર મોટા શહેરો માંથી આવતા પ્રવાસીઓ ની સંખ્યા વધે છે અને ગતરોજ વડોદરા ના વાઘોડીયા ખાતે આવેલી પારુલ યુનિવર્સિટી માં અભ્યાસ કરતા ચાર મિત્રો ફરવા આવ્યા હતા અને ઝરવાની ધોધ પર ગયા, ત્યાં બે મિત્રો સ્નાન કરવા જતાં બંને ડૂબી ગયા બાદ NDRF ટીમે એક ને મૃતદેહ શોધી ગઈકાલે શોધી કાઢ્યા બાદ બીજા યુવાનની શોધખોળ ચાલુ રાખી અને આજે સવારે બીજા યુવાનનો મૃતદેહ પણ મળ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર લોકેશ વિરનાગાચિંતારાવ મોટમેરી હાલ રહે.૧૧૯ કામધેનુ સોસાયાટી અણખોલ વાઘોડીયા રોડ તા.વાઘોડીયા જી.વડોદરા મુળ. આંધ્રપ્રદેશ નાઓ





એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેઓ તથા તેમના મિત્રો ઝરવાણી ધોધ ખાતે ન્હાવા માટે આવેલ અને ધોધના પાણીમાં ન્હાવા પડતા ધોધના ઉંડા પાણીમાં ડુબી જવાથી રવિતેજા હરીબાબુ રંભા ઉ.વ.આ.૧૯, રહે.મ.નં.૧૬ ગુરુકુપા સોસાયટી, પારૂલ યુનિર્વસીટી સામે તા. વાઘોડીયા જી.વડોદરા, નાઓ ધોધના ઉંડા પાણીમા ડુબી જતા મોત થયું હતું તેના મૃતદેહ ને NDRF ટીમે બહાર કાઢ્યો હતો જ્યારે અન્ય ડૂબેલ એક મિત્ર રવિપાટી લોહિત કુમાર ઉ. વ.૧૯ લાપતા હોવાથી બચાવ ટુકડીઓ તેની શોધખોળ કરી રહી હતી જેમાં રવિપાટી લોહિત કુમાર નો મૃતદેહ આજે સવારે મળી આવતા બંને ના પરિવારો માં ઘેરા શોક ની લાગણી વ્યાપી હતી. જાણવા મળ્યા મુજબ એક યુવાન નો મૃતદેહ ગઈકાલે જ્યાંથી મળ્યો હતો.

## દાહોદ જિલ્લાના પ્રજાજનોને દિવાળી શુભેચ્છાઓ પાઠવતા જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે



દિપક રાવલ : દાહોદ

સમગ્ર દાહોદ જિલ્લામાં જયારે દિવાળીનો માહોલ જામ્યો છે ત્યારે દાહોદ જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ પણ દાહોદવાસીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. દાહોદવાસીઓ દિવાળી પર્વને ખુબ જ ઉત્સાહથી ઉજવે તેમજ આ દિવાળી પર્વ અને બેસતું વર્ષ દરેક દાહોદવાસીઓના જીવનમાં અનેક ખુશીઓ વિવિધતાઓ લઈને આવે અને સૌને સ્વસ્થ રાખે એવી શુભેચ્છાઓ સહિત શુભકામનાઓ પાઠવી હતી.

## ચાણસ્મા ખાતે સરદાર ચોક માં દિવાળી તહેવારો પુરતી ફટકડા ની હંગામી દુકાનો શરૂ થઈ ગઈ



નીતિન ઠાકર : ચાણસ્મા

વાઘ બારસ થી દિવાળી ના તહેવારો શરૂ થયા છે ત્યારે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ચાણસ્મા નગર ના સરદાર ચોક માં અંદાજે આઠ થી ૧૦ ફટાકડા ના હંગામી સ્ટોલ લગાવાયા છે ત્યારે અગમ્ય કારણો સર આગ ની દુર્ઘટના સર્જાય તો આગ ને કાબુ માં લેવા માટે પાલિકા દ્વારા કોઈ જ વ્યવસ્થા કરાઈ નથી બીજી બાજુ દિવાળી ના આડે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે ફટાકડા ની ખરીદી કરવા માટે ચાણસ્મા નગર સહિત ગ્રામીણ વિસ્તારો માં થી લોકો ની ભીડ ચાણસ્મા ના બજારો માં જોવા મળી રહી છે

## મહિસાગર જિલ્લામાં હોટલ,ગેસ્ટ હાઉસ નિયંત્રણ ફરમાવતુ જાહેરનામુ બહાર પડાયું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

આગામી સમયમાં તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સી.વી.લટા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ. મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો ધ્વારા દેશ/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે. જિલ્લામાં હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ,વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડિટેઇલ કોપી સહિતની લેવી,વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કારાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી,વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે,અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી, દેશ/વિદેશના વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા, મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ?

## ધોરાજી ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા દ્વારા ખેડૂતોની નુકસાની ને લઇ કૃષિ મંત્રીને આમરણાંત ઉપવાસનો પત્ર લખ્યો

વિજય રાડીયા : ઉપલેટા

ઉપલેટા ધોરાજી તાલુકામાં વધુ વરસાદ અતિવૃષ્ટિ થી થયેલ નુકશાન નું અધકચરું સર્વે કરાવી ઓગસ્ટ સુધીમાં ખેડૂતોને થયેલ નુકશાન પેટે 1019 કરોડ નું સહાય પેકેજ જાહેર કર્યું તે ખેડૂતોને થયેલ નુકશાની ના પ્રમાણમાં ઘણું અપુરતું છે, જે આપ પણ સમજો છો માન્ય. સઘવજીભાઈ



આપે ઓગસ્ટ સુધીનું નુકશાની ની સહાય જાહેર કરી આપ પણ જાણો છો કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ખેડૂતોનો પાક મગફળી, સોયાબીન જેવા પાકોની લણણી કરવી કરજીયાત હોય છે.જ્યારે ખેડૂતોનો પાક તૈયાર હોય ત્યારે સમગ્ર ગુજરાત માં વરસાદ થયો ખેડૂતોને મોઢે આવેલ કોળીયો જુટવાઈ ગયો. આપે કરી સર્વે કરવાની જાહેરાત કરી પણ ખેડૂતો એના બગડેલ માલનો ખેતર માંથી નિકાલ કરે કે આપની સરકારના અધિકારી સર્વે કરવા આવે એની રાહ જોવે... ખેડૂતોએ એના બગડેલ પાકનો નિકાલ કરી શિયાળુ પાકના વાવેતરની તૈયારી કરી છે. અત્યારે તમે શું સર્વે કરાવશો..? આપ આ બધું જાણો છો તો આપ સરકાર માં બોલો - જ્યાં સપ્ટેમ્બર ઓક્ટોમ્બર માં વરસાદ પડ્યો છે ત્યાં રેન્ડમલી સર્વે કરી ખેડૂતોને સહાય ચૂકવો ખેડૂતોને સહાય ચુકવો ખેડૂતો ભગવાન ને પ્રાર્થના કરશે.

## બરમ્યાવાડ ગામ ખાતે PM કુસુમ યોજનાનાં નામ પર આદિવાસી ખેડૂત સાથે 15 હજારની છેતરપીંડી કરાતા ગુનો નોંધાયો

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં બરમ્યાવાડ ગામ ખાતે PM કુસુમ યોજનાનાં નામ પર ઓનલાઈન ઠગાઈ કરવામાં આવેલ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.જેમાં અજાણ્યા ઈસમ દ્વારા PM કુસુમ યોજનાનાં નામ પર અંદાજે 15 હજાર કરતા વધુની કિંમત ખેડૂત પાસેથી ઓનલાઈન માધ્યમથી લઈને છેતરપિંડી કરી હતી.જે બાદ સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકે પહોંચ્યો હતો.આહવા તાલુકાનાં બરમ્યાવાડ ગામ ખાતે રહેતા નિતેશ મધુભાઈ ગાવિતે પોતાના મોબાઈલમાં ગુગલમાં PM KUSUM YOJNA સર્ચ કરી તેમા ફીડબેકમાં પોતાનું નામ, મોબાઈલ નંબર નાખી off Grid Solar Pump (component B) સિલેક્ટ કરી કેપ્ચા કોડ નાખીને Feedbackમાં સબમીટ કર્યું હતુ.જે બાદ એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને આ અજાણ્યા વ્યક્તિએ PM KUSUM YOJNA ના નામે નિતેશભાઈ પાસેથી ત્રણ વખત જેમાં એપ્રુવલ ચાર્જના રૂપિયા 1650/- તથા સામાન લોડીંગ ચાર્જ રૂપિયા 3500 /- તથા TDS ચાર્જના રૂપિયા 9,999/- એમ મળી કુલ રૂ.15,149/- ના અલગ-અલગ ત્રણ ટ્રાન્ઝેકશન કરાવ્યા હતા.અને ગુગલ-પે માં ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરી હતી. ત્યારબાદ પણ આ અજાણ્યા ઈસમ દ્વારા મેસેજ કરીને 18 હજાર રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી.જોકે નીતેશભાઈ ને ફ્રોડ થઈ રહ્યો હોવાનું જણાઈ આવતા તેમને સાપુતારા પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી.ત્યારે સાપુતારા પોલીસે આ અંગેનો ગુન્હો નોંધ્યો હતો.

## સાપુતારા ઘાટમાર્ગમાં કોબીજનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા અકસ્માત



સુશીલ પવાર : ડાંગ

મહારાષ્ટ્રનાં નાસિકથી કોબીજનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.એમ.એચ.15.એચ.એચ.9090 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા માર્ગની સાઈડમાં આવેલ સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં આઈસર ટેમ્પો સહિત કોબીજનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડી રહી છે.

## રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીના જમાઈ ચેતન શિયાળનો રિવોલ્વર સાથે વિડિયો વાઈરલ

કીશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદ બંદર ની જેટી પર ગઈકાલે મોડી રાત્રીના બબાલ થઇ હતી આ બબાલમાં ભાજપ ના નેતા ચેતનભાઈ શિયાળનો રિવોલ્વર કાઢી હતી જોકે રિવોલ્વર કાઢતા ચેતન શિયાળ પર ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. બીજી તરફ ભાજપ ના નેતા દ્વારા રિવોલ્વર કાઢેલ વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. પર કુહાડીથી જીવલેણ હુમલો થયો છે. સમગ્ર મામલે વાત કરીએ તો બોટમાંથી મચ્છી ખાલી કરાવવા ગયેલા ચેતનના પિતા અને નાનાભાઈને આરોપીઓએ અપશબ્દો કહ્યાં હતા. જે બાદ નાના ભાઈએ ચેતનને ફોન કરીને બોલાવ્યા બાદ સમજાવટ બાદ મામલો ઉગ્ર બનતા ચેતન શિયાળ પર જીવલેણ હુમલો કર્યો અને ગળામાંથી રૂપિયા ૪૦ હજારની ચેઈન લૂંટી હોવાનાં આરોપ છે. આરોપી યશવંત બારૈયા, સિદ્ધાર્થ બારૈયા, સંજય બારૈયા સાથે બોટના ટંડેલ, ટ્રેક્ટર ચાલક, અન્ય બોટના ખલાસી સહિત 6 સામે ગુનો નોંધાયો છે. ચેતન શિયાળ હાલ ભાવનગરની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સ્થાનિક પોલીસ દ્વારા તપાસ નો ધમધમાટ ચાલુ છે. હાલ તમામ આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે. તેમાંથી બે આરોપી ઓની શોધખોળ ચાલુ છે.

### અમરેલી શહેરમાં શક્તિ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે

## નાના બાળકોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું તમારી મદદથી જરૂરિયાતમંદને ખુશીઓ આપી

અશોક મણવર અમરેલી

અમરેલી શહેરમાં અલગ અલગ વિસ્તારમાંશક્તિ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ દિવાળી પર્વ નિમિત્તે નાના જરૂરીયાતમંદ બાળકો ને મીઠાઈ આપી તેમના મોઢા પર સ્મિત લાવવાના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે અમરેલી ના ગાયાત્રી મંદિર પાસે જનકભાઈ વિંછીયા ના ફાર્મ હાઉસ ખાતે ૬૦ થી વધુ બાળકો ને મીઠાઈ નું વિતરણ વિશ્વ ની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકો ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સાહેબ ,અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા,



હનુભાઈ વાળા ના વરદહસ્તે નાના બાળકો ને મીઠાઈ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ તકે શક્તિ ગ્રુપ ના પ્રમુખ ગૌતમભાઈ વાળા, જનકભાઈ વિંછીયા,જય ભાઈ મસરાણી, વિશ્વજીત ભાઈ વિંછીયા, અશોકભાઈ વાળા, જીજ્ઞેશ દાફડા, પરેશભાઈ પરમાર,હિતુભાઈ પરમાર સહિત તમામ આગેવાનો અને કાર્યકરો દ્વારા ઉપસ્થિત રહ્યા હતા તેમજ બ્રાહ્મણ સોસાયટી ખોડિયાર મંદિર પાસે બાળકો ને મીઠાઈ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અભયમ નર્મદા ટીમે રંગોલી દ્વારા હિંસા મુક્ત મહિલાનો સંદેશો અપાયો




દિવાળી અને નૂતનવર્ષે સંદેશા આપવામા આવે છે જેમાં ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમ નર્મદા દ્વારા વિવિધ રંગોળી દ્વારા હિંસા મુકત મહિલા નો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. મહિલાઓ, યુવતીઓ, વિદ્યાર્થિનીઓ સામે કોઈપણ પ્રકારની હિંસા કે હેરાનગતિ કરવામાં આવે તો ૨૪ કલાક વિના મૂલ્યે સેવા આપતી અભયમ હેલ્પ લાઈન નો સંપર્ક કરવા હિમાયત કરવામાં આવી હતી. નૂતન વર્ષે અભયમ ટીમ દ્વારા મહિલાઓની સુરક્ષા, બચાવ અને માર્ગદર્શન માટે કટિબદ્ધ બની સેવા આપવા મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હતો.(ભરત શાહ - રાજપીપળા)

## મહિસાગરમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી વી લટા દ્વારા હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પડાયું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહિસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી વી લટા દ્વારા સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પડાયું. જિલ્લામાં તા.૨૭/૧૨/૨૦૨૪ સુધી કોઇએ (૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા,છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહી.(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહી.

## રોશનીના પર્વને આવકારવા થનગનતું નખત્રાણા નગર



દિવાળી પર્વના દિવસો નિમિત્તે દિવડા પ્રગટાવવાની વર્ષો જૂની પરંપરા છે. જોકે હાલ દિવડા પ્રગટાવવાની સાથે મકાનો ,ઓફિસોને રંગબેરંગી લાઈટ સિરીઝ વડે શણગારવામાં આવતાં હોય છે ત્યારે રાત્રીનો નજારો કંઈક ઓર ભાસતો હોય છે. નખત્રાણા નગર પણ મહાપર્વને વધાવવા આતુર હોય તેમ દિપાવલીની પૂર્વ સંધ્યાએ નખત્રાણાની બિલ્ડિંગો રોશનીથી ઝળહળી ઉઠી હતી. પ્રસ્તુત તસવીર આરામ ગૃહ પાસે ઝડપાયેલી છે જ્યાં રોશનીથી ઝળહળતી બિલ્ડીગો નજરે પડે છે.

તસવીર: મહેશ એલ.સોની નખત્રાણા

## જુના ટુ વ્હીલર,થ્રી વ્હીલર,ફોર વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવા માટેનુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહિસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી વી લટા દ્વારા જુના ટુ વ્હીલર,થ્રી વ્હીલર,ફોર વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવા માટેનુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું જેમાં જુનુ ફોર વ્હીલર,થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી,વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીગ લાયસન્સ, પાનકાર્ડ,ઈલેક્શન કાર્ડ,રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસ્ભયશ્રી, સાંસદ સભ્યશ્રી , કોઇ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે,બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું,સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો,વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર,મોડેલ નંબર,રજીસ્ટેશન નંબર/ચેચીસ નંબર લખવાનો રહેશે. આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં રાષ્ટ્રીય પક્ષનાં ઉમેદવારો ભાજપ 1 અને કોંગ્રેસ 1 છે અને અપક્ષ 8 ઉમેદવાર મળી કુલ 10 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે

(એજન્સી) પાલનપુર । તા. 30

બનાસકાંઠા જિલ્લામાં ૦૭ વાવ વિધાનસભા ચૂંટણીમાં તારીખ ૧૮ થી લઈને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં કુલ ૨૮ ફોર્મ ભરાયાં હતાં ફોર્મ ચકાસણી તારીખ ૨૮/૧૦૨૦૨૪ હતી અને ફોર્મ પરત ખેંચવાની તારીખ ૩૦/૧૦/૨૦૨૪ નાં રોજ ૧૦ ફોર્મ મંજૂર કરવામાં આવ્યા હતા આમ હવે રાષ્ટ્રીય પક્ષ કોંગ્રેસ અને ભાજપ એમ ૦૨ સાથે આઠ અપક્ષના ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે તારીખ ૧૩/૧૧/૨૦૨૪ નાં રોજ મતદાન થશે અને ૨૩/૧૧/૨૦૨૪ નાં રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે ૦૭ વાવ વિધાનસભા માં તારીખ ૧૫/૧૦/૨૦૨૪ સુધી પુરુષ મતદારો ૧,૬૧,૨૯૩ અને સ્ત્રી મતદારો ૧,૪૯,૩૮૭ અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૭ મતદારો છે ૦૭ વાવ વિધાનસભા ચૂંટણીમાં કુલ ૩૨૧ પોલિંગ સ્ટેશન છે

## જાફરાબાદમાં દિવાળી દેખાણી મન મૂકીને ખરીદી કરતા ગ્રાહકો : કપડાં, બુટ, ચપ્પલ, રંગોથી લઈને મીઠાઈ મુખવાસનું વેચાણ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

વર્ષમાં દિવાળી એક એવો તહેવાર છે. કે જેમાં ગરીબ થી લઈને તવંગર સુધીનો વર્ગ પોતપોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે નાની મોટી ખરીદી કરીને આ ઉત્સવ ઉત્સાહ પૂર્વક મનાવે છે. ત્યારે જાફરાબાદ માં દિવાળી પહેલા અંતિમ સમયની ખરીદી માટે લોકો ઉમટી પડતાં શહેરની તમામ મુખ્ય બજારો ગ્રાહકો થી ઉભરાઈ હતી કપડાં બુટ ચપ્પલ અને રંગોથી લઈને મીઠાઈ અને મુખવાસ સહિતની ચીજવસ્તુઓ ની ખરીદી થતાં વેપારીઓમાં ખુશાલી છવાઈ છે. રંગોળી ના રંગો વિવિધ રોશની વાળી લાઈટો, દીવડા, ફટકારી, ઘરમાં સુશોભન માટેની વસ્તુઓ, ગોગલ્સ, બેલ્ટ, પર્સ, મહેમાનો માટે નાસ્તા મીઠાઈ અને મુખવાસ સહિતની ચીજવસ્તુઓ ની ખરીદી માટે ગ્રામ ની પડાપડી જોવા મળી રહી છે. અને લોકો મનમૂકીને ખરીદી કરી રહ્યા છે. આ ઉપરાંત જાફરાબાદ થી રાજુલા યુવાનો દ્વારા કપડાં તેમજ મોબાઈલ અન્ય ચીજવસ્તુઓ ની ખરીદી ત્યાં પણ ખરીદી કરવા જતાં હોય છે. લોકો મનમૂકીને ખરીદી કરી રહ્યા છે. આ ઉપરાંત ઓનલાઇન ખરીદીનો ટ્રેન્ડ વધ્યો હોવા છતાં મોબાઈલ ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ અને ફર્નિચરની ખરીદી કરતા લોકો પણ નજરે ચડ્યા હતા બ્યુટી પાર્લર અન્ય મેકઅપ ના સામાન ની ખરીદી સોની બજારમાં પણ સોના ચાંદીના ઉંચા ભાવ હોવા છતાં અનેક ગ્રાહકો એ શુકનવંતી ખરીદી કરી હતી.

## રાજપીપળા સિવિલ હોસ્પિટલનાં વાહન ટેન્ડરીંગમાં સ્થાનિક અધિકારીઓએ પોતાના મળતરિયા કોન્ટ્રાક્ટર ને કામ આપ્યાનો અક્ષેપ

ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં મેન પાવર હોય કે કોઈપણ વસ્તુની ખરીદી ઊંચા બિલો મુકાતા હોવાની અવાર નવાર ફરિયાદો ઉઠી અને આક્ષેપો લાગતા આવ્યા છે. ત્યારે અત્યાર સુધી કોઈ તપાસ થઈ નથી એ બાબત આશ્ચર્યજનક છે, અને બીજું બાજુ ટેન્ડરીગ પ્રક્રિયા માં L1 ની જગ્યા એ L2 નું ટેન્ડર મંજુર કરી રાજપીપળા સિવિલ સત્તાધીશો એ વધુ એક વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. અને આખી ટેન્ડર મંજૂર કરનારી કમિટીના વિરોધમાં જઈ ને સિવિલ હોસ્પિટલ નાં એક અધિકારી એ ટેન્ડર ઉંચી કિંમત વાળા કોન્ટ્રાકટર ને આપી દેતા અધિકારીઓ નેં કોઈની બીક નથી રહી એ ફલિત કરી બતાવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં તાજેતરમાં કેબ એન્ડ ટેક્સી હાયરિંગ સર્વિસ સડન નું ટેન્ડર કરવામાં આવ્યું જેમાં 4 એજન્સીઓ ભાવ ભર્યા હતા, જેમાં સૌથી નીચો ભાવ રાજપીપળાની ની સ્થાનિક એજન્સી નો આવ્યો જેણે 4.39 જેટલો ભાવ ભર્યો હતો. જ્યારે એક મહેસાણા ની એજન્સીએ 4.64 નો ભાવ ભર્યો હતો અને આ L2 પર હોવા છતાં સરકાર ની તિજોરી પર વધુ ખર્ચ કરાવી ટેન્ડર બહાર ની એજન્સીને આપ્યું, અને સ્થાનિક એજન્સીનું નિયમ મુજબ ટેન્ડર લાગ્યું છતાં ટેન્ડર નાં અપાયું જેથી સ્થાનિક એજન્સીઓ માં રોશની લાગણી ફેલાઈ છે. આમ રાજપીપળા સિવિલ ની આ ટેન્ડરીંગ પ્રક્રિયા વિષે વિજિલન્સ તપાસ કરે એ જરૂરી બન્યું છે. તો સિવિલમાં ચાલતા કૌભાંડો નો પર્દાફાશ બહાર આવશે.



દિપાવલી નિમિત્તે ચાણસ્મા સહીત ગ્રામીણ પંથક ના દેવાલયો મંદિરો ને રંગબેરંગી રોશની થી શણગારવામાં આવ્યા.

નિતીન ઠાકર : ચાણસ્મા

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# રાજકોટ ડિવિઝનની 81% બસો હાઉસફૂલ:

## રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગરમાં 520માંથી 240 એક્સપ્રેસ બસોમાં એડવાન્સ બુકિંગથી ટિકીટ મળવી મુશ્કેલ, સવા ગણા ભાડાની વસૂલાત



(એજન્સી) રાજકોટ | તા. 30

એસટી બસોમાં દિવાળી દેખાઈ રહી છે. રાજકોટ એસટી વિભાગ હેઠળ આવતા રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી ઉપડતી 520 જેટલી બસોમંથી 240 એક્સપ્રેસ બસોમાં ઓનલાઈન રિઝર્વેશન 81 ટકા થઈ ગયુ છે. એડવાન્સ બુકિંગમાં મોટાભાગે બસો હાઉસફૂલ થઈ જતા મુસાફરોને ખાનગી બસોનો સહારો લેવો પડી રહ્યો છે. જો કે, એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા 100 જેટલી બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ વધારાની બસોમાં ભાડું સવાગણું વસૂલવામાં આવે છે. હાલ રાજકોટથી અમદાવાદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, સુરત, ભાવનગર, ભુજ સહિતની બસોમાં મુસાફરોની ભીડ વધુ જોવા મળી રહી છે. દિવાળીમાં રાજકોટ એસટી ડિવિઝનની દૈનિક આવક પણ રૂ.55 લાખથી વધી રૂ.65 લાખ સુધી પહોંચી ગઈ છે.

રાજકોટ એસટીના વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું હતું કે, દિવાળીના અનુલક્ષીને એક્સ્ટ્રા બસોનું સંચાલન શરૂ કરી દેવામાં આવેલું છે. રાજકોટ વિભાગમાંથી જ 67 જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન શરૂ થઈ ગયું છે. રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર અને ગોંડલથી અમદાવાદ, દાહોદ, પંચમહાલ અને વડોદરા સહિતના જિલ્લાઓમાં જવા માટે એક્સ્ટ્રા બસો દોડી રહી છે. મુસાફરોનો ધસારો વધુ છે ત્યાં એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવી રહ્યું છે. એક્સપ્રેસ બસોમાં ઓનલાઈન બુકિંગ 80 થી 90 ટકા જેટલું થઈ ગયું છે. જે મોટાભાગે હાઉસફૂલ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, એસટીની એક્સપ્રેસ બસોમાં એડવાન્સ બુકિંગમાં 30 ટકા જેટલો વધારો થયો છે. રાજકોટ એસટી વિભાગની દૈનિક આવક સામાન્ય દિવસોમાં રૂ. 50થી 55 લાખ જેટલી રહેતી હોય છે. પરંતુ તે રૂ. 65 લાખ સુધી પહોંચી ગઈ છે. આ રીતે દૈનિક આવકમાં પણ રૂ. 10 લાખ જેટલો વધારો થયો છે. તેમણે ઉમેર્યું કે, હાલ વિદ્યાર્થીઓનું વેકેશન હોવાથી તેઓની એસટી બસોમાં સફર બંધ થઈ ગઈ છે. જેથી હાલ અમદાવાદ અને દાહોદ તેમજ પંચમહાલ તરફ મુસાફરોનો ધસારો સૌથી વધુ જોવા મળે છે. કારણ કે, ત્યાંથી અહીં રોજગારી માટે આવતા લોકો દિવાળીમાં પોતાના વતન પરત ફરે છે.

આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, હાલ વોલ્વો બસો પણ હાઉસફૂલ જોવા મળી રહી છે. હાલ રાજકોટ અને મોરબીથી નાથદ્વારાની બસમાં વધુ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત સોમનાથ અને ઉના તરફની બસોમાં મુસાફરોની ભીડ જોવા મળી રહી છે. રિપ્લેસમેન્ટ તરીકે રાજકોટ એસટી ડિવિઝનને જે નવી 10 વોલ્વો બસો મળી છે તે હાલ રાજકોટથી અમદાવાદ અને વડોદરાના રૂટ ઉપર દોડાવવામાં આવી રહી છે. જ્યારે મુસાફર જીજ્ઞેશ કનોજિયાએ જણાવ્યું હતું કે, હું અમદાવાદમાં રહું છું અને માર્કેટિંગનો બિઝનેસ કરું છું. હું દર વખતે જીએસઆરટીસી એટલે કે, એસટી બસમાં જ ટ્રાવેલિંગ કરું છું. કારણ કે, ખાનગી બસોની તુલનામાં જીએસઆરટીસી વધુ સુરક્ષિત છે એવું હું માનું છું. ખાનગી બસો મુસાફરોને બેસાડવા માટે અનેક જગ્યાએ ઉભી રહે છે પરંતુ એસટીની વોલ્વો બસમાં સ્ટોપ ખૂબ ઓછા હોય છે.

**ન્યૂઝ કોર્નર**

### બનાસકાંઠા SOGએ સવા કિલો ગાંજા સાથે બે ઝડપ્યા

બનાસકાંઠા | sog ને મળતી બાતમી આધારે ભાગળથી જગાણા તરફ આવતા એક રિક્ષામાં પોલીસે તપાસ કરતા રિક્ષામાંથી 1260 ગ્રામ જેટલો માદક પદાર્થ ગાંજો મળી આવતા પોલીસે બે ઈસમો ની અટકાયત કરી પાલનપુર તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસ સ્ટાફ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ભાગળ થી જગાણા તરફ આવતાં હાઈવે રોડ થી ભાગળ તરફથી બે ઈસમો મોહસીન સલાટ અને અન્ય એક ઈસમ રાજકુમાર ઉર્ફે રાજુ બારોટની ઈસમ રીક્ષા 1 કિલો 260 ગ્રામ જેની કિંમત 12,600 તેમજ કુલ 2 લાખ 78 હજાર 190 કુલ નો મુદ્દામાલ કબ્જે લઇ તપાસ અર્થે કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી ને લઇ પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વાંકાનેરમાં હડકવા ઉપડતા યુવાન સારવાર હેઠળ

મોરબી | મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે રાત્રિના દસેક વાગ્યાના અરસામાં એક દર્દીને હાથે પગે દોરડા બાંધીને લઈને આવ્યા હતા. જેથી કરીને ડોક્ટર સહિતનાનો સ્ટાફ પણ આશ્ચર્યચકિત થઈ ગયો હતો અને ત્યાર બાદ તેઓને જાણવા મળ્યું હતું કે, જે દર્દીને લઈને સારવાર માટે આવ્યા છે તે દર્દીને હડકવા ઉપડ્યો છે જેથી તે યુવાનને તેના જ પરિવારજનો સહિતના ગ્રામજનો દ્વારા બાંધી દેવામાં આવેલ છે. ત્યાર બાદ ડોક્ટર દ્વારા આ દર્દીની જરૂરી સારવાર શરૂ કરવામાં આવી હતી. સામાન્ય રીતે કૂતરું બચકુ ભરે ત્યારબાદ જરૂરી ઈન્જેક્શન કે સારવાર લેવામાં આવે તો ત્યાર બાદ હડકવા ઉપડવાની શક્યતાઓ નહીવત થઈ જતી હોય છે, પરંતુ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા યુવાનને ત્રણેક દિવસ પહેલા હડકાયા કુતરાએ બચકું ભરી લીધુ હતું અને યુવાને જરૂરી સારવાર લીધી ન હતી.

## જિલ્લા યુવા ભાજપ-પ્રમુખ અને માછીમારો વચ્ચે જાફરાબાદ જેટી પર બબાલ; ચેતન શિયાળનો રિવોલ્વર સાથે વીડિયો વાઈરલ

# MLA હીરા સોલંકીના જમાઈ પર કુહાડીથી હુમલો

**અમરેલી | રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીના જમાઈ અને અમરેલી જિલ્લા યુવા ભાજપના પ્રમુખ ચેતન શિયાળ પર કુહાડી વડે હુમલો કરાતા ચકચાર મચી છે. ચેતન શિયાળને ગંભીર ઈજા થતાં સારવાર માટે ભાવનગર ખસેડાયા છે. જાફરાબાદ જેટીમાં રસ્તા પર વાહનો આડાં રાખી દેવા બાબતે માછીમારો સાથે બોલાચાલી થયા બાદ ઝઘડો થયો હોવાનું સામે આવ્યું છે. આ મારામારીનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં ચેતન શિયાળના હાથમાં પણ રિવોલ્વર જોવા મળી રહી છે. આ વીડિયો અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે ચેતન શિયાળના પિતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે બે સિવાય તમામ આરોપીને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.**

**જાફરાબાદ બંદરની ટી ટાઈપ જેટી પર ફરિયાદી ચંદ્રકાંતભાઈ શિયાળ અને અન્ય સાહેદો માછીમારી કરી પરત આવી રહ્યા હતા. જેથી માછલી ખાલી કરવા ચંદ્રકાંતભાઈ અને અન્ય સાહેદો જેટી પર જઈ રહ્યા હતા. ત્યારે આ કામના આરોપી યશવંત બારૈયાનું બરફ ભરેલું ટ્રેક્ટર રસ્તામાં આડુ પડ્યું હતું. જે સાઈડમાં રાખવા માટે ચંદ્રકાંતભાઈએ કહેતા યશવંત બારૈયા સહિતના આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ચંદ્રકાંતભાઈ સાથે બોલાચાલી શરૂ કરી હતી.**



### ચેતન શિયાળને ગંભીર ઇજા થતાં ભાવનગર સારવાર માટે ખસેડાયા

જાફરાબાદની ટી જેટી પર હુમલાના બનાવમાં ચેતન શિયાળને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર માટે ભાવનગરમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. બનાવના પગલે અમરેલી ભાજપના નેતાઓ રાત્રિના સમયે જ ભાવનગર હોસ્પિટલ પર દોડી ગયા હતા.

જાફરાબાદની ટી જેટી પર બનેલી આ ઘટના મામલે ચેતન શિયાળના પિતા ચંદ્રકાંત શિયાળ દ્વારા યશવંત નારણભાઈ બારૈયા, સિદ્ધાર્થ બારૈયા, સંજય બારૈયા, બોટનો દિઢીયો (ટંડેલ), ટ્રેક્ટરનો ડ્રાઈવર, 'જયશ્રી તાત્કાલિક' નામની બોટના ખલાસી સામે જીવલેણ હુમલો અને લૂંટની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાફરાબાદ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



### વાહન સાઈડમાં રાખવા બાબતે ઝઘડો થયા બાદ હુમલો

જાફરાબાદ બંદરની ટી ટાઈપ જેટી પર ફરિયાદી ચંદ્રકાંતભાઈ શિયાળ અને અન્ય સાહેદો માછીમારી કરી પરત આવી રહ્યા હતા. જેથી માછલી ખાલી કરવા ચંદ્રકાંતભાઈ અને અન્ય સાહેદો જેટી પર જઈ રહ્યા હતા. ત્યારે આ કામના આરોપી યશવંત બારૈયાનું બરફ ભરેલું ટ્રેક્ટર રસ્તામાં આડું પડ્યું હતું. જે સાઈડમાં રાખવા માટે ચંદ્રકાંતભાઈએ કહેતા યશવંત બારૈયા સહિતના આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ચંદ્રકાંતભાઈ સાથે બોલાચાલી શરૂ કરી હતી. જેથી ચંદ્રકાંતભાઈના પુત્ર ચેતનભાઈ શિયાળને જાણ કરતા તેઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જેને ઘટનાસ્થળે જોઈ આરોપીઓ ઉશ્કેરાયા હતા અને તેના પર કુહાડીથી જીવલેણ હુમલો કરી સોનાના ચેઈનની લૂંટ ચલાવી હતી.

**ચેતન શિયાળનો રિવોલ્વર સાથેનો વીડિયો વાઈરલ:** જાફરાબાદમાં ટી જેટી પર ચેતન શિયાળ પર હુમલાના બનાવ બાદ ચેતન શિયાળના હાથમાં રિવોલ્વર સાથેના વાઈરલ થયેલા વીડિયો બાબતે પોલીસે કહ્યું કે, આ વીડિયો અમારા ધ્યાનમાં પણ આવ્યો છે જેની તપાસ જાફરાબાદ પોલીસ કરી રહી છે. રાજુલાના ધારાસભ્ય અને ચેતન શિયાળના સસરા હીરાભાઈ સોલંકી રાત્રિના સમયે જ ભાવનગર હોસ્પિટલ પર પહોંચ્યા હતા. હીરા સોલંકીએ કહ્યું હતું કે, જાફરાબાદ ખાતે ચેતન શિયાળ પર જીવલેણ હુમલો થયો છે. અત્યારે ભાવનગર લઈને આવ્યા છીએ. એસપી સાહેબ સાથે, જાફરાબાદ પીઆઈને આ બાબત ધ્યાન પર મૂકી છે. કાયદો કાયદાની રીતે કામ કરશે, તેના પર અમને સંપૂર્ણ વિશ્વાસ છે. આવાં તત્ત્વોને સરકાર હંમેશાં ગંભીરતાથી લેતી હોય છે. અગાઉ પણ આવા હુમલા થયા છે તે પોલીસના ધ્યાન પરમ મૂક્યું છે.

## એક્સપ્રેસ હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત, એકનું મોત થયું

(એજન્સી) આણંદ | તા. 30

આણંદ તાલુકાના સામરખા નજીક એક્સપ્રેસ હાઈવે પર ઉભેલી કારની પાછળ ટ્રક ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર પિતા-પુત્રીને ઈજા પહોંચી હતી. જે પૈકી પિતાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ અંગે આણંદ રૂરલ પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બોરસદ તાલુકાના કસુંબાડ ગામમાં આવેલ પોસ્ટ ઓફિસવાળા ફળીયામાં રહેતાં શિલ્પાબેન મદનસિંહ ગોહીલ અને તેમના પિતા નરવતસિંહ સોમસિંહ રાઠોડ ગતરોજ રાત્રીના સમયે અમદાવાદ જવા માટે સામરખા એક્સપ્રેસ હાઈવેના ગરનાળા નીચે આવ્યાં હતાં અને વાહનની રાહ જોઈને ઉભા હતાં. દરમિયાન ફોરવ્હીલ ગાડી નંબર GJ 06 ED 9464 આવીને તેમની પાસે ઉભી રહી હતી. જેથી શિલ્પાબેન અને તેમના પિતા આ ગાડીમાં બેઠાં હતાં. તે વખતે માર્ગ પર પાછળથી પુરપાટ ઝડપે આવતી ટ્રક નંબર MH 04 LE 9950 ધડાકાભેર આ ગાડીની પાછળ ભટકાઈ હતી. આ અકસ્માતમાં શિલ્પાબેન તેમજ અન્ય એક મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

## વડોદરા સહિત દેશભરના વિવિધ એરપોર્ટ પર 40 ફ્લાઈટમાં બોમ્બ મુકાયાની ધમકીથી પોલીસ દોડતી થઇ, 25 દિવસમાં બીજી વાર ધમકી

(એજન્સી) વડોદરા । તા. 30

દિવાળી પર્વ પહેલાં ગઈકાલે સાંજે વડોદરા એરપોર્ટ પર ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી મળી હતી. જેને પગલે એરપોર્ટ ઓથોરિટી, વડોદરા પોલીસ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. ઈન્ડિગો ફ્લાઈટ અને એરપોર્ટ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. જોકે, સદનસીબે બોમ્બ કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.

વડોદરા એરપોર્ટ પર છેલ્લા 25 દિવસમાં બીજી વખત ધમકી બોમ્બની ધમકી મળી છે. ગઈકાલે સાંજે વડોદરા એરપોર્ટ પર ઈન્ડિગો ફ્લાઈટ નંબર 807માં બોમ્બ મુકાયો હોવાની ધમકી મળી હતી. ઈન્ડિગો એરલાઈન્સને ઈમેલમાં ધમકી મળી હતી કે, ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ મૂકવામાં આવ્યો છે. તેની સાથે સાથે દેશના વિવિધ એરપોર્ટ પર 35થી 40 જેટલી ફ્લાઈટમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી મળી હતી. જેને પગલે વડોદરા પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓએ બોમ્બ અને ડોગ સ્કવોડની મદદથી ચેકિંગ શરૂ કર્યું હતું. જોકે, તપાસની અંતે કશું મળ્યું ન હતું જેથી પોલીસે અને એરપોર્ટ હાશકારો અનુભવ્યો હતો.

આ સમગ્ર મામલે પોલીસ અને CISFની ટીમ દ્વારા ઈનર અને આઉટર ચેકિંગ કરવામાં આવ્યું હતું. તાત્કાલિક એરપોર્ટ એથોરિટીની મિટિંગ બોલાવવામાં આવી જેમાં SOG, DCP, ક્રાઈમ બ્રાન્ચ, સેન્ટ્રલ આઈબી, લોકલ આઈબી અને લોકલ પોલીસ જોડાયેલા હતા. આખરે આ ઘટના અંગેનો ગુનો હરણી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઈમેલ અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવ્યો છે, જેની હાલ ગંભીરતાપૂર્વક તપાસ ચાલુ છે.

વડોદરા એરપોર્ટ ડાયરેક્ટર પ્રદીપ ડોબરીયાએ જણાવ્યું હતું કે, ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ મુકાયાની ધમકી મળી હતી. અમે જેથી તુરંત જ અમે એલર્ટ થઈ ગયા હતા અને પોલીસ સહિતની એજન્સીઓને જાણ કરી હતી, અને એરપોર્ટ અને ફ્લાઈટમાં તપાસ કરવામાં આવી હતી, જોકે, તપાસ કરતા કશું મળ્યું હતું.

અગાઉ 25 દિવસ પહેલાં પણ વડોદરા એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં CISFના ઈમેલ એડ્રેસ પર ગર્ભિત ધમકી ભર્યો મેસેજ આવતા એરપોર્ટ ઓથોરિટી, પોલીસ સહિતની વિવિધ ટીમો એક્શનમાં આવી ગઈ હતી. ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બોમ્બ અને ડોગ-સ્ક્વોડ દ્વારા ટર્મિનલ વિસ્તારમાં ચેકિંગ કરાયું હતું, પરંતુ કોઈ શંકાસ્પદ પદાર્થ કે વસ્તુ મળી આવી નહોતી.

મહત્ત્વની બાબત છે કે, અગાઉ 5 મહિના પહેલાં વડોદરા હરણી એરપોર્ટને ઈમેલ દ્વારા ધમકી મળી ચૂકી છે અને ત્યારે પણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. ત્યારે ફરી એકવાર આ પ્રકારે ધમકી બાબતે પોલીસ ફરી એકવાર એક્શનમાં આવી છે. હરણી એરપોર્ટ ખાતે ઈમેલ દ્વારા ગર્ભિત ધમકીભર્યો મેસેજ મળતાં પોલીસ એક્શનમાં આવી ગઈ છે, ઈમેલ કોના દ્વારા કરાયો હતો.

**બ્રેકિંગ ન્યૂઝ**

### નર્મદામૈયા બ્રિજ પરથી મહિલાએ પડતું મૂક્યું

ભરૂચ | ભરૂચની નર્મદામૈયા બ્રિજ ઉપરથી એક મહિલા અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી હતી. જેમાં સ્થાનિક નાવિકોએ તેને જોઈ લેતા બચાવી લઈ કિનારે લઈ આવ્યા હતાં. જેની જાણ થતાં સામાજીક કાર્યકરે પોલીસને જાણ કરતા તેઓએ સ્થળ દોડી આવી તપાસ હાથ ધરી છે. ભરૂચમાં આવેલા નર્મદા મૈયા બ્રિજ જાણે સુસાઈડ પોઈન્ટ બન્યો હોય તેમ લાગી રહ્યું છે. આજ રોજ પણ કોઈ અગમ્ય કારણોસર એક મહિલાએ નર્મદા નદીમાં મોતની છલાંગ લગાવી હતી. આ સમયે ત્યાં નજીક નદીમાં માછીમારી કરી રહેલા પાણીના અવાજ સાથે જોયું તો એક મહિલા પાણીમાં ડૂબી રહી હતી.

### ભિલોડ ગામમાં મિત્રને મોતને ઘાટ ઉતારનાર ઝડપાયો

ભરૂચ | ભિલોડ ગામમાં થયેલી હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે ભીલોડ ગામના સ્મશાન પાસે ઝાડીઓમાં સંતાયેલા આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના વિરુધ્ધ હત્યાનો ગુનો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તારીખ-26મી ઓક્ટોબરના રોજ વાલિયા તાલુકાના ભિલોડ ગામના મંદિરમાં રહેતા બુધિયા ઈશ્વર વસાવા અને સોમા વસાવા બંને મિત્રો વચ્ચે અગમ્ય કારણોસર ઝઘડો થતા આવશેમાં આવી ગયેલા સોમા વસાવાએ મિત્ર બુધિયા વસાવાને પગના ભાગે ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા હતા.

## ભરૂચના અંબીકાનગરમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો, લોકો જાગી જતાં તસ્કરોમાં દોડધામ મચી...

(એજન્સી) ભરૂચ | તા. 30

ભરૂચના અંબિકાનગરમાં સોસાયટીમાં ગતરોજ તસ્કરો ત્રાટક્યા હતા. સદનસીબે મકાન માલિક જાગી જતાં તસ્કરો મકાનની દીવાલ કૂદીને ભાગવામાં સફળ રહ્યા હતા. જોકે, એક તસ્કર ત્યાં રહેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

દિવાળીના તહેવારોમાં ઘણા લોકો પોતાના મકાનો બંધ કરીને પોતાના વતન અથવા ફરવા માટે બહાર ગામ જતા હોય છે. ત્યારે આ તકનો લાભ ઉઠાવી તસ્કરો બંધ મકાનોને નિશાન બનાવીને ચોરીને અંજામ આપતા હોય છે. ગતરોજ ભરૂચ શહેરના પાંજરાપોળ નજીક આવેલી અંબિકાનગર સોસાયટીમાં મંદિર નજીક આવેલા મકાનમાં રાત્રીના ત્રણથી ચાર તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો મકાનને નિશાન બનાવે તે પહેલા જ મકાન માલિક જાગી જતાં તસ્કરોમાં દોડધામ મચી ગઈ હતી. આ સમયે એક તસ્કર મકાનની દીવાલ કુદીને



ભાગવામાં સફળ થઈ ગયો હતો. પરંતુ ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ અંગે સોસાયટીના સ્થાનિક એ ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

## મકાનમાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ: લીમખેડાના બાર નળિયાવાળા મકાનમાં આગ લાગી, સદનસીબે જાનહાનિ ટળી

(એજન્સી) દાહોદ | તા. 30

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના બાર ગામે મોડી રાતે આકસ્મિક આગ લાગતા ઘરમા મુકેલો ઘરવખરીનો સરસામાન સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયો હતો.

લીમખેડા તાલુકાના બાર ગામે ગઈ કાલે મોડી રાતે આકસ્મિક મકાનમા આગ લાગવાની ઘટના બનવા પામી હતી, મકાન માલીક ભારતભાઈ નવલસીગ બારીયા ગઈ કાલે ફળીયામા સંબંધીના ઘરે ભજનનો કાર્યક્રમ હોય પરિવારના તમામ સભ્યો સાથે ગયેલ હતા, તે સમય દરમિયાન મકાનમા આકસ્મિક આગ લાગતા આસપાસ ના લોકો દોડી આવ્યા હતા, અને નજીકના આવેલા બોરની મોટર ચાલુ કરી આગ પર બુઝાવવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો, પરંતુ નળીયા વાળુ લાકડાનુ મકાન હોવાથી આગ આખા મકાનમા પ્રસરી ગઈ હતી, સ્થાનિકોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગની ઘટનામા ઘરમા મુકેલ રોકડ, રકમ સહિત ઘરવખરી સામાન બળીને ખાખ થઈ ગયો હતો, પશુઓ ઘરની બહાર બાંધેલા હોવાથી અને ઘરમા કોઈ વ્યક્તિ હાજર નહિ હોવાથી કોઈ જાનહાની થવા પામી ન હતી, ઘટનાની જાણ થતા તલાટી કમ મંત્રી ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને નુકસાનની સર્વે કરતા રૂપીયા 2,98,000/-નુ નુકસાન થવા પામ્યુ હતુ. નુકસાનીનો સર્વે કરી તલાટીએ સહાય ચુકવવા તાલુકા વિકાસ અધિકારીને રીપોર્ટ કર્યો હતો.



# ભાવનગરમાં સ્ટેટ જીએસટી કલેક્શન 1 હજાર કરોડને પાર

(એજન્સી) ભાવનગર | તા.30

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં ભાવનગર સ્ટેટ જીએસટીનું કલેક્શન રૂ.૧ હજાર કરોડને પાર થયું છે. ભાવનગર સ્ટેટ જીએસટીએ જુદાં-જુદાં ટેક્સ સ્વરૂપે એપ્રીલથી સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન રૂ.૧૦૩૩.૦૧ કરોડ સરકારી તિજોરીમાં ઠાલવ્યા છે. જેમાં સૌથી વધારે એપ્રીલ-૨૦૨૪માં તથા સૌથી ઓછું રૂ.૧૩૦.૭૫ કરોડનુ કલેક્શન થયું છે. કરચોરી કરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારાઓ સામે સ્ટેટ જીએસટી વિભાગ આગામી દિવસોમાં આક્રમક રહેશે.બોગસ બિલિંગમાં પંકાયેલું ભાવનગર ડિવિઝન જીએસટી કલેક્શન મામલે પણ સરકારની તિજોરીમાં ટેક્સ સ્વરૂપે નાણાં ઠાલવી રહ્યું છે. ભાવનગર સ્ટેટ જીએસટી વિભાગે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ બે ત્રિમાસિકગાળામાં એપ્રીલ થી સપ્ટેમ્બર દરમિયાન જુદાં-જુદાં ટેક્સ સ્વરૂપે કુલ રૂ.૧૦૩૩.૦૧ કરોડનું જીએસટી કલેક્શન કર્યું છે. જેમાં સૌથી વધારે એપ્રીલ-૨૦૨૪માં રૂ.૨૧૧.૭ કરોડ તથા સૌથી ઓછું સપ્ટેમ્બર-૨૦૨૪માં ૧૩૦.૭૫ કરોડનું જીએસટી કલેક્શન થયું છે. એકંદરે સરખામણી કરીએ તો જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં સ્ટેટ જીએસટી કલેક્શનમાં ઘટાડો થયો છે પરંતુ આગામી દિવસોમાં ટેક્સની ચોરી કરી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારા સામે વિભાગ આક્રમક રહેશે. જ્યારે વર્ષ-૨૦૨૪માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીના ૯ માસના સમયગાળામાં રૂ.૧૭૦૧.૮૧ કરોડનું સ્ટેટ જીએસટી કલેક્શન થયું છે.

## ન્યુઝ ફ્લેશ

### પિતાને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારનાર પુત્રને જેલ હવાલે કરાયો

ભાવનગર : ઈન્દિરાનગરમાં રહેતા પ્રૌઢ ભંગારની ફેરી કરી ઘરે આવ્યા ત્યારે પુત્રએ વાપરવા માટે પૈસાની માંગણી કરી હતી.પોલીસે હત્યારા પુત્રને ઝડપી લઇ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.આ બનાવની જાણવા મળતી વિગત મુજબ શહેરના ઈન્દિરાનગર નવી નિશાળ સામે વણઝારાની શેરીમાં રહેતા ઈસ્માઈલભાઈ છદુભાઈ કુરેશી ( ઉં.વ ૬૬ ) ગઈ તા.૨૩ ઓકટોબર ૨૦૨૪ રોજ ભંગારની ફેરી કરી પરત ઘરે આવ્યા ત્યારે ઈસ્માઈલભાઈનો દીકરો ફજલભાઈ ઉર્ફે ગફાર ઈસ્માઈલભાઈ કુરેશીએ આવીને કહેલ કે મને વાપરવા માટે પૈસા આપો જેથી પિતાની પાસે પૈસા ન હોવા ને કારણે પૈસા આપવાની ના પાડી હતી.

### સસ્તામાં ડોલરની લાલચ આપી રૂપિયા 1.50 લાખની છેતરપિંડી

નડિયાદ : નડિયાદના બ્રોકરની ઓળખ આપી નિવૃત્ત ઈજનેરને નડિયાદ ખેતા તળાવ ઉપર બોલાવી રૂ.૭,૯૦૦માં ૧૦૦ ડોલર આપ્યા હતા. ત્યાર પછી તા.૨૬/૧૦/૨૪ના રોજ રાજેશભાઈ વ્યાસને નડિયાદથી ડાકોર તરફના રોડ પર બોલાવી જોગીભાઈએ મોબાઈલ પર જણાવેલું કે, મારો માણસ તમને ડોલર આપવા આવે છે. ત્યારે રાજેશભાઈ વ્યાસ મોબાઈલ પર વાતચીત કરતા હતા ત્યારે આવેલો અજાણ્યો ઈસમ ગાડીમાં બેઠેલા રાજેશભાઈ વ્યાસના ખોળામાંથી રૂ.૧,૫૫,૦૦૦ની રોકડ ભરેલી થેલી આંચકી ફરાર થઈ ગયો હતો. આમ નડિયાદના જોગીભાઈ બ્રોકર તરીકેની ઓળખ આપી ગઠીયાએ નિવૃત્ત એન્જિનિયર સાથે છેતરપિંડી કરી હતી.

### તહેવાર ટાણે આણંદ જિલ્લામાં વધારાની એસટી બસો દોડાવાઈ

આણંદ : દિવાળીના તહેવારમાં લોકો પોતાના વતનની વાટ પકડતા હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી તહેવાર સમયે બહાર ફરવા જવાનું ચલણ પણ વધ્યું છે. પરિણામે તહેવારોના સમયે જાહેર પરિવહનમાં ભારે ભીડ જામતી હોય છે. જેને ધ્યાને લઈ આણંદ જિલ્લામાં એસટી ડેપો દ્વારા સુરત, દાહોદ, અમદાવાદ, વડોદરા સહિતના રૂટની વધારાની બસો મૂકવામાં આવી છે. દિવાળી વેકેશન અને ખરીદીને કારણે આણંદ જિલ્લાના વિવિધ એસટી બસ મથકોએ મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો છે. જેથી આણંદ ડેપો દ્વારા દૈનિક જરૂરિયાત મુજબ સુરત, દાહોદ, ઝાલોદ, અમદાવાદ, વડોદરાની વધારાની બસો મુકવામાં આવી છે. તેમજ બોરસદ, પેટલાદ, ખંભાત, ઉમરેઠ સબ ડેપોમાંથી પણ જરૂરિયાત મુજબ વધારાની બસોનું આયોજન કરાઈ રહ્યું છે. આણંદ એસટી ડેપોના ટ્રાફિક ઈન્સપેક્ટર અજયભાઈએ જણાવ્યું હતું કે, હાલ વેકેશન દરમિયાન જે પણ ટ્રીપ બંધ હતી, તે તમામ ચાલુ કરી દેવામાં આવી છે.

## સરસ્વતિ સાધના સાયકલ સહાય યોજનાની વાતો કાગળ પર

# અર્ધું સત્ર પૂર્ણ થવા છતાં ધો.9 ની છાત્રાઓને એકપણ સાઈકલ મળી નથી

(એજન્સી) ભાવનગર | તા.30



**ગત વર્ષની બાકી રહેલી 1052 આવી પણ હજુ 9198 સાયકલ સહાય ચુકવવાની બાકી**

સરકાર દ્વારા ધો.૯ની વિદ્યાર્થીનીઓ માટે સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના અમલમાં મુકી છે જેનો કોન્ટ્રાક્ટ પણ સરકારી એજન્સીને જ અપાયો છે તેમ છતાં ચાલુ વર્ષે અડધું સત્ર પૂર્ણ થયું હોવા છતાં જિલ્લામાં આ વર્ષની એકપણ સાયકલ સહાય ચુકવાઈ નથી. જ્યારે તાજેતરમાં આવેલ ૧૦૫૨ સાયકલ પણ ગત વર્ષની બાકીની અપાઇ છે.

શાળામાં અભ્યાસ અર્થે પરિવહન સરળ બનાવવા સરકાર દ્વારા ધો.૯ની વિદ્યાર્થીનીઓ માટે સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના અમલી કરાઈ છે જે અંતર્ગત વિવિધ સરકારી ગ્રાન્ટેડ શાળામાંથી નિયત નિયમાનુસાર ડીમાન્ડ મંગાવવામાં આવે છે. જે અનુસાર ચાલુ વર્ષે કુલ ૯૧૯૮ની ડિમાન્ડ વિવિધ શાળાઓમાંથી આવી હતી અને એપ્રુવ પણ થવા પામી છે. જ્યારે આ સંપૂર્ણ વિગતો વડી કચેરીને અપાઇ છે જે નિયમાનુસાર ગ્રીમકી કંપની ટેન્ડરીંગ કરી ફાઈનલ ચેકિંગ કરી સાયકલ વિતરણ કરતી હોય છે. પરંતુ નવું શૈક્ષણિક પ્રથમ સત્ર પૂર્ણ થયું. પ્રથમ સત્રાંત પરીક્ષા લેવાઈ ચુકી છે અને હાલ દિવાળી વેકેશન પડી ગયું છે છતાં આજ સુધીમાં ચાલુ વર્ષની ૯૧૯૮ સાયકલની ડિમાન્ડ સામે એક સાયકલ પણ ફાળવાઈ ન હોવાનું જણાયું છે. જ્યારે મળતી વિગતો મુજબ તાજેતરમાં બે તબક્કામાં ૧૦૫૨ સાયકલો આપી છે પણ તે ગત વર્ષની બાકી રહેલી હોવાનું જણાયું છે. આમ ડિમાન્ડ અને સાયકલ ફાળવણી વચ્ચે લાંબો સમયગાળો વિતી જતો હોય લાભાર્થીને એક વર્ષ સુધી સાયકલની રાહ જોવી પડે છે. સંલગ્ન એજન્સી દ્વારા પણ સાયકલ ફાળવણી પ્રક્રિયામાં ઢીલાશ રખાતી હોવાનું સામે આવ્યું છે. ત્યારે અરજદારો સાયકલ મેળવવા સ્કૂલના આચાર્યને તેમજ કચેરીએ પુછપરછ માટે ધક્કા ખાઈ રહ્યા છે જેને લઈ ડિમાન્ડના વધીને બે માસમાં સાયકલ વિતરણ કાર્ય શરૂ થાય તો ધો.૯માં જ વિદ્યાર્થીને સાયકલનો અને શાળાએ આવન-જાવનમાં રાહત આપવાનો ઉદ્દેશ્ય ફળીભૂત થાય અન્યથા યોજના માત્ર વાહવાહી લૂંટવા માટે જ બની રહેશે.

### વીજ કર્મીઓને ધમકી આપી ફરજમાં રૂકાવટ કરનાર શખ્સને 2 વર્ષની કેદ

રાજુલા : રાજુલા તાલુકાના મોટા ખેરાળી ગામના શખ્સે વીજ ચેકીંગ કરવા આવેલા કર્મચારીઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યા અંગેની પોલીસ ફરિયાદમાં કોર્ટે મોટી ખેરાળી ગામના શખ્સને બે વર્ષ કેદની સજા ઉપરાંત રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર રાજુલાના મોટી ખેરાળીથી બબેટાણા જવાના રસ્તા પર જમણી બાજુ રોડ નજીક આવેલ બાલુભાઈ જાજડાની વાડીમાં ત્રણેક વર્ષ પૂર્વે પીજીવીસીએલની ટીમ વીજ ચેકીંગની કામગીરી માટે ગઈ હતી. ત્યારે ભગુ ભૂપતભાઈ જાજડા નામના શખ્સે બાઈક પર આવી વીજ અધિકારી નિકુંજભાઈ ભીખાભાઈ ચાવડા અને અન્ય કર્મચારીઓ સાથે બોલાચાલી-ઝપાઝપી કરી ગાળો દઈ લાકડી લઈ મારવા દોડયો હતો. ત્યારબાદ શખ્સે વીજ ટીમને જાનથી મારી નાંખવા તેમજ પીજીવીસીએલના કોઈપણ માણસો અહીં આવશે તો તેમના ટાંટિયા ભાંગી નાંખીશ તેવી ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. આ બનાવ અંગે નિકુંજભાઈ ચાવડાએ શખ્સ સામે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શખ્સની ધરપકડ કરી તપાસના અંતે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

## વરિષ્ઠ નાગરિકો, તબીબી જરૂરિયાત ધરાવતા લોકોને પ્રતિબંધમાંથી મુક્તિ

# ભાવનગર ટર્મિનસ, બોટાદ સહિત 5 સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટ પર પ્રતિબંધ




(એજન્સી) ભાવનગર | તા.30

ભાવનગર ટર્મિનસ, બોટાદ, પોરબંદર, વેરાવળ, જૂનાગઢ સહિત પાંચ સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટનું આગામી તા. ૫ નવેમ્બર સુધી વેંચાણ નહીં કરવા રેલવે પ્રશાસન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા જણાવાયું હતું કે, આગામી તહેવારોની મોસમ દરમિયાન બહેતર ક્રાઉડ મેનેજમેન્ટના ભાગરૂપે, ભાવનગર રેલવે ડિવિઝનના પોરબંદર, વેરાવળ, જૂનાગઢ, બોટાદ અને ભાવનગર ટમનસ સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેંચાણ પર તાત્કાલિક અસરથી આજે તા. ૨૯ ઓક્ટોબરને મંગળવારથી તા. ૫ નવેમ્બર સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય પ્લેટફોર્મ પર ભીડને નિયંત્રિત કરવાનો અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવાનો છે. દિવાળીના તહેવાર અને છઠ પૂજા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટના વેંચાણ પરનો પ્રતિબંધ તા. ૨૯ ઓક્ટોબરથી તા. ૫ નવેમ્બર સુધી અમલમાં રહેશે.

મુસાફરીને સરળ બનાવવા માટે વરિષ્ઠ નાગરિકો અને તબીબી જરૂરિયાતો ધરાવતા લોકોને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમ રેલવે પ્રશાસન દ્વારા જણાવાયું હતું.



### આણંદ અને ખેડા જિલ્લામાં ધનતેરસે અંદાજે રૂપિયા 16 કરોડના સોના-ચાંદીની ખરીદી

(એજન્સી) આણંદ,નડિયાદ | તા.30

જિલ્લાવાસીઓએ લક્ષ્મીજી, ધનવન્તરી ભગવાનની પૂજા કરી હતી. ચાલુ વર્ષે સોનાનો ભાવ આસમાને રહ્યો હોવા છતાં બંને જિલ્લામાં લોકોએ અંદાજે રૂ.૧૬ કરોડના સોના-ચાંદીની ખરીદી કરી હતી. તેમજ સારા મુહૂર્તમાં ઘરે જૂના ચલણી સિક્કાથી માંડી સોના-ચાંદીમાં વધારો કરી પૂજા-અર્ચના કરાઈ હતી.આણંદ અને ખેડા જિલ્લામાં સવારથી જ લોકો સોનીની દુકાનોએ પહોંચ્યા હતા અને ભાવ ઉંચો હોવા છતાં યથાશક્તિ ખરીદી કરી હતી. આણંદ જિલ્લામાં ધનતેરસ પર્વે અંદાજે રૂ.૭થી ૮ કરોડનો સોનાનો અને રૂ.૧થી દોઢ કરોડ ચાંદીનો વેપાર થયો હોવાનું વેપારીઓ જણાવી રહ્યાં છે. જ્યારે ખેડા જિલ્લામાં પણ રૂ. ૭થી ૮ કરોડના સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરવામાં આવી હતી.તેમજ ધનતેરસ પર્વે લોકોએ મહાલક્ષ્મી માતાની પૂજા-અર્ચના કરી હતી. ભારતીય સંસ્કૃતિમાં દેવતાઓએ અમૃત પ્રાપ્તિ માટે કરેલા સમુદ્ર મંથનના ફળ સ્વરૂપે પ્રગટેલા મહાલક્ષ્મી મોક્ષદાતા છે.



### ધનતેરસ પર્વે કમળના ફૂલ અને ગલગોટાનું વેચાણ વધ્યું

(એજન્સી) આણંદ | તા.30

આણંદ જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે ધનતેરસ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. લોકોએ ઘરે તથા વેપારીઓએ દુકાને લક્ષ્મીજીનું પૂજન કર્યું હતું. લક્ષ્મીજીની પૂજામાં કમળના ફૂલનું વિશેષ મહત્વ હોવાથી લોકો કમળની ખરીદી માટે બજારમાં ઉમટયાં હતાં. તેમજ ધનતેરસે ખરીદેલી સાવરણીની પૂજા કરી સફાઈ કરવાથી ઘરમાં લક્ષ્મીજીનો વાસ રહેતો હોવાની માન્યતા હોવાથી લોકોએ મોટા પ્રમાણમાં સાવરણીની ખરીદી કરી હતી. ધનતેરસ પર્વ એટલે લક્ષ્મીપૂજનનો દિવસ, કમળના ફૂલ વિના લક્ષ્મી પૂજન અધુરું રહેતું હોવાની માન્યતા છે. પરિણામે ધનતેરસ પૂર્વે આણંદની બજારોમાં લાલ અને સફેદ કમળનું વેચાણ વધ્યું છે. જિલ્લામાં પ્રતિ ફૂલ રૂ.૪૦ થી ૮૦ રૂપિયાનું વેચાણ કરાયું હતું. કમળની સાથે હજારી ગલગોટાના ફૂલોની માંગ પણ વધી હતી. બજારમાં રૂ.૪૦થી ૧૦૦ સુધીના ગલગોટાના હાર વેચાયા હતા.



### પેટલાદમાં પ્લોટ નહીં ખાલી કરતા 3 વિરૂદ્ધ લેન્ડગ્રેબિંગની ફરિયાદ

(એજન્સી) આણંદ | તા.30

પેટલાદમાં ૧૩૪.૧૪ ચો.મી.ના પ્લોટ પર ઓરડી બનાવીને રહેતી મહિલા સહિત ત્રણ શખ્સોએ જમીનનો કબજો ખાલી નહીં કરીને જમીન માલિકને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે કલેક્ટરના હુકમથી ત્રણેય શખ્સો વિરૂદ્ધ પેટલાદ ટાઉન પોલીસ મથકે લેન્ડગ્રેબિંગનો ગુનો દાખલ કરાયો છે. પેટલાદના ટાઉનહોલ રોડ પરની પ્રતાપનગર સોસાયટીમાં રહેતા અને ખેતી કરતા રૂષભકુમાર દિનેશભાઈ પટેલ (ઉં.વ.૩૮) અને તેમના બનેવી હિતેષભાઈ કનુભાઈ પટેલ (રહે. પેટલાદ, લીંમડી ફળિયું, કસ્બામાં)એ પેટલાદ સિટી સર્વે નં. ૧૩/એ/૪ શીટ નં.૪૫ પૈકીની ૧૩૪.૧૪ ચો.મી.ની જમીનનો પ્લોટ ૨૦૨૨માં જમીનના મૂળ માલિક અનિલભાઈ રમેશભાઈ પટેલ તથા અન્ય હકદારો પાસેથી રૂા. ૪ લાખમાં વેચાણ રાખ્યો હતો. પ્લોટનો દસ્તાવેજ નં. ૧૯૭૫ તા. ૧૪-૧-૨૦૨૨થી તેમના અને તેમના બનેવીના નામે રેકર્ડ ઉપર આવેલો છે.




### ધનતેરસના દિવસે ભુજની બેન્ક ઓફ બરોડામાં આગના કારણે નુકશાન

(એજન્સી) ભુજ | તા.30

તહેવારોની મૌસમની શરૂઆતના દિવસે જ ભુજના લાલ ટેકરી વિસ્તારમાં આવેલી બેન્ક ઓફ બરોડામાં ગત મોડી રાત્રે આગ લાગવાની ઘટના ઘટી હતી. ધનતેરસના સપરમાં દિવસે જ સવારે આગ લાગવાની જાણ ભુજના ફાયર સ્ટેશનને કરવામાં આવી હતી. જો કે બેન્ક બંધ હોવાના કારણે કોઈ જાનહાની થઈ નથી. ધનતેરસના સપરમાં દિવસે ભુજની લાલટેકરીમાં આવેલી બેન્ક ઓફ બરોડા શાખામાં આગ લાગવાની ઘટના બની હતી. સવારે ૯ સાડાનવ વચ્ચે ભુજના ફાયર સ્ટેશનને બેંક માંથી ધુમાડા નિકળતા હોવાની જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ આગને કાબુ કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. ભુજ ફાયર સ્ટેશનના યશપાલસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, અમે જ્યારે બેન્ક પરિસર નજીક પહોંચ્યા ત્યારે બેન્ક માંથી ધુમાડાના ગોટે ગોટા નિકળતા હતા.

## સસ્તા સોનાના નામે કોઈને પીતળ પકડાવા નીકળ્યો હતો

# નકલી સોનાના બિસ્કીટ સાથે રીઢો ચીટર ભુજથી ઝડપાયો

(એજન્સી) ભુજ | તા.30

હાલ સોનાનો ભાવ આસમાને છે. ત્યારે સસ્તા સોનાની લાલચમાં કચ્છની ચીટર ટોળકી દ્વારા કચ્છ ઉપરાંત ગુજરાત રાજ્ય અને બહારના લોકોને નકલી સોનું પકડાવીને લોખોની ઠગાઈ કરી હોવાના કિસ્સાઓ અનેક વખત સામે આવી ચુક્યા છે. ત્યારે ધનતેરસના આગલા દિવસે નકલી સોનાના બિસ્કીટ સાથે કોઈને છેતરવા માટે ચીટરોને નકલી બિસ્કીટ દેવા નીકળેલા માધાપરના ચીટરને પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ભુજમાં મોટાપીર દરગાહ પાસે પતળના ૧૬ બિસ્કીટ સાથે ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ભુજમાં સસ્તુ સોનું વેચવાના ઈરાદે નીકળેલા મુળ નખત્રાણાના કોટડા જડોદર ગામના હાલ માધાપર નવાવાસ કેવલ હોમ્સ ખાતે રહેતા અમિતકુમાર અમૃતલાલ સોની નામના ચીટરને પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડયો હતો. આરોપીના કબજાની સ્વીફ્ટ કારમાંથી પીતળ જેવી ધાતુના ૧૬ નંગ બિસ્કીટ મળી આવ્યા હતા. આરોપીના કબ્જામાંથી એક લાખની કાર પીતળ જેવા લાગતા ધાતુના ૧૬ બિસ્કીટ અને મોબાઈલ કબ્જે કરીને આરોપી વિરૂધ ભુજ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. આરોપી અમિતકુમાર સામે અગાઉ ભુજ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઠગાઈ અને પ્રોહિબીશનનો કેસ નોંધાયલ છે. તેમજ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીના ગુનો નોંધાયેલ છે. આ રીઢા આરોપી પાસેથી વધુ વિગતો ઓકાવવા પોલીસે તપાસ હાથ ધરી છે.

## લેબમાં બાયોકેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ અંતર્ગત નિદાન માટે ટેસ્ટ થાય છે

# સર ટી. હોસ્પિટલની સેન્ટ્રલ લેબોરેટરીમાં દૈનિક સરેરાશ 4 હજાર સેમ્પલનું ટેસ્ટિંગ

(એજન્સી) ભાવનગર | તા.30

ભાવનગરની સૌથી મોટી સર તખ્તસિંહજી હોસ્પિટલમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. સારવાર લેવા આવેલા દર્દીઓના લેબોરેટરીમાં અનેક રિપોર્ટ કરાવવાની જરૂરિયાત રહે છે. છેલ્લા ચાર મહિનાના આંકડાઓ પ્રમાણે હોસ્પિટલની સેન્ટ્રલ લેબોરેટરીમાં દરરોજ સરેરાશ ૪ હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવે છે. દર્દીઓના નિદાન માટે લેબની બાયોકેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગમાં બ્લડ, યુરિન, કરોડરજ્જૂનું પાણી, ગાંઠનો ટુકડાના સેમ્પલનું લેબમાં વિશ્લેષણ થાય છે. એક સામાન્ય દર્દીઓના સેમ્પલ કલેક્શન કરી સંપુર્ણ પરિક્ષણ પૂર્ણ કરી રિપોર્ટ તૈયાર કરતા ૪ કલાક જેટલો સમય લાગે છે. જિલ્લાની સૌથી મોટી સર ટી.હોસ્પિટલમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓ સારવાર લેવા માટે આવે છે અને સારવાર લેવા આવેલા દર્દીઓમાં ઘણાં દર્દીઓને લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવાની જરૂરિયાત રહે છે જેથી બિમારીનું સચોટ નિદાન થઈ શકે. સર ટી. હોસ્પિટલની સેન્ટ્રલ લેબોરેટરીમાં બાયોકેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ અંતર્ગત દર્દીઓના બ્લડ, યુરિન, કરોડરજ્જૂનું પાણી, ગાંઠનો ટુકડાના સેમ્પલ લઈ લેબમાં વિશ્લેષણ કરવામાં આવે છે. છેલ્લા ૪ મહિનાના આંકડાઓ પ્રમાણે સર ટી.હોસ્પિટલની સેન્ટ્રલ લેબોરેટરીમાં દરરોજ સરેરાશ ૪ હજાર જેટલા ટેસ્ટ થાય છે અને રોજ સરેરાશ દર્દીઓના ૮૦૦ સેમ્પલ વિશ્લેષણ માટે આવે છે. સતત દર્દીઓના ઘસારો રહેતા કોઈ પણ એક દર્દીનો રિપોર્ટ તૈયાર થતાં સરેરાશ ૪ કલાક જેટલો સમય લાગે છે. લેબોરેટરીના ત્રણેય વિભાગો દ્વારા વિવિધ પેરામિટરના આધારે સેમ્પલની ચકાસણી કરવામાં આવે છે અને જરૂર પડયે તબીબ સાથે પરામર્શ કરી દર્દીની સારવાર કેવી રીતે આપવી તે નક્કી થાય છે.

**સેન્ટ્રલ લેબમાં થતાં મહત્વના ટેસ્ટ**

TropT : હૃદયને લગતો રિપોર્ટ છે, ઈસીજી પરથી ખ્યાલ ના પડે ત્યારે સચોટ નિદાન માટે આ ટેસ્ટ કરવામાં આવે છે. દરરોજ ૨૫ થી ૩૦ ટેસ્ટ થાય છે.

HBA1C : ડાયાબિટિસને લગતો ટેસ્ટ છે. લોહીમાં કેટલા સમયથી શુગર વધારે છે અને તેની ભવિષ્યમાં શું અસર થશે તેની આગાહી કરે અને તેના આધારે નિદાન થાય છે.

### અંજારમાં લાયસન્સ લઈ 50 વેપારીઓએ બજાર માંડીને લાયસન્સ વગરના 60થી વધુ પંડાલો લાગ્યા

ગાંધીધામ: અંજાર અને ગાંધીધામ વિસ્તારમાં તંત્રની લાપરવાહીના કારણે ફટાકડા બજારના વેપારીઓ ભયંકર મંદીની માર વચ્ચે ધંધો કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. રાજકોટ અગ્નિકાંડ બાદ ફટાકડા બજારમાં દુકાન શરૂ કરવા માટે હંગામી લાયસન્સ આપવામાં ભયંકર આકરી શરતો રાખવામાં આવી હતી. જેના કારણે વેપારીઓને લગભગ ૧૫ થી ૨૦ દિવસ સુધી હેરાન થયા બાદ લાયસન્સ મળી શક્યું હતું અને પાંચ દિવસ સુધી હવે અંજારનાં સ્ટેડિયમ ગ્રાઉન્ડ અને ગાંધીધામનાં ડી.પી.ટી ગ્રાઉન્ડ ખાતે હંગામી ફટાકડા બજાર શરૂ કરવામાં આવી છે. પરંતુ આ ફટાકડા બજાર ના વેપારીઓને તંત્રની લાપરવાહીના કારણે તમામ શરતોનું પાલન કર્યું હોવા છતાં મંદી સહન કરવી પડી રહી છે.જ્યારે અંજાર ગાંધીધામ અને આદિપુરમાં ખુલ્લેઆમ કોઈપણ પ્રકારની મંજૂરી કે લાયસન્સ વગર ઉભા કરી દેવામાં આવેલા પંડાલો, દુકાનો અને લારીઓ વાળા કોઈપણ પ્રકારના વધારાના ખર્ચ અને લાયસન્સ પ્રક્રિયા માંથી પસાર થયા વગર બિન્દાસ ધંધો કરી રહ્યા હોવાથી સાચા પ્રકારે ધંધો કરતા વેપારીઓ તૂટી પડયા હોવાની ચર્ચાઓ સંભળાઈ રહી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
પારિવારિક કાર્યોને સુચારૂ રીતે ચલાવવામાં તમારું વિશેષ યોગદાન રહેશે. તમે ઘરમાં અનુશાસન જાળવવામાં પણ સફળ રહેશો.

**વૃષભ (બ,વ,ઉ)**
તમારું ભવિષ્ય સુધારવા માટે બનાવેલા નિયમો ફાયદાકારક સાબિત થશે અને તમારી વિચારવાની શૈલીમાં નવીનતા આવશે.

**મિથુન (ક,છ,ઘ)**
નવા સંપર્કો કરવાથી તમને ઘણી બધી માહિતી મળશે અને તમે પૂરા આત્મવિશ્વાસ સાથે તમારા કામ તરફ ધ્યાન આપવાનું શરૂ કરશો.

**કર્ક (ડ,હ)**
આત્મનિરીક્ષણ કરવાથી તમને ઘણી સમસ્યાઓનો ઉકેલ મળશે અને માનસિક શાંતિ પણ મળશે. દ્રઢ નિશ્ચય અને મહેનત સાથે તમારા કામમાં પૂરતો સમય ફાળવો.

**સિંહ (મ,ટ)**
મહત્ત્વપૂર્ણ યોજનાઓને અમલમાં મૂકવાની ઉર્જા પણ રહેશે. વિદ્યાર્થીઓની તેમના શિક્ષણને લગતી કોઈપણ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવશે.

**કન્યા (પ,ઠ,ણ)**
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ નકારાત્મક પરિસ્થિતિને ઉકેલવામાં તમારા પ્રયાસો સફળ થશે. અન્ય કામકાજમાં પણ વ્યસ્તતા રહેશે.

**તુલા (ર,ત)**
દિવસ સામાન્ય રહેશે. પરંતુ તમારા પ્રયત્નો અને સમયની મર્યાદાથી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રહેશે. તેનાથી બાળકોમાં આત્મવિશ્વાસ પણ વધશે.

**વૃશ્ચિક (ન,ય)**
નજીકના સંબંધોમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ફરિયાદોને ઉકેલવા માટે આ સારો સમય છે. લોકોની સામે તમારી સારી છબી પણ બનશે.

**ધન (ભ,ધ,ફ)**
કોઈ મૂંઝવણ કે શંકાના કિસ્સામાં વરિષ્ઠ લોકોની સલાહ લેવી ફાયદાકારક રહેશે. દિવસ વ્યવસ્થિત રીતે પસાર થશે અને બધા કામ સમયસર પૂરા થશે.

**મકર (ખ,જ)**
વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક કાર્યોમાં સફળતા મળવાની સંભાવના છે, પરિવાર સાથે કોઈ ધાર્મિક સ્થળ પર જવાનો કાર્યક્રમ પણ બની શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
પારિવારિક કોઈ પડતર મામલો આજે ઉકેલાઈ જશે. વ્યવહારુ પ્રભાવશાળી લોકો સાથે થોડો સમય વિતાવવાથી તમારો સ્વભાવ પણ બદલાઈ જશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
કુનેહના ગુણોને કારણે તમને તમારી આર્થિક અને વ્યવસાયિક બાબતોમાં સફળતા મળશે. તમે કૌટુંબિક સુખ-સુવિધાઓથી સંબંધિત ઓનલાઈન શોપિંગમાં આનંદદાયક સમય પસાર કરશો.

# ધનતેરસના અવસરે ભારત લવાયું 102 ટન સોનું, RBIએ લીધો મોટો નિર્ણય

(એજન્સી) મુંબઈ | તા 30

ધનતેરસનો દિવસ સામાન્ય રીતે સોનાની ખરીદીનો દિવસ હોય છે. મોટા ભાગે લોકો ધનતેરસના દિવસે સોનું ખરીદી ઘરે લાવે છે. સામાન્ય લોકોની જેમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ પણ ધનતેરસના અવસર પર લંડનથી 102 ટન સોનું ભારતમાં પાછું શિફ્ટ કરી દીધું છે. તમને જણાવી દઈએ કે, સપ્ટેમ્બરના અંતમાં RBI પાસે કુલ 855 ટન સોનું હતું. તેમાંથી 510.5 ટન સોનું દેશમાં રાખવામાં આવ્યું છે. વિદેશી મુદ્રા ભંડારના સંચાલન અંગેના તાજેતરના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. મહત્વની વાત એ છે કે, RBI સપ્ટેમ્બર 2022થી અત્યાર સુધીમાં 214 ટન સોનું વિદેશમાંથી ભારત પરત લાવી ચૂકી છે. છેલ્લા કેટલાક સમયથી વિશ્વના અન્ય દેશોની સ્થિતિને ધ્યાનમાં રાખીને અને



ખાસ કરીને ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ બાદ RBI અને ભારત સરકાર પોતાના હોલ્ડિંગને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારત સરકારનું પણ માનવું છે કે, આવી વૈશ્વિક પરિસ્થિતિમાં પોતાનું સોનું દેશની અંદર જ રાખવું વધુ સુરક્ષિત છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ભારતનું 324 ટન સોનું બેંક ઓફ ઈંગ્લેન્ડ અને બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સમાં રાખવામાં આવ્યું છે. બેંક ઓફ ઈંગ્લેન્ડ યુકે અને અન્ય કેન્દ્રીય બેંકોના સોનાના ભંડાર માટે સુરક્ષિત કસ્ટડી આપે છે અને તે ન્યુયોર્ક ફેડરલ રિઝર્વ બાદ બીજી સૌથી મોટી ગોલ્ડ કસ્ટોડિયન પણ છે. જો બુલિયન વેરહાઉસની વાત કરીએ તો તે વર્ષ 1967માં બનાવવામાં આવ્યું હતું. બાદમાં તેનું ઘણા દેશોમાં વિસ્તરણ પણ કરવામાં આવ્યું છે. આ જ વર્ષે મે મહિનામાં બ્રિટનથી એક લાખ કિલો સોનું ભારતમાં લાવવામાં આવ્યું હતું. તે દરમિયાન અધિકારીઓએ જણાવ્યું હતું કે. 100 ટન સોનું ભારતમાં લાવવામાં નાણા મંત્રાલય, RBI અને સ્થાનિક સત્તાવાળાઓ સહિત સરકારની અન્ય શાખાઓ વચ્ચે પરસ્પર સંકલન સામેલ હતું. સોનું લાવવાની સમગ્ર પ્રક્રિયાને સીક્રેટ રાખવામાં આવી હતી. આ સાથે જ સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

# '...તો પેટ્રોલમાં 5 રૂપિયાનો ઘટાડો થશે', દિવાળી પહેલાં મોદી સરકારના મંત્રીએ આપી ગુડ ન્યૂઝ!

(એજન્સી) મુંબઈ | તા 30

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ફરી એકવાર સામાન્ય પ્રજાને રાહત આપતાં સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે આવનારા દિવસોમાં પેટ્રોલની કિંમતમાં 5 રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. જ્યારે દેશમાં ડીઝલ 2 રૂપિયા સસ્તું થઈ શકે છે. પેટ્રોલિયમ મંત્રીએ તેમના X હેન્ડલ પર આ અંગે સંકેત આપ્યા હતા. છેલ્લે માર્ચ મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 2 રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે હાલમાં ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ 71 ડૉલર છે. હરદીપ સિંહ પુરીએ એક્સ હેન્ડલ પર પોસ્ટ કરી જણાવ્યું કે ધનતેરસના શુભ અવસર પર પેટ્રોલ પંપ ડીલરોને ઓઈલ કંપનીઓ દ્વારા અપાયેલી




મોટી ભેટ સ્વાગત યોગ્ય છે! 7 વર્ષથી ચાલતી માગ પૂરી થઈ. હવે ગ્રાહકોને સારી સેવાઓ મળશે, પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો નહીં થાય. દૂરસ્થ સ્થાનો (ઓઈલ માર્કેટિંગ કંપનીઓના પેટ્રોલ અને ડીઝલ ડેપોથી દૂર) પર સ્થિત ગ્રાહકોને લાભ આપવા માટે આંતર-રાજ્ય નૂર પરિવહનને તર્કસંગત બનાવવા માટે ઓઈલ કંપનીઓ દ્વારા પણ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એક્સ હેન્ડલ પર ઉદાહરણો સાથે માહિતી આપતા હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, ઓડિશાના મલકાનગિરીના કુનાનપલ્લી અને કાલિમેલામાં પેટ્રોલના ભાવમાં રૂ. 4.69 અને રૂ. 4.55 અને ડીઝલના ભાવમાં રૂ. 4.45 અને રૂ. 4.32નો ઘટાડો થઈ શકે છે.

## NEWS BRIEF

### ભારતમાંથી 6 મહિનામાં ₹50,454 કરોડના iPhoneની નિકાસ કરવામાં આવી

મુંબઈ । એપ્રિલ અને સપ્ટેમ્બર વચ્ચેના છ મહિનામાં ભારતે $6 બિલિયન (લગભગ રૂ. 50,454 કરોડ)ના 'મેડ ઈન ઈન્ડિયા' આઈફોનની નિકાસ કરી છે. ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં આ એક તૃતીયાંશ (33%) વધુ છે. વર્તમાન નાણાકીય વર્ષ (2024-25) પૂરા થતાં સુધીમાં નિકાસનો આંકડો 10 અબજ ડોલર (આશરે રૂ. 84,086 કરોડ) સુધી પહોંચી શકે છે. બ્લૂમબર્ગે સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. આઈફોન નિર્માતા કંપની એપલ અમેરિકા અને ચીન વચ્ચેના તણાવને કારણે ચીન પર તેની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે કંપની ભારતમાં તેના મેન્યુફેક્ચરિંગ નેટવર્કને ઝડપથી વિસ્તારી રહી છે. આમાં સ્થાનિક સબસિડી, કુશળ કાર્યબળ અને ભારતની તકનીકી ક્ષમતાઓ એપલને ઘણી મદદ કરી રહી છે. એપલના ત્રણ સપ્લાયર- તાઈવાનનું ફોક્સકોન ટેક્નોલોજી ગ્રુપ અને પેગાટ્રોન કોર્પ અને ભારતનું ટાટા ઈલેક્ટ્રોનિક્સ- દક્ષિણ ભારતમાં iPhone સેટ એસેમ્બલ કરે છે. આમાં, ફોક્સકોનનું સ્થાનિક યુનિટ ભારતમાં iPhoneનું સૌથી મોટું સપ્લાયર છે. આ સિવાય ભારતમાંથી આઈફોનની નિકાસમાં કંપનીનો ફાળો લગભગ અડધો છે. એપ્રિલ અને સપ્ટેમ્બરની વચ્ચે ટાટા ગ્રૂપની કંપની ટાટા ઈલેક્ટ્રોનિક્સે કર્ણાટકમાં તેની ફેક્ટરીમાંથી લગભગ $1.7 બિલિયન (રૂ. 14,292 કરોડ) મૂલ્યના iPhonesની નિકાસ કરી.

### ₹15.75નું ડિવિડન્ડ આપવા જઈ રહી છે આ સરકારી કંપની

મુંબઈ । જાહેર ક્ષેત્રની કોલસા ખાણકામ કંપની કોલ ઈન્ડિયાએ શુક્રવારે 25 ઓક્ટોબરે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. જે બાદ કોલ ઈન્ડિયાના શેર ટૂંક સમયમાં વચગાળાના ડિવિડન્ડની ચુકવણી માટે એક્સ-ડેટ પર ટ્રેડ કરશે. કંપનીએ FY25 માટે તેના પ્રથમ વચગાળાના ડિવિડન્ડની રેકોર્ડ તારીખ, 25 ઓક્ટોબર, શુક્રવારની જાહેરાત કરી હતી. આ સાથે કંપનીએ તેની પેટાકંપની CIL સોલર પીવી લિમિટેડને પણ સોલાર પાવર વેલ્યુ ચેઈન માટે અત્યંત સ્પર્ધાત્મક બજાર ગતિશીલતાને કારણે બંધ કરવાની જાહેરાત કરી છે. કોલ ઈન્ડિયાએ એક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ 2024-25 માટે પ્રથમ વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. બોર્ડે 10 રૂપિયાની ફેસ વેલ્યુ સાથેના દરેક શેર પર 15.75 રૂપિયાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. કંપનીએ ડિવિડન્ડની ચુકવણી માટે રેકોર્ડ ડેટ પણ નક્કી કરી છે. કંપનીએ જણાવ્યું હતું કે રૂ. 15.75ના વચગાળાના ડિવિડન્ડ માટેની રેકોર્ડ તારીખ 5 નવેમ્બર મંગળવાર માટે નક્કી કરવામાં આવી છે. ડિવિડન્ડની રકમ 24 નવેમ્બરે શેરધારકોના બેંક ખાતામાં મોકલવામાં આવશે.

### ગ્લોબલ રિઝર્વમાંથી 12% સોનું વૈશ્વિક સેન્ટ્રલ બેંકો પાસે, 1990 બાદ સૌથી વધુ

અમદાવાદ | સોનાના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે. સોનાની સાથે ચાંદી અને પેલેડિયમના ભાવ પણ સાતમા આસમાને છે. જોકે ગોલ્ડની માંગ ભારત જ નહિ વૈશ્વિક સ્તરે વધી રહી છે. મોંઘવારી તથા મંદીની સામે સૌથી સંરક્ષાત્મક એસેટ ક્લાસ તરીકે હવે સોનું ઉભરીને આવી રહ્યું છે. એક અહેવાલ અનુસાર ગ્લોબલ ગોલ્ડ રિઝર્વમાં વૈશ્વિક સેન્ટ્રલ બેંકોનો હિસ્સો ૧૨.૧%ના રેકોર્ડ લેવલે પહોંચ્યો છે. આંકડાઓ પર નજર કરીએ તો ૧૯૯૦ બાદ ગોલ્ડ રિઝર્વમાં સૌથી વધુ હિસ્સો સેન્ટ્રલ બેંકો પાસે છે. એક્સપર્ટસના મતે વધારાની તમામ લિક્વિડિટી હાલ સોનામાં જઈ રહી છે. ગોલ્ડને સેફ હેવન જ નહિ પરંતુ ઈન્વેસ્ટમેન્ટ એકમ તરીકે પણ જોવા રહ્યું છે. સોનાની ખરીદીમાં સૌથી મોટો સિંહફાળો ચીન, ભારત, તુર્કેઈ અને પોલાન્ડનો છે. આ દેશની સેન્ટ્રલ બેંકો મોટાપાયે સોનાની ખરીદી કરી રહી છે. ચીનના ફોરેક્સ રિઝર્વ એટલેકે વિદેશી હૂંડિયામણ અનામતમાં સોનાનો હિસ્સો ૫.૪ ટકાએ પહોંચ્યો છે. ચીનની સેન્ટ્રલ બેંક પાસે ૨૦૨૪ના લેટેસ્ટ આંકડા પ્રમાણે ૨૨૬૪ ટન સોનું છે,જે ઐતિહાસિક ટોચ છે. ચાલુ વર્ષે સોનાના ભાવમાં ૩૩ ટકાની આગઝરતી તેજી આવી છે. અત્યાર સુધી સામાન્ય રીતે વૈશ્વિક તંગદિલીમાં ક્રૂડમાં ભડકો આવતો હતો કે સપ્લાય ચેઈન બાધિત થતા ભાવ વધશે પરંતુ હવે આ પ્રકારની ઉથલપાથલ ઓછી થઈ છે.

# સ્વિગી લિમિટેડનો આઈપીઓ 06 નવેમ્બર, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) મુંબઈ । તા. 30

સ્વિગી લિમિટેડ બુધવાર, 06 નવેમ્બર, 2024ના રોજ તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 08 નવેમ્બર, 2024 રહેશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 05 નવેમ્બર, 2024 રહેશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 371થી રૂ. 390 રાખવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ 38 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 38 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં રૂ. 44,990 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને વેચાણકર્તા શેરધારકો




દ્વારા 17,50,87,863 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર (the "Offer for Sale")નો સમાવેશ થાય છે. ઓફરમાં લાયક ઠરેલા કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના 7,50,000 સુધીના ઈક્વિટી શેર્સના રિઝર્વેશનનો સમાવેશ થાય છે જેનું મૂલ્ય રૂ. - મિલિયન સુધીનું છે જે અમારી પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના મહત્તમ 5 ટકા છે (the "Employee Reservation Portion"). ઓફરમાંથી એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન બાદ કરતા જે રહે તેને અહીં નેટ ઓફર તરીકે ગણવામાં આવે છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવતા ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર લિસ્ટ કરવાની યોજના છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 31 સાથે વાંચતા એસસીઆરઆરના નિયમ 19(2) (બી)ના સંદર્ભે કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 6(2)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના લઘુત્તમ 75 ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs" અને આવો પોર્શન the "QIB Portion")ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની અને વેચાણકર્તા શેરધારકો બીઆરએલએમ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો 60 ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનોના અનુસંધાનમાં વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવી શકે છે.

# સોના-ચાદીમાં ફરી આગેકૂચ : પરંપરાગત માંગ ઓછી રહ્યાનો અંદાજ

(એજન્સી) મુંબઈ | તા 30

મુંબઈ ઝવેરી બજારમાં આજે ધનતેરસના દિવસે સોના-ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજાર ફરી ઉછળતાં ઘરઆંગણે ઝવેરી બજારોમાં તેજી પાછી પ્રવેશી હતી. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડની પીછેહટ તથા ક્રૂડતેલના ભાવ પણ ઘટતા અટકી વધી આવતાં વિશ્વ બજારમાં સોનામાં ઘટાડે ફંડોનું ફરી એક્ટીવ બાઈંગ જોવા મળ્યું હતું. વિશ્વ બજાર ઉંચકાતાં ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ વધી ફરી રૂ.૮૧ હજાર પાર કરી ૯૯.૫૦ના ભાવ રૂ.૮૧૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૧૫૦૦ બોલાતા થયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦ વધી રૂ.૯૭૫૦૦ રહ્યા હતા. તહેવારોની માગ જળવાઈ રહી હતી. શુકન પૂરતા વેપારો થઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૭૩૩થી ૨૭૩૪ વાળા ફરી વધી ૨૭૫૨થી ૨૭૫૩ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ૩૩.૩૪ વાળા વધી ૩૪.૧૬ ડોલર રહ્યાના સમાચાર હતા. વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ ૦.૩૭ ટકા વધ્યા હતા. જ્યારે પ્લેટીનમના ભાવ ૧૦૪૯ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૨૩૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ક્રૂડતેલના ભાવ પણ આંચકા પચાવી ફરી ઉંચા જતા જોવા મળ્યા હતા.

# Dhanteras પર ગૌતમ અદાણીને મળી 1742 કરોડની ભેટ, કંપનીએ કર્યો નફો

(એજન્સી) મુંબઈ | તા 30

અદાણી એન્ટરપ્રાઈઝે મંગળવારે તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીએ ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 664 ટકા એટલે કે લગભગ 8 ગણો નફો કર્યો છે. ડેટા અનુસાર, કંપનીએ બીજા ક્વાર્ટરમાં 1,742 કરોડ રૂપિયાનો નફો કર્યો છે. એશિયાના બીજા સૌથી ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝે અજાયબી કરી બતાવી છે. અદાણી એન્ટરપ્રાઈઝે બીજા ક્વાર્ટરમાં 664 ટકાનો નફો કર્યો છે. બીજી તરફ, આવકમાં 16 ટકાનો વધારો થયો છે. જો નિષ્ણાતોનું માનીએ તો, અદાણી એન્ટરપ્રાઈઝિસના બીજા ક્વાર્ટરના આંકડા ખૂબ પ્રભાવશાળી રહ્યા છે. આ આંકડાઓ આવ્યા બાદ અદાણી એન્ટરપ્રાઈઝના શેર લગભગ દોઢ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા. ચાલો તમને એ પણ જણાવીએ કે અદાણી એન્ટરપ્રાઈઝના બીજા ક્વાર્ટરમાં કેવા પ્રકારના આંકડા જોવા મળ્યા છે. અદાણી એન્ટરપ્રાઈઝે મંગળવારે તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીએ ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 664 ટકા એટલે કે લગભગ 8 ગણો નફો કર્યો છે. ડેટા અનુસાર, કંપનીએ બીજા ક્વાર્ટરમાં 1,742 કરોડ રૂપિયાનો નફો કર્યો છે. અગાઉના સમયગાળામાં આ નફો રૂ. 228 કરોડ હતો. બીજી તરફ, કંપનીની ઓપરેશનલ આવક રૂ. 22,608 કરોડ હતી જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ. 19,546 કરોડ હતી. આનો અર્થ એ થયો કે કંપનીની આવકમાં 16 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે.

# ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સના ઉદયથી સમગ્ર ભારતમાં બે લાખ કિરાણા સ્ટોર બંધ થયા

(એજન્સી) મુંબઈ | તા 30

ભારતમાં ક્વિક કોમર્સના ઝડપી વિસ્તરણને કારણે છેલ્લા એક વર્ષમાં દેશમાં લગભગ ૨૦૦,૦૦૦ કિરાના સ્ટોર્સ બંધ થઈ ગયા છે, એમ ભારતના સૌથી મોટા રિટેલ ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિએશન ઓલ ઈન્ડિયા કન્ઝયુમર પ્રોડક્ટ્સ ડિસ્ટ્રીબ્યુટર્સ ફેડરેશને જણાવ્યું હતું. ફેડરેશને ઉમેર્યું હતું કે આ તહેવારોની સિઝનમાં કિરાણા સ્ટોર્સનું વેચાણ સ્થિર રહ્યું છે. હાલમાં, ભારતમાં આશરે ૧૩ મિલિયન સ્ટોર્સ હોવાનો અંદાજ છે, જેમાંના ૧૦ મિલિયનથી વધુ ટાયર-૨ અને નાના શહેરોમાં છે. તાજેતરના દિવસોમાં, ઘણી કન્ઝયુમર ગૂડ્ઝ કંપનીઓએ કહ્યું છે કેક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર તેમના ઉત્પાદનોની માંગ ગ્રાહકોની પસંદગીઓ બદલાવાને કારણે વધી છે. કેટલીક ડાયરેક્ટ-ટુ-કસ્ટમર બ્રાન્ડ્સ ગયા વર્ષની સરખામણીમાં આ પ્લેટફોર્મ્સ પર ૨૫૦% જેટલું



ઊંચું ઉત્સવનું વેચાણ જોઈ રહી છે. ઈન્ડસ્ટ્રી બોડીએ હાઈલાઈટ કર્યું હતું કે છેલ્લા બે-ત્રણ વર્ષની સરખામણીમાં આ વર્ષે કિરાણા સ્ટોર્સમાં ગ્રાહકોની મુલાકાત લગભગ અડધી થઈ ગઈ છે. આ પ્લેટફોર્મ્સ, જે ટકાઉ બિઝનેસ પ્રેક્ટિસ કરતાં ટૂંકા ગાળાના ગ્રાહક લાભને પ્રાધાન્ય આપે છે, તે સમગ્ર દેશમાં લગભગ ૨૦૦,૦૦૦ કિરાના સ્ટોર્સ બંધ કરવા માટે સીધી રીતે જવાબદાર છે.ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સની સૌથી વધુ અસર મેટ્રો શહેરોમાં જોવા મળી છે. કુલમાંથી ૯૦,૦૦૦ સ્ટોર એકલા શહેરોમાં જ બંધ કરવામાં આવ્યા છે. હાલમાં, તમામ પ્લેટફોર્મ્સ મેટ્રો શહેરોમાં કામ કરે છે. ટાયર-૧ શહેરોમાં ૬૦,૦૦૦ જેટલા સ્ટોર્સ બંધ થયા છે, ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં વધારાના ૫૦,૦૦૦ સ્ટોર બંધ થયા છે.

# સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટ તૂટ્યો:નિફ્ટી પણ 70 પૉઈન્ટ તૂટ્યો, ફાર્મા શેર્સમાં સૌથી વધુ ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 30

આજે કાળીચૌદશના દિવસે એટલે કે 29મી ઓક્ટોબરે સેન્સેક્સ લગભગ 200 પોઈન્ટના ઘટાડા સાથે 80,100 ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં 70 પોઈન્ટનો ઘટાડો છે, તે 24,350 ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 25 ઘટી રહ્યા છે અને 5 વધી રહ્યા છે. નિફ્ટીના 50 શેરોમાંથી 36 ઘટી રહ્યા છે અને 14 વધી રહ્યા છે. NSE સેક્ટરલ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો ફાર્મા ઈન્ડેક્સમાં જોવા મળ્યો છે. તેઓ લગભગ 1.50% નીચે છે. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી 1.25% ઉપર છે. જ્યારે કોરિયાનો કોસ્પી 0.70%ના ઘટાડા સાથે અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.14%ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

Afcons Infrastructure Limitedનો IPO બિડિંગના છેલ્લા દિવસે 2.77 વખત સબસ્ક્રાઈબ થયો હતો. કંપનીના શેર 4 નવેમ્બરે BSE-NSE પર લિસ્ટ થશે. 29 ઓક્ટોબરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.36% ઘટીને 42,233.05 પર બંધ થયો હતો અને S&P 500 0.16% વધીને 5,832.92 પર બંધ થયો હતો. Nasdaq 0.78% વધીને 18,712.75 પર છે. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII) એ 29 ઓક્ટોબરે 16,057.19 કરોડના શેરનું વેચાણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DIIs) એ 12,823.77 કરોડના શેર ખરીદ્યા હતા. ગઈકાલે એટલે કે ધનતેરસના દિવસે (29 ઑક્ટોબર), સેન્સેક્સ દિવસના નીચા 79,421થી 948 પૉઈન્ટ સુધર્યો હતો.

# ટ્રમ્પ જીતની શકયતા વધતા બિટકોઈને ફરી 71000 ડોલરની સપાટી દર્શાવી



મુંબઈ । તા. 30

આવતા સપ્તાહમાં અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના પરિણામોને લઈને થઈ રહેલી અટકળો વચ્ચે બિટકોઈનની આગેવાની હેઠળ ક્રિપ્ટોકરન્સીસમાં છેલ્લા ચોવીસ કલાકમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. વર્તમાન વર્ષના જૂન બાદ બિટકોઈન પહેલી વખત ૭૧૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસ જેમ કે એથરમ, સોલાના, બીએનબી, ડોજકોઈન પણ ઊંચકાયા હતા. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન નીચામાં ૬૮૨૭૩ ડોલર અને ઉપરમાં ૭૧૪૭૮ ડોલર જોવા મળ્યો હતો. એથરમ ૨૬૨૨ ડોલર જ્યારે બીએનબી ૬૦૫ ડોલર મુકાતો હતો. ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૨.૫૧ ટ્રિલિયન ડોલર રહી હતી. અમેરિકામાં પ્રમુખપદની હોડમાં ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં આગળ હોવાનો વરતારો થઈ રહ્યો છે. ટ્રમ્પ ક્રિપ્ટોકરન્સીસની તરફેણમાં છે. ટ્રમ્પ જીતશે તો ક્રિપ્ટોસ માટે સ્થિતિ સાનુકૂળ બનવાની ખેલાડીઓ અપેક્ષા રાખી રહ્યા છે. અમેરિકામાં પાંચમી નવેમ્બરે ચૂંટણી યોજાનાર છે ત્યારે તે પહેલા ક્રિપ્ટોકરન્સીસમાં ભારે વોલેટિલિટી જોવા મળવાની ધારણાં રાખવામાં આવી રહી છે. ઈટીએફમાં મજબૂત ઈન્ફલોસને કારણે પણ બિટકોઈનના ભાવને ટેકો મળી રહ્યો છે. વર્તમાન મહિનામાં અમેરિકામાં સ્પોટ બિટકોઈન ઈટીએફસમાં ૩.૩૦ અબજ ડોલરનો નેટ ઈન્ફલોસ જોવા મળ્યો છે. ૨૦૨૪માં બિટકોઈનમાં અત્યારસુધીમાં ૭૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

# આ ડિફેન્સ સ્ટોકનો ડબલ ધમાકો...1 શેર પર આપશે 23 રૂપિયા ડિવિડન્ડ


(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ડિફેન્સ સ્ટોક Mazagon ડોક શિપબિલ્ડર્સ લિમિટેડના શેર્સ આવતીકાલે એટલે કે બુધવારે એક્સ-ડિવિડન્ડ સ્ટોક તરીકે વેપાર કરશે. કંપનીએ રોકાણકારોને પ્રતિ શેર રૂ. 23.19નું ડિવિડન્ડ આપશે. આજે એટલે કે 19 ઓક્ટોબરના રોજ BSEમાં કંપનીના શેર રૂ.4012.25ના સ્તરે બંધ થયા હતા. Mazagon ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા શેરબજારને આપવામાં આવેલી માહિતીમાં કંપનીએ કહ્યું હતું કે 10 રૂપિયાની ફેસ વેલ્યુ સાથેના એક શેર પર 23.19 રૂપિયાનું ડિવિડન્ડ આપવામાં આવશે. કંપનીએ આ ડિવિડન્ડ માટે 30 ઓક્ટોબર, 2024ને રેકોર્ડ ડેટ તરીકે જાહેર કરી હતી. તમને જણાવી દઈએ કે, અગાઉ સપ્ટેમ્બર મહિનામાં કંપનીએ એક્સ-ડિવિડન્ડ આપ્યું હતું. ત્યારબાદ કંપનીએ યોગ્ય રોકાણકારોને એક શેર પર રૂ. 12.11નું ડિવિડન્ડ આપ્યું હતું. Mazagon ડોક શિપબિલ્ડર્સ લિમિટેડના શેરનું વિભાજન થવા જઈ રહ્યું છે. રૂ. 10ની ફેસ વેલ્યુ સાથે કંપનીનો એક શેર 2 ભાગમાં વહેંચવામાં આવશે.

# બજાર માટે FIIનો આઉટફલો તથા યુદ્ધની સ્થિતિ સંવત 2081ના મોટા પડકાર

મુંબઈ । તા. 30

વળતરની દ્રષ્ટિએ બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફટીએ સંવત ૨૦૮૦ માં ભલે ૨૩ ટકાથી વધુ વળતર પૂરા પાડયા હોય પરંતુ સમાપ્ત થઈ રહેલા ૨૦૮૦ના અંતિમ ભાગમાં એટલે કે ઓકટોબરમાં વૈશ્વિક સ્તરે ભૌગોલિકરાજકીય તાણ તથા ભારતીય ઈક્વિટીસમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ની જંગી વેચવાલીએ રોકાણકારોનું માનસ બગાડયું છે. ૨૦૨૪ના અત્યારસુધીના ગાળામાં ભારતીય ઈક્વિટીસમાં એફઆઈઆઈની કેશમાં રૂપિયા એક લાખ કરોડથી વધુની વેચવાલીના ઓછાયા હેઠળ હવે આપણે સંવત ૨૦૮૧માં પ્રવેશી રહ્યા છે ત્યારે દેશના શેરબજારો સામે એફઆઈઆઈના આઉટફલોસ, ભૌગોલિક રાજકીય તાણ, કોર્પોરેટ આવકમાં નરમાઈ, ફુગાવો તથા ઊંચા વ્યાજ દર જેવા જોવા મળી રહ્યા છે. સંવત ૨૦૮૦નો પ્રારંભ ૧૨ નવેમ્બર, ૨૦૨૩થી થયો હતો. નવેમ્બર, ૨૦૨૩થી ૨૮ઓકટોબર, ૨૦૨૪ના ગાળા સુધીમાં




એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીસ કેશમાં નેટ રૂપિયા ૧૯૪૪૨૩.૪૧ કરોડની વેચવાલી કરી છે. રૂપિયા એક લાખ કરોડથી વધુની વેચવાલી તો વર્તમાન મહિનામાં જ જોવા મળી છે. ભારતમાંથી એફઆઈઆઈના જંગી આઉટફલોસ માટે ચીનમાં જોવા મળી રહેલી આર્થિક રિકવરી મુખ્ય કારણ હોવાનું માનવામાં આવે છે. સંવત ૨૦૮૧માં પણ આ આઉટફલોસ જળવાઈ રહેવાની શકયતા હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. ચીન સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા સ્ટીમ્યુલ્સથી જો તેના અર્થતંત્રમાં સુધારો જોવા મળશે તો સંવત ૨૦૮૧માં વિદેશી રોકાણકારોનો આઉટફલોસ વધુ ઊંચો જોવા મળી શકે છે. બેન્કો તથા આઈટીને બાદ કરતા અન્ય ક્ષેત્રની કંપનીઓના નાણાં વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક ગાળાના પરિણામ નબળા જોવા મળી રહ્યા છે જેની અસર આવનારા સમયમાં જોવા મળી શકે છે.ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે દેશમાં ફુગાવો હજુ ચાર ટકાના અપેક્ષિત સ્તર સુધી પહોંચ્યો નથી.ઈઝરાયલ તથા ઈરાન વચ્ચેનો સંઘર્ષ જો ઘેરો બનશે તો તેની પણ સંવત ૨૦૮૧માં ભારતીય ઈક્વિટીસ પર પ્રતિકૂળ અસર જોવા મળશે એમ વિશ્લેષકે ઉમેર્યું હતું.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2079, આસો વદ-14

# અપરાધીઓને દાખલારૂપ અનોખી સજા

ગત દિવસોમાં મધ્ય પ્રદેશ હાઇકોર્ટે ભારત વિરોધી નારા લગાવનારા ભોપાલ નિવાસી ફૈઝાન ખાનને તિરંગાને ૨૧ વખત સલામી આપવાની સાથે સાથે 'ભારત માતા કી જય' નારા બોલાવાની સજા આપી હતી. આ ખુદમાં એક અનોખી સજા છે જેને રેખાંકિત કરવી જોઈએ. આવા નિર્ણયો આશા જગાવે છે. તેનાથી સમાજમાં સમભાવનો સંદેશ જાય છે. કેટલાંક વર્ષ પહેલાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એક અપરાધીને પાંચ હજાર છોડ વાવવાનો આદેશ આપ્યો હતો. એ જ રીતે કલકત્તા હાઇકોર્ટના જજ અમિતાભ લાલા કોર્ટ જતી વખતે કોઈ રેલીમાં ફસાઈ ગયા, તો કોર્ટ પહોંચીને તેમણે સૌથી પહેલો એ આદેશ બહાર પાડ્યો કે હવે કાર્યાલયના દિવસોમાં રેલી કે જુલુસ નહીં કાઢી શકાય. માત્ર શનિવાર-રવિવારે જ આ પ્રકારનાં આયોજન કરી શકાશે. ભોપાલની જ એક અદાલતે ચાર વર્ષ પહેલાં એક અનોખો ચુકાદો સંભળાવ્યો હતો, જેમાં ૯૯ વર્ષની વૃદ્ધા માને ઘરેથી કાઢી મૂકનારા પુત્રોને કહ્યું કે તેઓ મહિનામાં એક દિવસ વૃદ્ધાશ્રમમાં જઈને વૃદ્ધોની સેવા કરે. આ દરમ્યાન તેઓ વૃદ્ધાશ્રમમાં બુઝુર્ગો સાથે તસવીર પણ પડાવે. તેનો રેકોર્ડ રાખે અને એડીએમની કોર્ટમાં રજૂ કરે. એવું તેમણે સતત છ મહિના સુધી કરવું પડશે, જેથી તેમને એ વાતનો અહેસાસ થઈ શકે કે એકલા રહેનારા બુઝુર્ગોની પીડા શું હોય છે. લોકોને યાદ હશે કે ૧૯૭૯માં એક ફિલ્મ આવી હતી 'દુશ્મન.' આ ફિલ્મમાં ટ્રક ડ્રાઈવર નાયકથી તેના વાહન નીચે આવવાથી એક વ્યક્તિનું મોત થઈ જાય છે, જજ તેને મૃતકના પરિવારની જવાબદારી લેવાની સજા આપે છે. જેઓ જાણીજોઈને અપરાધ કરે છે, તેના માટે સજા એવી હોવી જોઈએ કે બીજા તેને એક ચેતવણી રૂપે લે. કેટલું સારું થશે કે કોઈ ધારાસભ્ય સજા રૂપે ગાંધી સાહિત્ય વાંચીને દર મહિને કોર્ટે જઈને તેનાથી સંબંધિત પોતાના વિચારોથી વાકેફ કરાવે! એ.સી. રૂમોમાં બેસનારા અધિકારી આકરા તડકામાં ખેતરોમાં કામ કરતા ખેડૂતોને જુએ! મોટા-મોટા ઉદ્યોગપતિઓની પત્નીઓ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઈને તેમના જીવનનું બારીકીથી અધ્યયન કરે! ટ્રાફિકના નિયમો તોડનારા શહેરના ભીડભર્યા રસ્તા પર સાયકલ ચલાવે! ભ્રષ્ટ લોકસેવકો પાસેથી તમામ સંપત્તિ તેમને દંડિત કરવાની તારીખથી મૂલ્ય સહિત પાછી લેવામાં આવે! મનુષ્યની પ્રવૃત્તિ હોય છે, વહેણ સાથે ચાલવું. જેઓ વહેણ સાથે ચાલે છે તેમની પાસે કોઈ પ્રકારના નવા કાર્યની આશા ન રાખી શકાય. કંઈક એવા જ પ્રયાસ ભૂતકાળમાં કેટલાક હટ કે ચુકાદા આપતી વખતે જજોએ કર્યા છે. જો તમામ જજો આવા ચુકાદા આપે, તો સમાજને એક નવી દિશા મળી શકે છે.

# કપાસના ખેતરમાં પાણી નહિ આવતા, તણાવમાં રહેતા ખેડૂતે ઝેરી દવા પી આપઘાત કર્યો

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકાના પોઇચા ગામમાં ખેતર માં પાણી નહિ આવવાની સમસ્યા અને અન્ય ટેન્શન માં ખેડૂતે ઝેરી દવા પી આપઘાત કરી લેતા પોલીસે તપાસ હાથ ધરી છે પ્રાપ્ત માહિતી અનુસાર દક્ષાબેન કમલેશભાઈ કાંતિલાલ બારીયાની પત્ની, રહે. પોઇચા ડેરી ફળીયુ તા.નાંદોદ જી. નર્મદા નાઓ એ રાજપીપળા પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના પતિ કમલેશભાઈ કાંતિલાલ બારીયા ઉ.વ. ૩૭ રહે.પોઇચા ડેરી ફળીયુ તા.નાંદોદ જી.નર્મદા એ તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ ખેતીના કામકાજના ભારણ તથા ખેતરમા કપાસનુ વાવેતર કરેલ પરંતુ કુવાની મોટર બગડી જતા પાણી આવતુ ન હોય જેથી બે ત્રણ દિવસથી માનસિક તણાવમાં રહેતા હતા અને મનમા લાગી આવતા ઘરમાં પડેલ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન સિવીલ હોસ્પિટલ રાજપીપલા ખાતે તેમનું મોત થતાં રાજપીપળા પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

# શ્રી-સ્નેહ, સંગ, શ્રૃંગાર: ફેસ્ટિવ જ્વેલરી 2024ની શરૂઆત

(એજન્સી) અમદાવાદ । તા. 30



અમદાવાદના પ્રખ્યાત સોનાના વેપારી હારિત ઝવેરી જ્વેલર્સ દિવાળીની સિઝન લઈને આવ્યા છે. મહિલાઓ માટે વિશેષ 'શ્રી' યોજના જે મહિલાઓને તેમની સૌંદર્ય શક્તિથી વાકેફ કરશે અને તેમને 'શ્રી' ના આશીર્વાદ પ્રદાન કરશે.

જો આપણે ખાસ શબ્દ 'શ્રી' ની વાત કરીએ તો તેનો અર્થ થાય છે શુભ જે કોઈપણ શુભ કાર્યની શરૂઆતનો પર્યાય છે લાઇટ ઓફ પરંતુ હારિત જવેરી જ્વેલર્સ "શ્રી" ના શુભ સંકેત સાથે દરેક સ્ત્રીની આંતરિક શક્તિ, સુંદરતા અને તેજને બમણી કરવા માટે પ્રતિબદ્ધ છે. 22 કેરેટમાંથી બનેલી હેરિટેજ સોનાની જ્વેલરી પહેર્યા પછી દરેક માતા દેવી લક્ષ્મી જેવી સુંદર દેખાય છે. આ વિશેષ ઓફરમાં સુંદર નેકલેસ, બુટ્ટી, વીંટી અને બંગડીઓનો સમાવેશ થાય છે જે તમારા ઉત્સવમાં આકર્ષણ વધારશે. 'શ્રી' દ્વારા તૈયાર કરવામાં આવેલી જ્વેલરીમાં વૃક્ષો, છોડ, પ્રાણીઓ તેમજ કેટલાક સાંસ્કૃતિક વસ્ત્રો જોઈ શકાય છે જે આપણા સાંસ્કૃતિક વારસાની વાર્તા કહે છે. અમદાવાદના પ્રખ્યાત ઝવેરી, હારિત ઝવેરી જ્વેલર્સ, પરંપરાગત અને આધુનિક જ્વેલરીનું એક અનોખું મિશ્રણ છે, જે આ દિવાળીએ પરિવાર સાથે વિતાવેલી પળોમાં એક વિશેષ મધુરતા ઉમેરે છે, અમારા ખાસ તહેવાર 'શ્રી' માં હાજરી આપીને જ્વેલરી સાથે પ્રેમ, સુંદરતા અને એકતા વહેંચો. હારિત જાવેરી જ્વેલર્સનીફેસ્ટિવ જ્વેલરી એફેસ્ટિવ હૂંફ, સમૃદ્ધિ અને પરંપરાનું અનોખું મિશ્રણ છે, જે દરેક ક્ષણને વિશેષ બનાવે છે. તેને ખાસ અને યાદગાર બનાવે છે. હારિત ઝવેરી જ્વેલર્સની આ ખાસ જ્વેલરી હવે યોગ્ય કિંમતની ગેરંટી સાથે સ્ટોર્સમાં ઉપલબ્ધ છે.

# બારખાડી ગામમાં ઢોર ચરાવવા બાબતે પત્નીને માર મારનાર પતિ વિરૂદ્ધ પત્ની એ આપી ફરિયાદ

### લગ્ન ના એકાદ વર્ષ સારી રીતે રાખ્યા બાદ પતિ પોતાની પત્ની ને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકાના બારખાડી ગામમાં બનેલી ઘટના માં નજીવી બાબતે પતિ એ પત્ની ને માર મારતા ગુનો દાખલ થયો છે. મળતી વિગતો અનુસાર મીનાબેન બાબુભાઇ મનસુખ ભાઇ વસાવા, રહે.વાકોલા ફળીયું બારખાડી તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તા-૨૮/ ૧૦/૨૦૨૪ ના રોજ તેઓ ઢોરો ચરાવી સાંજના આશરે ચારેક વાગ્યાના અરસામા ઘરે આવ્યા તે વખતે તેમના પતિ બાબુભાઇ ખેતરે થી આવી અને તેમને ગમેતેમ ગાળો બોલી કહેવા લાગેલ કે આગ્યારેક વાગ્યે ઢોરો ચરાવવા માટે છોડેલા અને આટલી વહેલી કેમ ઢોરો લાવી તેમ કહી પત્ની ને ઢીક્કા પાટુનો માર મારી વાળ પકડી ખેંચીને જમીન પર પાડી દિધેલ જેમાં લગ્ન થયા પછીના એકાદ વર્ષ પત્ની તરીકે સારી રીતે રાખેલ અને ત્યારબાદ કામકાજ બાબતે અવાર નવાર પત્ની સાથે ઝગડો કરી શારીરિક અને માનસીક ત્રાસ આપતા હોવાની પત્ની ની ફરિયાદ ના આધારે ગરુડેશ્વર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નેટફ્લિક્સ પર ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો પર તેના બાળકો ટે ઈન્સ્ટાગ્રામ પર નિયમોની વ્યાખ્યા કરવા વિશે કાજોલ કહે છે- "મને ગમશે તે પોસ્ટ કરીશ!"

(એજન્સી) અમદાવાદ । તા. 30



ફેબ્યુલસ લાઈઝ વિ. બોલીવૂડ વાઈઝના કલાકારો સાથે ગયા સપ્તાહમાં ઝાકઝમાળ અને ડ્રામા માણ્યા પછી નેટફ્લિક્સ પર ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોનો વધુ એક રોમાંચક એપિસોડ આવી રહ્યો છે! આ વખતે બહુપ્રતિક્ષિત ફિલ્મ દો પત્તીના કલાકારો કાજોલ દેવગન, ક્રિતી સેનોન, શાહીર શેખ અને લેખિકા કનિકા ધિલ્લોં આ વખતે કપ્સ કેફે ખાતે વિશેષ મહેમાન હતાં. આથી ભરપૂર હાસ્ય અને અમુક પડદા પાછળની અદભુત વાર્તાઓની અપેક્ષા રાખી શકો છો! કાજોલ તેની પુત્રી વિશે મજેદાર વાર્તા કહી કે મારી પુત્રી મારી ઈન્સ્ટાગ્રામ ગેમથી બિલકિલ મોહિત નથી. કપિલે કાજોલને પૂછ્યું કે કાજોલના પોતાના અથવા તેના સંતાનના ઈન્સ્ટાગ્રામ પર જતા પિક્ચર્સ વિશે તે પોતે નિર્ણય લે છે કે કેમ ત્યારે કાજોલે જણાવ્યું, "હું તે નક્કી કરું છું. મારા સંતાનોએ નક્કી કર્યું છે કે જે મારું સેન્સ ઓફ હ્યુમર છે તે તેમની સમજની બહાર છે. મારા સંતાનોએ મારી સાથે હાથ સાફ કરી લીધા છે. મારી પુત્રીએ હાલમાં જ મને કહ્યું, " હું તને સમજી શકતી નથી! તું ઈન્સ્ટાગ્રામ પર શું મૂકે છે તે સમજાતું નથી." તો મેં કહ્યું, વારુ તો ઠીક છે, હું મને જે ગમશે તે ઈન્સ્ટાગ્રામ પર મૂકીશ!" કાજોલની ઈન્સ્ટાગ્રામ ગેમ ખરેખર અજોડ છે અને અમે આ અમારી રાણીની પડખે છીએ! તો વધુ પડદા પાછળનાં કૌભાંડો જોતા માટે જોવાનું ચૂકશો નહીં, ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો, શનિવારે રાત્રે 8 વાગ્યાથી, ફક્ત નેટફ્લિક્સ પર!

# ભાજપવાળા એક કેળું આપે તો'ય 10 આગેવાનો ફોટો પડાવે છે, તો ઈકો ઝોન સારો હોય તો શા માટે ફોટો નથી પડાવતા ?

### ભાજપના બે નંબરીઓને સરકાર કાબૂ કરી લે તો ઈકો ઝાનથી પણ વધુ ફાયદો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



ઈકો ઝોનના વિરોધમાં 'આપ'ના શાસક પર આકરા પ્રહારો માત્ર ગીર જ નહીં,સુરતમાં પણ ઈકો ઝોનના મુદ્દે વિરોધ ઈકો ઝોનનો વિરોધ સતત વધી રહ્યો છે. ભાજપ સિવાયની મોટાભાગની રાજકીય પાર્ટીઓ ગીરના ગામડાઓમાં ઈકો ઝોન મુદ્દે સરકાર, વન વિભાગ અને ભાજપ પર આકરા પ્રહારો કરે છે. આપના નેતાઓએ ભાજપના આગેવાનોની ટીકા કરતા કહ્યું છે કે, સત્તાધારી પક્ષના અમુક આગેવાનો ખુલાસાઓ કરે છે કે ઈકો ઝોનથી કોઈપણ પ્રકારની મુશ્કેલી નહી પડે તો એક કેળુ આપીને પણ ૧૦-૧૦ લોકો ફોટા પડાવે એવી પ્રણાલિ ધરાવતા ભાજપીઓ જો ઈકો ઝોન સારો જ હોય તો પછી તેનું જાહેરનામું આપીને શા માટે ફોટા નથી પડાવતા? ગીરના ગામડાઓમાં ઈકો ઝોન મુદ્દે અનેક સભાઓ અને વિરોધ કાર્યક્રમો થઈ રહ્યા છે. આપના નેતા ગોપાલ ઈટાલીયા નો ઈકો ઝોન મુદ્દે વિડીયો વાયરલ થયો છે. ગીરના ગામડામાં આપના નેતાએ લોકોને ઈકો ઝોન મુદ્દે સમજાવતા ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ઈકો ઝોનનો વિરોધ વધતા હવે સરકાર ના માણસો, ભાજપના માણસો લોકોને સમજાવવા નીકળ્યા છે કે ઈકો ઝોનથી ખેડૂતોને કે સ્થાનિકોને મુશ્કેલી નહી ઉભી થાય. આ મુદ્દે ભાજપને ફોટો સેશન પાર્ટી ગણાવી કહ્યું હતું કે, ભાજપવાળા એક કેળુ આપે અને ૧૦ ભાજપવાળા ફોટા પડાવી લે છે, ખેડૂતોને બે-બે હજારની સહાય મળે તેમાં પણ ભાજપવાળા ફોટો પડાવી લે છે તો જો ઈકો ઝોન સારો હોય તો ગાંધીનગરથી ભાજપની આખી ટોળકી ગીરમાં ઉતરી પડી હોય અને સરપંચોને ઈકો ઝોનનું જાહેરનામું આપી ફોટા પડાવવું મંત્રીઓને આભાર માનતી પોસ્ટ મુકવામાં આવી હોય પણ આવું કંઈ થતું નથી તેનો મતલબ એ છે, કે ઈકો ઝોનથી મુશ્કેલી પડશે તે નક્કી હોવાનું ભાજપને માલુમ છે એટલે ફોટો પડાવવા આવતા નથી. સિંહ કે પર્યાવરણ બચાવવામાં કોઈ ખેડૂતને ક્યારેય વિરોધ હોય નહીં. એજ દિન સુધી ગીરના ખેડૂતોએ જ આ ધરોહરને બચાવી છે. ઈકો ઝોનથી ખેડૂતોને કોઈ તકલીફ નહી પડે. માત્ર ભરડીયા, રેતી અને બેલાની ખાણો બંધ થશે તેવા દાવાઓ મુદ્દે આપના નેતાઓએ આક્ષેપ કર્યા હતા કે આ તમામ ધંધાઓ ભાજપવાળાના જ ચાલે છે. સરકારે ઈકો ઝોન લાગુ કરવાને બદલે બે નંબરના ધંધા કરતા ભાજપના નેતાઓને કાબુ કરી લે તો ઈકો ઝોનથી પણ વધુ ફાયદો થાય તેમ છે. ખેડૂત બિચારો પોતાના ખેતરમાં ખેતી કરે તેનાથી શું પર્યાવરણ કે સિંહને નુકસાન થવાનું છે ? વનતંત્ર અને સરકાર દાવો કરે છે કે ઈકો ઝોન લાગી ગયા બાદ ગેરકાયદેસર પ્રવૃતિઓ બંધ કરાવી પર્યાવરણ અને સિંહને બચાવવામાં આવશે. પરંતુ આપણા દેશના કાયદા તે અનેક પ્રકારના છે પણ પાલન કરાવવાની સાચી નીતિ ક્યાં? કાયદો તે ગુજરાતમાં દારૂબંધીનો પણ છે તો શું તેની અમલવારી થાય છે? બે નંબરના ધંધા કરવાવાળા ગાંધીનગરથી સેટિંગ કરી કોઈ કાયદાની પરવા કરતા નથી.

# રીલેશન બાદ લગ્નની લાલચ આપી યુવાને ઘરેથી કાઢી મૂકતાં અનાથ યુવતી એ અભયમ નર્મદા ની મદદ લીધી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના એક ગામ માંથી એક યુવતીનો કોલ આવેલ તેમણે જણાલ કે, સાત વર્ષ રિલેશન બાદ લગ્નની લાલચ આપી તેના ઘરે રાખી હવે મને ઘરેથી કાઢી મૂકેલ છે, લગ્ન કરવા માટે ના કહે છે, તેથી યુવકને સમજાવવા માટે 181 અભયમ્ ની મદદ જોઈએ છે. ત્યાર બાદ 181 અભયમ ટીમ સ્થળ પર પહોંચી કાઉન્સેલિંગ કરતાં જાણવા મળેલ કે, 19 વર્ષીય અનાથ યુવતી નાનપણથી જ તેઓના માતા -પિતા મૃત્યુ પામેલ તેઓ દાદા -દાદી સાથે મોટા થયેલ. યુવકે યુવતીને સાત વર્ષ રિલેશનમા રાખ્યા બાદ હું તારી સાથે લગ્ન કરીશ તેમ કહી પોતાના ઘરે લઈ ગયેલ, 6 મહિના ઘરે રાખ્યા બાદ હવે ઘરેથી કાઢી મૂકી છે, અને લગ્ન માટે ના કહે છે, યુવતીને હવે આગળ શું કરવું કંઈ ખબર ના પડતાં 181 હેલ્પ લાઈન ની મદદ માગતા 181 ટીમે યુવક તેમજ માતા-પિતા ને સમજાવેલ કાયદા ની સમજ આપેલ લગ્ન ના વાયદો કરી થોડા સમય ઘરે રાખી ઘરેથી કાઢી મૂકવું, છેતરપિંડી ગણાય તેથી તેની આગળ કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે, યુવક તેમજ તેમના પરિવારને કાયદાનું ભાન થતાં યુવતીને રાખવા અને રાજીખુશીથી લગ્ન કરી આપવા ખાતરી આપતા, બન્ને પક્ષનું લખાણ કરાવી સમાધાન કરવામાં આવ્યું હતું. આમ 181 નર્મદા દ્વારા નિ:સહાય યુવતીને સહાય અપાવી મદદરૂપ બનેલ.

# ડીઆરએમ અમદાવાદે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે પ્રામાણિકતાની શપથ અપાવી

(એજન્સી) અમદાવાદ । તા. 30



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ખાતે આજે સ્વ.સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ અને સતર્કતા જાગૃકતા સપ્તાહ નિમિત્તે મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીરકુમાર શર્માએ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને પ્રામાણિકતા અને ભ્રષ્ટાચાર દૂર કરવા માટે શપથ અપાવી. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ કાર્યાલય પરિસરમાં પ્રામાણિકતા અને ભ્રષ્ટાચાર ને દૂર કરવાના શપથ લેવડાવતા, દરેક ને ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટે તેમના દૈનિક કાર્યમાં ઈમાનદારી ના મૂલ્યોને સામેલ કરવા આહ્વાન કર્યું હતું. રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને 'રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા' જાળવવા અને પરસ્પર ભાઈચારા ની સાથે હળીમળીને રહેવાના તથા પ્રામાણિકતા જાળવી રાખવાના શપથ લેવડાવ્યા હતા. સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી જીતેશ અગ્રવાલે જણાવ્યું હતું કે આપણા દેશને સંયુક્ત, સુરક્ષિત અને વિકસિત રાખવા માટે આપણે આપણા રોજિંદા જીવનમાં એકતા, રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતાના સિદ્ધાંતોનો સમાવેશ કરવો જોઈએ. આપણે ધર્મ, જાતિ અને સંપ્રદાયની વિવિધતા હોવા છતાં બધાની વચ્ચે હંમેશા સામાજિક , સમરસતા અને સાંપ્રદાયિક સદ્ભાવ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રસંગે મંડળ કાર્યાલય ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પૂર્વે નર્મદા જિલ્લા કલેકટર કચેરી ખાતે રાસ્ટ્રીય એકતા દિવસના શપથ લીધા

ભરત શાહ : રાજપીપળા



૩૧ મી ઓક્ટોબરના દિવસે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિએ રાસ્ટ્રીય એકતા દિવસ તરીકે દેશભરમાં ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે જાહેર રજા હોવાથી આજે તા. ૩૦/૧૦/૨૪ ના રોજ કલેકટર કચેરી ખાતે રાસ્ટ્રીય એકતા દિવસની પૂર્વે સામુહિક શપથ લીધા હતા. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કચેરીના કર્મચારીઓએ શપથ લઈ સરદાર સાહેબના કાર્યોને યાદ કર્યા તે પ્રસંગની તસવીરમાં અધિક કલેકટર સી.કે. ઉંધાડ અને નર્મદા જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તસવીરમાં દશ્યમાન થાય છે.

# ટ્રાઇએ 'ટેલિકમ્યુનિકેશન્સ એક્ટ, 2023 હેઠળ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસની જોગવાઈ માટે ફ્રેમવર્ક ફોર સર્વિસ ઓથોરાઇઝેશન્સ' પર કન્સલ્ટેશન પેપર બહાર પાડ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ટ્રાઇ) એ આજે 'ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 હેઠળ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસની જોગવાઈ માટે સેવા અધિકૃતતા માટે ફ્રેમવર્ક ફોર સર્વિસ ઓથોરાઇઝેશન્સ' પર એક કન્સલ્ટેશન પેપર બહાર પાડ્યું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય (એમઆઈબી) એ 25 જુલાઈ 2024ના રોજ એક પત્ર દ્વારા ટ્રાઈને સંદર્ભ મોકલ્યો હતો, જેમાં માહિતી આપવામાં આવી હતી કે ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 ભારતના સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023ની કલમ 3 (1) (એ), જેને હજી સુધી સૂચિત કરવાની બાકી છે, તે કોઈ પણ સંસ્થા / વ્યક્તિ દ્વારા અધિકૃતતા પ્રાપ્ત કરવા માટે જોગવાઈ કરે છે, જે સૂચિત કરવામાં આવી છે, જે સૂચવવામાં આવેલી ફી અથવા ચાર્જ સહિતના નિયમો અને શરતોને આધિન છે. પ્રસારણ સેવાઓના સંદર્ભમાં, સંદર્ભે જાણ કરવામાં આવી છે કે ઘણા બ્રોડકાસ્ટિંગ પ્લેટફોર્મ્સ (જે રેડિયો તરંગો અને સેવાઓ પ્રદાન કરવા માટે સ્પેક્ટ્રમનો ઉપયોગ કરે છે) એટલે કે. DTH, HITS, IPTV, ટેલિવિઝન ચેનલો (ટેલિપોર્ટ સહિત), SNG, DSNG, કોમ્યુનિટી રેડિયો, એફએમ રેડિયો વગેરેના અપલિંકિંગ/ ડાઉનલિંકિંગને ભારતીય ટેલિગ્રાફ એક્ટ, 1885ની કલમ 4 હેઠળ MIB દ્વારા લાઇસન્સ/ પરવાનગી/નોંધણી જારી કરવામાં આવે છે, જે છે. ટેલિકોમ્યુનિકેશન એક્ટ, 2023 દ્વારા બદલવામાં આવ્યું છે. મંત્રાલયે એક પૃષ્ઠભૂમિ નોંધ પણ શેર કરી હતી, જે એમઆઈબી દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા વિવિધ લાઈસન્સ/ મંજૂરીઓ/નોંધણીઓ અને ટેલિકમ્યુનિકેશન્સ એક્ટ, 2023ની સંબંધિત કલમોની નીતિગત માર્ગદર્શિકાઓની વિગતો પ્રદાન કરે છે, જે અધિકૃતતાના નિયમો અને શરતો પર અસર કરી શકે છે. એમઆઈબીએ ટ્રાઈ એક્ટ, 1997ની કલમ 11(1) (એ) હેઠળ 25.07.2024ના રોજ લખેલા ઉપરોક્ત પત્ર દ્વારા ટ્રાઈને ફી અથવા ચાર્જિસ સહિત નિયમો અને શરતો પર તેની ભલામણો પૂરી પાડવા વિનંતી કરી હતી. બ્રોડકાસ્ટિંગ સેવાઓ પ્રદાન કરવા માટે અધિકૃતતા માટે, તેને ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 સાથે સંરેખિત કરવાના અને વિવિધ સેવા પ્રદાતાઓમાં નિયમો અને શરતો વચ્ચે સુમેળ સાધવાના ઉદ્દેશ્ય સાથે, જેથી પ્રસારણ સેવાઓની અધિકૃતતા માટેના નિયમો અને શરતોને ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 હેઠળના નિયમો તરીકે સૂચિત કરી શકાય. તદનુસાર, ટ્રાઈની વેબસાઈટ (www.trai.gov.in) પર 'ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 હેઠળ બ્રોડકાસ્ટિંગ સેવાઓની જોગવાઈ માટે ફ્રેમવર્ક ફોર સર્વિસ ઓથોરાઇઝેશન્સ' પર એક કન્સલ્ટેશન પેપર મૂકવામાં આવ્યું છે, જે હિતધારકો પાસેથી ટિપ્પણીઓ / પ્રતિ-ટિપ્પણીઓ મેળવવા માટે છે. કન્સલ્ટેશન પેપરમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર લેખિત ટિપ્પણીઓ 20 નવેમ્બર 2024 સુધીમાં હિતધારકો પાસેથી અને અનુક્રમે 27 નવેમ્બર 2024 સુધીમાં પ્રતિ-ટિપ્પણીઓ મંગાવવામાં આવી છે. ટિપ્પણીઓ/પ્રતિ-ટિપ્પણીઓ પ્રાધાન્યમાં ઈમેઈલ દ્વારા advbcs-2@trai.gov.in અને jtadvisor-bcs@trai.gov.in પર મોકલી શકાય છે. કોઈપણ સ્પષ્ટતા/માહિતી માટે, શ્રી દીપક શર્મા, સલાહકાર (પ્રસારણ અને કેબલ સેવાઓ), ટ્રાઈનો ટેલિફોન નંબર +91-11-20907774 પર સંપર્ક કરી શકાય છે 'ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, 2023 હેઠળ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસની જોગવાઈ માટે સેવા અધિકૃતતા માટે ફ્રેમવર્ક ફોર સર્વિસ ઓથોરાઇઝેશન્સ' પર એક કન્સલ્ટેશન પેપર બહાર પાડ્યું છે.

# બીપીસીએલે વિજિલન્સ અવેરનેસ વીક 2024ની શરૂઆત કરી

(એજન્સી) મુંબઈ । તા. 30



પ્રતિષ્ઠિત મહારત્ન અને ફોર્ચ્યુન ગ્લોબલ 500 કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે (બીપીસીએલ) તેની કોર્પોરેટ ઓફિસ ખાતે 28 ઓક્ટોબરના રોજ વિજિલન્સ અવેરનેસ વીક 2024 (VAW-2024)નું ઉદ્ઘાટન કર્યું હતું અને બિઝનેસમાં નૈતિક પદ્ધતિઓ અને પ્રમાણિકતા પ્રત્યે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. દેશની સમૃદ્ધિ માટે પ્રમાણિકતાની સંસ્કૃતિ થીમ પરનો આ કાર્યક્રમ દેશભરમાં બીપીસીએલની કામગીરીઓમાં 28 ઓક્ટોબરથી 3 નવેમ્બર સુધી મનાવવામાં આવશે જેમાં તમામ કર્મચારીઓમાં તકેદારીને પ્રોત્સાહન આપવા અને જાગૃતતા વધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવી છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય સેક્રેટરી અને ભૂતપૂર્વ-સભ્ય લોકપાલ શ્રી દિનેશ કુમાર જૈને મુખ્ય અતિથિ તરીકે ઉદ્ઘાટન વિધિ કરી હતી જેમની સાથે ચીફ વિજિલન્સ ઓફિસર આઈઈએસ શ્રીમતી મીનાક્ષી રાવત, ડિરેક્ટર (ફાઇનાન્સ) શ્રી વી આર કે ગુપ્તા, ડિરેક્ટર (એચઆર) શ્રી રવિ કુમાર દુબે, ચીફ જનરલ મેનેજર (વિજિલન્સ) શ્રી એસ શ્રીકાંત તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ સહિત બીપીસીએલની લીડરશિપ ટીમ જોડાઈ હતી. પ્રતીકાત્મકરૂપે શ્રીમતી મીનાક્ષી રાવતે પ્રમાઈકતા અને પારદર્શકતા પ્રત્યે તેમના સમર્પણ અંગે દ્રઢતા દર્શાવવા લાઈવ વેબકાસ્ટ દ્વારા સમગ્ર ભારતના બીપીસીએલના કર્મચારીઓને એક કરતાં પ્રમાણિકતાના શપથ લેવડાવ્યા હતા.

કર્મચારીઓને તેમના સંદેશમાં બીપીસીએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જી. કૃષ્ણાકુમારે ભારત પેટ્રોલિયમની નૈતિકતા, પ્રમાણિકતા અને જવાબદારીપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી જે તેમની કામગીરીઓમાં પાયાના સ્થાને છે. તેમણે જણાવ્યું હતું કે "આ સપ્તાહ ભ્રષ્ટાચાર-મુક્ત કામના સ્થળને પ્રોત્સાહન આપવામાં અમારા સમર્પણની મહત્વની યાદ અપાવે છે. તેમણે નૈતિકતા અને પ્રમાણિકતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં શ્રીમતી મીનાક્ષી રાવત અને તેમની વિજિલન્સ ટીમની સતત પ્રતિબદ્ધતા બદલ તેમની પ્રશંસા પણ કરી હતી."

પોતાના વક્તવ્યવમાં શ્રીમતી મીનાક્ષી રાવતે કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સમાં ભારતના સ્થાનનો ઉલ્લેખ કર્યો હતો અને નૈતિક કામગીરીઓમાં સતત સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એથીસ્ફિયરના વાર્ષિક રેન્કિંગ તરફ નિર્દેશ કર્યો હતો જેમાં જણાવાયું છે કે નૈતિક કંપનીઓ ઘણી વાર બજાર કરતાં આગળ નીકળી જતી હોય છે જે નૈતિકતા અને વિશ્વાસના બીપીસીએલના મુખ્ય મૂલ્યોનું પ્રમાણ છે. તાજેતરમાં જ સેન્ટ્રલાઈઝ્ડ ઈન્ટ્રાનેટ વેબપેજ પર તમામ નીતિઓ અને માર્ગદર્શિકાઓને સંકલિત કરીને તમામ બિઝનેસ યુનિટ્સમાં સ્ટ્રીમલાઈન કરવામાં આવી હતી જે પારદર્શકતા પ્રત્યે બીપીસીએલની પ્રતિબદ્ધતા દર્શાવે છે. જાહેર ફરિયાદ પોર્ટલની સફળતાને ટાંકતા શ્રીમતી રાવતે મજબૂત ફરિયાદ-નિવારણ સિસ્ટમના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ઉમેર્યું હતું કે તકેદારી એ માત્ર વિજિલન્સ ઓફિસર્સનું જ કામ નથી પરંતુ સમગ્ર બીપીસીએલના કર્મચારીઓની સહિયારી જવાબદારી છે. મુખ્ય અતિથિ શ્રી દિનેશ કુમાર જૈને તેમના વક્તવ્યમાં પ્રમાણિકતા અને સત્યનિષ્ઠાના પાયાના મૂલ્યો સમજાવ્યા હતા. તેમણે સ્વીડનનો એક કિસ્સો યાદ કર્યો હતો.

# દિવાળી પર કેમ બનાવવામાં આવે છે રંગોળી ?








ભારતમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો તેમના ઘરને રોશની, ફૂલો, દીવા અને રંગોળી જેવી વસ્તુઓથી શણગારે છે, તો ચાલો તમને તેની પાછળની આખી સ્ટોરી જણાવીએ. દિવાળી પર કેમ બનાવવામાં આવે છે રંગોળી, શું છે દિવાળી પર રંગોળી બનાવવા પાછળની માન્યતા. દિવાળીના તહેવાર પર રંગોળી બનાવવાની પરંપરા સદીઓ જૂની છે. હિન્દુ શાસ્ત્રો અનુસાર રંગોળી બનાવવાથી ઘરમાં પોઝિટિવ એનર્જી ફેલાય છે અને નેગેટિવ એનર્જીનો નાશ થાય છે. આ સિવાય તેની પાછળ બીજી ઘણી વાતો પણ છે. ચાલો આ વિશે જાણીએ. દિવાળીના તહેવાર પર રંગોળી બનાવવાની પરંપરા સદીઓ જૂની છે. હિન્દુ શાસ્ત્રો અનુસાર રંગોળી બનાવવાથી ઘરમાં પોઝિટિવ એનર્જી ફેલાય છે અને નેગેટિવ એનર્જીનો નાશ થાય છે. આ સિવાય તેની પાછળ બીજી ઘણી વાતો પણ છે. ચાલો આ વિશે જાણીએ. દેવી-દેવતાઓને ખાસ કરીને દેવી લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે રંગોળી બનાવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે રંગોળી બનાવવાથી દેવી લક્ષ્મીની કૃપા જળવાઈ રહે છે અને ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે છે. રંગોળીનું માત્ર ધાર્મિક મહત્વ નથી પરંતુ તે કલા અને સુંદરતાનું પ્રતિક પણ છે.

એવું માનવામાં આવે છે કે 14 વર્ષના વનવાસ પછી ભગવાન રામ સીતા અને લક્ષ્મણ સાથે અયોધ્યા નગરી પહોંચ્યા હતા. ત્યારબાદ અયોધ્યાના લોકોએ તેમના સ્વાગત માટે રંગોળી બનાવી અને દીવા પ્રગટાવ્યા હતા. આ જ કારણ છે કે દિવાળી દરમિયાન દરેક ઘરમાં રંગોળી બનાવવામાં આવે છે. ભારતીય પુરાતત્વ વિભાગના જણાવ્યા અનુસાર રંગોળીના સૌથી જૂના પુરાવા પણ મોહેંજોદડો અને હડપ્પા સંસ્કૃતિ સાથે સંબંધિત છે. પુરાતત્વ વિભાગના અહેવાલ મુજબ આ સંસ્કૃતિઓમાં અલ્પના પ્રતીકો મળી આવ્યા છે, જે રંગોળી સાથે ખૂબ જ મળતા આવે છે. એવી પણ માન્યતા છે કે દિવાળીના દિવસે દેવી લક્ષ્મીનું સ્વાગત કરવા માટે લોકો ઘરના મુખ્ય દ્વાર પર રંગોળી બનાવે છે. તેનાથી ઘરમાં દેવી લક્ષ્મીનું આગમન થાય છે અને તેમની કૃપા હંમેશા બની રહે છે. તમને જણાવી દઈએ કે દિવાળી દરમિયાન જ્યારે દેવી લક્ષ્મી, ગણેશ અને કુબેરજીના સ્વાગત માટે રંગોળી બનાવવામાં આવે છે, ત્યારે તેના પર દેવી-દેવતાઓની કૃપા રહે છે. રંગોળી માત્ર ધાર્મિક પરંપરાઓનો જ એક ભાગ નથી, પરંતુ તેનું સાંસ્કૃતિક મહત્વ પણ છે. વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારની રંગોળી બનાવવામાં આવે છે. જે તે સ્થળની સાંસ્કૃતિક ઓળખ દર્શાવે છે. રંગોળી એ ભારતીય સંસ્કૃતિનો એક અભિન્ન અંગ છે. જેને પેઢીઓથી સાચવવામાં આવે છે અને તેનું જતન કરવામાં આવે છે. રંગોળી શબ્દ એક પ્રાચીન સંસ્કૃત શબ્દ છે, જેનો અર્થ રંગો દ્વારા લાગણીઓ વ્યક્ત કરવી. હવે રંગોળી બનાવવાની વાત કરીએ તો ફૂલો, રંગો, ગુલાલ અને લોટનો ઉપયોગ કરીને રંગોળી તૈયાર કરવામાં આવે છે અને દિવાળીની પૂજામાં તેની ડિઝાઈન તેમના ઘરના પ્રવેશદ્વાર પર દેવી લક્ષ્મી, સ્વસ્તિક, કમળના ફૂલ અને મોર જેવી ડિઝાઈન પર આધારિત હોય છે.

# આ વખતે ઉજવો ઈકો ફ્રેન્ડલી દિવાળી આ આઈડિયા આવશે કામ

**દિવાળીના અવસર પર ફટાકડામાંથી નીકળતા ધુમાડાને કારણે હવાનું પ્રદૂષણ વધે છે. જે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે ખબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે, આવી સ્થિતિમાં આપણે સૌએ પર્યાવરણને અનુકૂળ એવી ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવવી જોઈએ. : દિવાળીના તહેવારને લોકો ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. આ તહેવાર આનંદ, પ્રકાશ અને અનિષ્ટ પર સારાની જીતનું પ્રતિક છે, લોકો તેમના ઘરની સફાઈથી લઈને કપડાંની ખરીદી કરવા માટે અગાઉથી તૈયારીઓ શરૂ કરે છે. મીઠાઈઓ અને અન્ય ઘણી વસ્તુઓ શરૂ થાય છે. જે દિવાળી સુધી ચાલુ રહે છે, દિવાળીના દિવસે, લોકો તેમના ઘરોને રંગબેરંગી લાઈટ્સ, દીવા અને મીણબત્તીઓથી પ્રકાશિત કરે છે. આ દિવસે લોકો સાથે મળીને ફટાકડા ફોડે છે, પરંતુ ફટાકડામાંથી નીકળતા ધુમાડાને કારણે પર્યાવરણને નુકસાન થાય છે ઘણા શહેરોમાં પ્રતિબંધ છે હવે આવી સ્થિતિમાં તમે દિવાળીના દિવસે પૂજા કરીને આ દિવસને ઈકો-ફ્રેન્ડલી રીતે ઉજવી શકો છો.**


**દીવડાનો ઉપયોગ »** અમાવસ્યાની રાતે દિવાળી ઉજવવામાં આવે છે. તેથી આ દિવસે ઘરમાં દીવા પ્રગટાવવાની પરંપરા ચાલી રહી છે, પરંતુ આજકાલ લોકો પરંપરાગત મીણબત્તીઓ અને પ્લાસ્ટીકના દીવાઓનો વધુ ઉપયોગ કરે છે પર્યાવરણ માટે હાનિકારક છે, તેના બદલે માટીના દીવા વાપરો.

**ફટાકડાથી અંતર રાખો »** દિવાળી પર ફટાકડા ફોડવાની પ્રથા સદીઓ જૂની છે, પરંતુ તેના કારણે હવે વાયુ પ્રદૂષણ વધી રહ્યું છે, જે વ્યક્તિના સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરે છે, આવી સ્થિતિમાં ઈકો-ફ્રેન્ડલી દિવાળી ઉજવવાની એક રીત છે કે ફટાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવો અથવા ફક્ત પર્યાવરણને અનુકૂળ ફટાકડા પસંદ કરો.

**રંગો અને ફૂલોથી રંગોળી બનાવો »** દિવાળી પર ઘરે રંગોળી બનાવવાની પરંપરા પણ આ દિવસે પ્રાકૃતિક રંગો અથવા ફૂલોથી બનાવો અને કોફી પાવડરનો ઉપયોગ કરીને રંગોળી પણ બનાવી શકો છો.

**આ વસ્તુઓનો ઉપયોગ કરો »** દિવાળી પર ઘરને સજાવવા માટે પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ઓછો કરો અથવા તેને ફેંકી દો. તમે બજારમાંથી દરવાજા માટે કૃત્રિમ તોરણ ખરીદો છો તેના બદલે રિયલ ફૂલોના હાર બનાવી શકો છો અથવા તમે ઘરે હાજર નકામા કાગળ અથવા કપડાંનો ઉપયોગ કરીને સુશોભન વસ્તુઓ બનાવી શકો છો.

**કાગળની થેલીઓનો ઉપયોગ »** દિવાળીના દિવસે લોકો એકબીજાના ઘરે મીઠાઈ અને ગિફ્ટ લઈ જાય છે. આવી સ્થિતિમાં આ વસ્તુઓ માટે પ્લાસ્ટિકની થેલીઓને બદલે કાગળની બેગ અથવા હાથથી બનાવેલા કાગળનો ઉપયોગ કરો.



# બજાર જેવી રુની વાટ ઘરે બનાવો, ફોલો કરો આ ટિપ્સ અને સજાવો સુંદર દિવડાઓ

**દિવાળી પર દીવા પ્રગટાવવા માટે ઘણી બધી રૂની વાટની જરૂર પડે છે. પરંતુ જો આ વાટ બજારમાંથી ખરીદવામાં આવે તો કપાસની ગુણવત્તા સારી રહેતી નથી અને તે લાંબા સમય સુધી પ્રગટતી પણ નથી. ગોળ વાટ હોય કે લાંબી વાટ હોય, દિવાળી પર બંને પ્રકારની વાટની જરૂર પડે છે. જો તમે ઘરે કપાસની વાટ બનાવવા માંગો છો તો તમે આ સરળ ટિપ્સની મદદ લઈ શકો છો. જેથી કરીને દિવાળી પહેલા ઘણા બધા દીવા બનાવી અને તૈયાર કરી શકાય અને દીવો કરતી વખતે તેમાં માત્ર ઘી કે તેલ નાખવાની જરૂર છે.**

**ગોળ વાટ બનાવવાની ટિપ્સ |** ગોળ વાટ બનાવવા માટે રુની જરૂર પડશે અને બજાર જેવી વાટ બનાવવા માટે 2 ચમચી દૂધની જરુર પડશે. હવે તમારા હાથ પર થોડું ઘી લગાવો અને કોટનના નાના બોલ્સ બનાવો. એક છેડો પકડીને તેને થોડો ખેંચો અને દૂધ વાળી આંગળી કરીને ઉપરના ભાગને ગોળ ચપટી વડે ફેરવો. જેથી રુ નો એક ભાગ ફરે અને લાંબો થઈ જાય. હવે માત્ર દવાના પેકેટને કાપી લો. તેમાં રૂની વાટ મૂકો અને ઘી પણ ઉમેરો અને ફ્રીઝરમાં સ્ટોર કરો. જેથી તેઓ એક સરખી થઈ જાય અને તમારી રેડીમેડ જેવી વાટ તૈયાર થઈ જાય. જ્યારે પણ દીવા પ્રગટાવવાની જરૂર હોય, ત્યારે ફક્ત આ વાટ લો અને દીવામાં મૂકો અને તેને પ્રગટાવો.

**લાંબી રુની વાટ બનાવવાની ટ્રિક |** ઘરમાં દીવા પ્રગટાવવા માટે રૂની લાંબી વાટ પણ જરૂરી છે. આ દીવાઓ થોડી મિનિટોમાં જ બલ્કમાં બનાવી શકાય છે. આના માટે તમારે માત્ર એક પાતળા લાકડાની સળીની અને સાદા પાટલાની જરૂર પડશે. લાકડાના ખરબચડા પાટલા પર થોડો કપાસ મૂકો અને તેના પર આ લાકડાની સળી મૂકો અને તેને તમારી હથેળીઓથી ગાંઠીયા વણતા હોય તેમ વણો. માત્ર કપાસ વડે એક જ વારમાં લાંબી વાટ તૈયાર થઈ જશે. આ રીતે ઘણી વાટ ઝડપથી બનાવી શકાય છે. આ વાટ વધુ બનાવીને તમે ગૃહ ઉદ્યોગ પણ ચાલુ કરી શકો છે અને ઘરે બેઠા કમાણી પણ કરી શકો છો.

# હિન્દુ સંસ્કૃતિમાં કાળી ચૌદશની રાત્રીનું ધાર્મિક માન્યતા અનુસાર અત્યંત મહત્વ છે, દિવાળીની શરૂઆતમાં આવતી એકદશી વ્રતનો ઉપવાસ એકટાણા દ્વારા ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી શકાય

હિન્દુ સંસ્કૃતિ માં કાળી ચૌદશ ની રાત્રીનું ધાર્મિક માન્યતા અનુસાર અત્યંત મહત્વ છે. દિવાળીની શરૂઆત માં આવતી એકદશી વ્રતનો ઉપવાસ એકટાણા દ્વારા ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી શકાય છે.કાળી ચૌદશ ના દિવસે પણ ધ્યાન,સાધના,મંત્ર જપ અને સ્તુતિ દ્વારા માં મહાકાળી ની કૃપા ભકતો પર ભરપુર થતી હોય છે. આ કારણોસર સિદ્ધ યોગીઓ,તાંત્રિકો અને ગૃહસ્થો કાળી ચૌદશ ની રાત્રિ એ ધ્યાન,સાધના કે મંત્ર જપ કરતાં હોય છે.જે રીતે બાળક નું માતા વગર પૃથ્વી પર જન્મવું અશક્ય છે એજ રીતે જીવનમાં માતાજી ની કૃપા વગર સિધ્ધિઓ કે સફળતા પ્રાપ્ત થવી અશક્ય છે.

કાળી ચૌદસ ના દિવસે ગુરુના આશીર્વાદ લઈને મંત્ર જપ, સાધના નું પૂરી શ્રદ્ધા ભક્તિ પૂર્વક ધ્યાન કે પાઠ કરવાથી અવશ્ય માં મહાકાળીની કૃપા પ્રાપ્તિ થાય છે. દેવી ભાગવત અનુસાર શુંભ નીશુંભ, ચંડ મુંડ,રક્તબીજ વગેરે દૈત્યો નો વધ કર્યા બાદ માં ભગવતી એ અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.માતાજી એ "માં મહાકાળી" ના સ્વરૂપે પ્રગટ્યા હતા.કળયુગ માં મહાકાળી ની પૂજા અર્ચના વિશેષ થાય છે. દૈત્યો ના વધ બાદ માં મહાકાળી નું ભયાનક રોદ્ર પર નજર ભગવાન સદાશિવ એ "માં મહાકાળી" ની એનું રોદ્ર સ્વરૂપ ત્યજી મૂળ સ્વરૂપે પધારે એટલે અન્ય દેવી દેવતાઓ સાથે ભગવાન સદાશિવ એ સ્તુતિ કરી હતી.દેવી સ્તુતિ :

યા દેવી સર્વભૂતેષુ ક્ષમા રૂપેણ સંસ્થિતા

રાત્રિના અમુક પ્રહર બાદ માં મહાકાળી એ મૂળ સ્વરૂપ સૌમ્ય સ્વરૂપ મા જગદંબા ના સ્વરૂપે પ્રગટ થયા હતા.આ કારણોસર કાળી ચૌદશ ના દિવસે રાત્રિ ના ચારેય પ્રહર માતાજી ની સાધના,જપ,ધ્યાન કરવાથી અવશ્ય મનમાં ધારેલું કાર્ય માં માતાજી ની કૃપા થી પ્રાપ્ત થતાં હોય છે. કાળી ચૌદશ નો દિવસ મેલી વિદ્યા ના જાણકાર માટે નો ખાસ દિવસ માનવામાં આવે છે.સાધકો સ્મશાન માં જઈને રાત્રિ દરમિયાન સંમોહન વિદ્યા, વશીકરણ વિદ્યા, કર્ણ પિસાચીની વિદ્યા,સૂક્ષ્મ સ્વરૂપ એ નિહાળી શકાય, મારણ વિદ્યા,વગેરે વગેરે વિદ્યા સાધકો કઠિન સાધના દ્વારા માતાજી ની કૃપા થી સિધ્ધ કરતા હોય છે. વર્તમાન સમયમાં મોટાભાગ ના ખુદને સમાજ માં ખાસ બનાવનાર બાવા સાધુઓ આ પ્રકાર ની વિદ્યાઓ સ્મશાન માં જઈને સિધ્ધ કરતા હોય છે.આ પ્રકારની વિદ્યાઓને સિદ્ધ કરનાર માં માં ભગવતી મહાકાળી ની કૃપાથી લોકોને પોતાની તરફ આકર્ષિત કરવા ની તાકાત આવી જતી હોય છે. આવા અઘોરી મેલી વિદ્યા સિધ્ધ કરનાર પર લોકો તર્ક વિતર્કો કરતા નથી. નજર સામે જાદુ ના ખેલ થતાં હોવા છતાંય જાદુગર પર શંકા થતી નથી.આ પ્રકાર ની માં મહાકાળી ની કૃપા પ્રાપ્તિ માટે થતી સાધનાઓ એ માતાજીની કૃપા પ્રાપ્તિ વગર પ્રાપ્ત થવી મુશ્કેલ છે.આ પ્રકાર ની સાધનાઓ દરમિયાન ઘણી અડચણ અને પરીક્ષાઓ થતી હોય છે.ઘણીવાર સાધના માં ખોટા મંત્રજાપ કે પૂજાવિધિ માં નાનકડી પણ ગડબડ થઈ તો સાધક નું ક્રૂરતા પૂર્વક મૃત્યુ થતું હોય છે. આ સાધના માતાજી ના ભયાનક રોદ્ર સ્વરૂપ નું થતું હોવાથી નાનકડી ભૂલ પણ ભય માં પરિવર્તિત થતાં વાર નથી લાગતી.



**કાળી ચૌદશ અને દીપાવલી**

**- રુપાલી દવે**

કાળી ચૌદશ નો દિવસ પાઠ,ધ્યાન અને પૂજા નો છે એટલે આ દિવસે દિવસે કે રાત્રિ દરમિયાન ધાર્મિક કર્મ કરવું એ લાભ દાયક નીવડે છે. આ દિવસે નિર્દોષ મંત્ર કે ચાલીસાના પાઠ નું પઠન કરવાથી આખું વર્ષ ખુશ ખુશાલ અને સુખ શાંતિ પ્રદાન રહે છે.આ ખાસ ઉપાસના દિવસે હનુમાન ચાલીસા ના આગિયાર, એકવીસ, એકાવન કે સો પાઠ કરવા જોઈએ.આ દિવસે માત્ર એક પાઠ કરવાથી પણ ભગવાન સદાશિવ ના રુદ્રાવતાર હનુમાનજી ની કૃપા પ્રાપ્તિ કરી શકાય છે તો વિચારો સો પાઠ કરવાથી તો "રામનામ"જપ ની પ્રાપ્તિ થઈ જાય.લાખ કોશિશ કરો ભગવાનનું સ્મરણ એની કૃપા વગર પ્રાપ્ત થવું અશક્ય છે.રામાયણ ગ્રંથ મુજબ માતા જાનકી જી એ હનુમાનજી ને "હનુમાનજી ના ભક્ત ની રિધ્ધિ સિધ્ધિ કાયમ રહેશે" એવુ વરદાન આપ્યું હતું. ભૂત પ્રેત પિશાચ કે રોગ દોષ માંથી હનુમંત કૃપા થી મુક્તિ મળે છે.

આ દિવસ ને નરક ચતુર્દશી ના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ એ એની પત્ની સત્યભામા ની હાજરી માં નરકાસુર નો વધ કર્યો હતો. રાજાઓની સોળ વર્ષ થી નાની કુંવરીઓનું નરકાસુર એ અપહરણ કર્યા બાદ એના નગર ની નિર્જન તળેટીમાં આવેલ મહેલ મા કેદ કરી હતી. આ કુંવરી ઓને કેદ કર્યા બાદ નરકાસુર એના તરફ નજર સુધ્ધા પણ કરતો નહતો. મૃત્યુ ની રાહ માં ૧૬૧૦૦ કુંવરી ઓ ભગવાન શ્રી કૃષ્ણ નું સ્મરણ કરતાં કરતાં જીવી રહી હતી. નરકાસુર પાસે અલૌકિક શક્તિઓ હતી અને મુર નામના દૈત્ય નું બળ હતું.મુર દૈત્ય એ નરકાસુર નો સેનાપતિ હતો એટલે એને હરાવવો અન્ય રાજાઓ માટે અશક્ય હતો.નરકાસુરને પૃથ્વી ના રાજાઓ તો ઠીક દેવો માટે પણ હરાવવા અશક્ય હતો.એ એટલો ઉદ્ધત બની ગયો હતો કે એને સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ના માતા ના કાન ના કુંડલો ચોરી લીધા હતા. નરકાસુરને વરદાન હતું કે એ સ્ત્રીઓના હાથ મૃત્યુ પામશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પત્ની સત્યભામા નો સહારો લઈને નરકાસુર નો વધ કર્યો હતો. નરકાસુર નો વધ થતાં દેવો એ પુષ્પ વૃષ્ટીઓ કરીને ચારે તરફ જન જનમાં ખુશીઓ ફેલાઈ ગઈ.

ભગવાન શ્રી કૃષ્ણ એ નરકાસુરના પ્રિય પુત્ર ભગદતને રાજગાદી સોંપી ને ઈન્દ્ર ની માતા અદિતિના કુંડળ લીધા. નગર ની તપેટી ના નિર્જન મહેલ મા કેદ ૧૬૧૦૦ રાજ કુંવરી ઓને આઝાદ કરી.આ કુંવરી ઓને ભગવાન એ પોતપોતાના રાજ્ય મા મોકલવા પાલખી તૈયાર થતા પ્રસ્થાન કરવાનું સૂચવ્યું. ૧૬૧૦૦ કુંવરી ઓએ ભગવાન શ્રી કૃષ્ણ ને રડતા રડતા કહ્યું કે હે!!પરમેશ્વર,અમે પરત નગર માં જઈશું તો કદાચ એમને ફરી સ્વીકારવા તૈયાર થશે નહિ.સ્ત્રી એક રાત પણ પર પુરુષ ના ત્યાં રોકાય છે તો એને સ્વજનો સ્વીકારતા નથી.અમારા જેવી બદનસીબ સ્ત્રીઓના જીવન ને મૃત્યુ વરદાન સાબિત થશે.મૃત્યુ આપો અથવા તો તમારા મહેલ ની દાસીઓ બનશું અન્ય વિકલ્પ અમારા જેવા બદનસીબ માટે નથી. ભગવાન શ્રી કૃષ્ણ એ પત્ની સત્યભામા ની મરજી થી ૧૬૧૦૦ દાસીઓ સાથે નરક ચતુર્દશી ના દિવસે દાસી નહિ પત્ની બનાવવા પાણિગ્રહણ કર્યું ને પોતાની સાથે દ્વારિકા લઈ ગયા હતા.

કાળી ચૌદશને રૂપ ચૌદશ પણ કહેવાય છે આ દિવસે નરકાસુર નો વધ કરીને સમગ્ર પ્રજાજન ને એના ત્રાસ માંથી ઉગાર્યા હતા. સાધના,ઉપાસના,મેલી વિદ્યા વગેરે સાથે સ્ત્રી સન્માન અને કૃપાનો પણ ઉતમ દિવસ છે. બંગાળ માં કાળી ચૌદશ ના દિવસ ને મહાકાળી ના જન્મ દિવસ નિમિતે ધામધૂમ થી ઉજવવા માં આવે છે.આ દિવસે યમરાજા ની પૂજા કરવાથી અકાળ મૃત્યુ થતું નથી. સંધ્યા સમયે યમ દીપ દક્ષિણ દિશા તરફ રાખીને પ્રગટાવવાથી મૃત્યુ દિવાળીના ધન તેરસ થી ભાઈ બીજ સુધી પ્રવેશતુ નથી. આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ,કાળી માતા,ભૈરવની પૂજા અર્ચના ઉપાસના કરવાથી ઈચ્છિત ફળ ની પ્રાપ્તિ થાય છે. ચૌદસના દિવસે રાત્રે કરેલ ઉપાસના સાધના કે પૂજા એ સહસ્ત્ર ગણું ફળ પ્રાપ્ત કરાવે છે.

આ દિવસે દક્ષિણ દિશા ને સાફ રાખવી,તલ ના તેલ નું દાન ના કરવું કે સાવરણીને પગ અડાડવો જોઈએ નહિ. સાંજે હનુમાનજી સામે તેલ નો દીવો પ્રગટાવવો અને પીળા કે કેસરી વસ્ત્રો પહેરી ને હનુમાનજી ની સાત માળા કરવાથી રોગ,ભય,ગ્રહ દોષ વગેરે નડતા નથી..

રમાં એકાદશી થી શરુ થતા દીપાવલી ઉત્સવ ની ધૂમધામ કાળી ચૌદશ ના દિવસે મહા સરસ્વતી,મહા લક્ષ્મી અને મહા કાળી ની ઉપાસના સાધના બાદ ધરતી પર ત્રણેય દેવીઓનું પ્રાગટ્ય થતાં ચારે બાજુ જન માનસ માં હર્ષોલ્લાસપૂર્વક તહેવારની રમઝટ ખીલી ઊઠે છે. આ સાથે અયોધ્યા માં રામચંદ્ર જી ના પત્ની સીતાજી અને ભાઈ લક્ષ્મણ સાથે આગમન થતાં ઘરે ઘરે દીપાવલી પર્વ નો ઉમંગ ઉત્સાહ જોવા મળે છે.એકીસાથે અયોધ્યા વાસી ઉમંગ માં પ્રભુ ના આગમન માં ગાય છે:

વગાડો ઢોલ સ્વાગત મે મેરે ઘર રામ આયે હે..

Happy diwali

# એક્ટિંગ માટે અભ્યાસ છોડી દીધો

## સ્કૂલમાં સારાથી ડરતી હતી, હવે બેસ્ટ ફ્રેન્ડ; શાહરુખના પુત્રએ લગાવ્યો હતો ડ્રગ્સ સપ્લાયનો આરોપ...!

મુંબઈ | બોલિવૂડ અભિનેત્રી અનન્યા પાંડેએ વર્ષ 2019માં ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. 5 વર્ષની તેની કારકિર્દીમાં અનન્યા અત્યાર સુધીમાં 10 પ્રોજેક્ટ્સમાં જોવા મળી છે. જો કે, તે તેની ફિલ્મો કરતાં તેના અંગત જીવન અને સોશિયલ મીડિયા ટ્રોલિંગ માટે વધુ સમાચારોમાં રહે છે. અનન્યાના 26માં જન્મદિવસ પર જાણો તેની સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો...

અભિનેત્રી બનવા માટે અભ્યાસમાંથી બ્રેક લીધો અનન્યા પાંડેના પિતા ચંકી પાંડે, 30 ઓક્ટોબર, 1998ના રોજ જન્મેલા બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા છે. તેની માતા ભાવના પાંડે કોસ્ચ્યુમ ડિઝાઈનર છે. પરિવારમાં અનન્યાની એક નાની બહેન રાયસા પણ છે.

અનન્યા બાળપણથી જ અભિનેત્રી બનવા માગતી હતી. મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી સ્કૂલિંગ પૂરું કર્યા બાદ તેણે એક્ટિંગ માટે અભ્યાસમાંથી બ્રેક લીધો હતો.

અનન્યા સ્કૂલમાં સારા અલી ખાનથી ડરતી હતી બહુ ઓછા લોકો જાણે છે કે સૈફ અલી ખાનની દીકરી સારા અલી ખાન અને અનન્યા એક જ સ્કૂલમાં ભણતા હતા. હાલમાં જ મિડ-ડેને આપેલા ઈન્ટરવ્યૂમાં અનન્યાએ કહ્યું હતું કે, 'એક જ સ્કૂલમાં ભણવા છતાં હું સારાની ફ્રેન્ડ નહોતી. હું તેનાથી ડરતી હતી. તે ખૂબ જ સ્પષ્ટવક્તા હતી અને કોઈપણની સામે કંઈપણ કહી દેતી. તેને શાળામાં જોઈને હું મારો રસ્તો બદલી નાખતી.

અનન્યા સારાની પાછળ છત્રી લઈને ઊભી રહેતી શાળાનો એક કિસ્સો શેર કરતી વખતે અનન્યાએ કહ્યું, 'સ્કૂલમાં એક નાટક હતું જેમાં અમે બંનેએ સાથે કામ કર્યું હતું. તે મુખ્ય ભૂમિકા ભજવી રહી હતી અને મારે તેની પાછળ છત્રી લઈને ઊભું રહેવું પડતું. રિહર્સલ દરમિયાન તેણે ક્યારેય મારું નામ જાણવાનો પ્રયાસ પણ કર્યો નથી. તે મને આ રીતે બોલાવતી હતી - 'અરે છોકરી, અહીં આવ.'

આજે જ્યારે હું તેને તેની આ બધી પ્રવૃત્તિઓ વિશે કહું છું, ત્યારે તે કહે છે કે આ બધી બકવાસ છે અને મેં શાળામાં ક્યારેય તમારી સાથે આવું વર્તન કર્યું નથી. જોકે, સમયની સાથે સારા અને અનન્યા ખૂબ જ સારા મિત્રો બની ગયા છે. બંને ઘણી વખત સાથે જિમ અને લંચ પણ ગયા છે. અનન્યા કહે છે કે સારા હવે પહેલા કરતા વધુ ફ્રેન્ડલી બની ગઈ છે. શનાયા અને સુહાના બેસ્ટ ફ્રેન્ડ છે સંજય કપૂરની દીકરી શનાયા અને શાહરુખ ખાનની દીકરી સુહાના અનન્યાની બેસ્ટ ફ્રેન્ડ્સ છે. ત્રણેય બાળપણની મિત્રો છે અને દરરોજ તેમના બાળપણના ફોટા શેર કરતી રહે છે.

2017 માં બાલ ડેસ ડેબ્યૂટેન્ટ્સ ગાલાનો હિસ્સો રહી છે અનન્યા એ બોલિવૂડ સેલેબ્સમાંથી એક છે જેણે પેરિસમાં લે બાલ ડેબ્યુટેન્સ ગાલામાં હાજરી આપી હતી. આ ઈવેન્ટ દ્વારા, ગ્લોબલ રિચ ફેમિલી તેમના 16 થી 25 વર્ષની વયના બાળકોનો પરિચય કરાવે છે. અનન્યાએ અમેરિકન અભિનેત્રી રીસ વિથરસ્પૂનની પુત્રી સાથે આ ઈવેન્ટમાં હાજરી આપી હતી.

પોતાની ફેવરિટ ફિલ્મના બીજા ભાગથી ડેબ્યૂ કર્યું અનન્યા 2012માં રિલીઝ થયેલી ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર'ની ડાઇ-હાર્ડ ફેન છે. આ ફિલ્મ જોયા પછી તે વરુણ ધવનની દીવાની બની ગઈ હતી. થોડા વર્ષો પછી, જ્યારે કરણ જોહરે તેને આ ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'નો બીજો ભાગ ઑફર કર્યો, ત્યારે અભિનેત્રીએ તરત જ તે સ્વીકારી લીધી. અનન્યા પહેલા કરણે 'SOTY 2' માટે સારા અલી ખાન અને જ્હાનવી કપૂર સહિત ઘણી અભિનેત્રીઓના નામ પર વિચાર કર્યો હતો.

યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં પ્રવેશ પોસ્ટપોન કર્યો અનન્યાએ તેની ડેબ્યૂ ફિલ્મના શૂટિંગ માટે યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયામાં એડમિશનન લેવાનું મુલતવી રાખ્યું હતું. તેના એડમિશનને લઈને ત્યારે વિવાદ થયો જ્યારે એક સહાધ્યાયીએ અભિનેત્રી પર તેનો એડમિશન લેટર ખોટી રીતે ભરવાનો આરોપ મૂક્યો.

ગ્લોબલ સિટીઝન ફેસ્ટિવલમાં ભાગ લેનારી સૌથી યુવા અભિનેત્રી સપ્ટેમ્બર 2021માં અનન્યાએ મુંબઈમાં આયોજિત ગ્લોબલ સિટીઝન ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. તેમાં સામેલ થનારી તે બોલિવૂડની સૌથી યુવા અભિનેત્રી બની હતી. આ 24 કલાક સુધી ચાલનારા આ સંગીત ઉત્સવમાં વિશ્વભરના નેતાઓ ગરીબી કેવી રીતે સમાપ્ત કરવી તે અંગે ચર્ચા કરવા માટે એકઠા થાય છે.



### અનન્યા સોશિયલ મીડિયા પર દરરોજ ટ્રોલ થાય છે. તેણે 'સો પોઝિટિવ' નામની પહેલ શરૂ કરી

ટ્રોલિંગ સામે 'સો પોઝિટિવ' પહેલ શરૂ કરી અનન્યા સોશિયલ મીડિયા પર દરરોજ ટ્રોલ થાય છે. તેણે 'સો પોઝિટિવ' નામની પહેલ શરૂ કરી. આ દ્વારા અભિનેત્રી લોકોને સોશિયલ મીડિયા પર કરવામાં આવતી દાદાગીરીથી વાકેફ કરે છે. તેમની પહેલને ઘણા એવોર્ડ મળ્યા છે.

જ્યારે દીપિકા સાથે ફિલ્મ મળી ત્યારે પોતાની જાતને બાથરૂમમાં બંધ કરી દીધી હતી અનન્યાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે લાંબા સમયથી ડિરેક્ટર શકુન બત્રા અને દીપિકા પાદુકોણ સાથે કામ કરવા માંગતી હતી. એક દિવસ જ્યારે શકુને પોતે જ તેને ફોન કરીને 'ગહરાઈયાં' ફિલ્મની ઓફર કરી ત્યારે અનન્યાની ખુશીનો કોઈ પાર ન રહ્યો. ફિલ્મની ઑફર મળ્યા બાદ તે ખુશીથી એટલી સ્તબ્ધ થઈ ગઈ કે તેણે પોતાને બાથરૂમમાં બંધ કરી દીધી.

ખાવાની ખૂબ જ શોખીન, તે પોતાનો ખોરાક કોઈની સાથે શેર કરતી નથી અનન્યા એક નંબરની ફૂડી છે. બટર ચિકન અને ચીઝ નાન તેનું ફેવરિટ છે.

આ સિવાય તે ક્યારેય પોતાનું ફૂડ શેર કરવાનું પસંદ કરતી નથી. આને લગતી એક રસપ્રદ વાત ફિલ્મ 'ગહરાઈયાં'માં અનન્યાની સહ-અભિનેત્રી દીપિકા પાદુકોણે કહી હતી. તેણે કહ્યું કે એક વખત અમે બધાએ અનન્યાની સરપ્રાઈઝ મુલાકાત લીધી, જ્યારે તે કીમા પાવ ખાઈ રહી હતી. તેણે અમારા બધા માટે અલગથી ફૂડ મંગાવ્યું, પરંતુ તેનો પાવ કોઈની સાથે શેર કર્યો નહીં.

સિદ્ધાંતની એક કમેન્ટ પર અનન્યાને તેના સંઘર્ષ માટે ટ્રોલ કરવામાં આવી હતી રાઉન્ડ ટેબલ ઈન્ટરવ્યૂમાં તેના સંઘર્ષ વિશે વાત કરતી વખતે અનન્યાએ કહ્યું હતું કે તેના પિતાને ધર્મા પ્રોડક્શન્સ દ્વારા ક્યારેય કોઈ ફિલ્મની ઓફર કરવામાં આવી ન હતી. તે ક્યારેય 'કોફી વિથ કરણ' ચેટ શોમાં ગઈ નથી. તેણે કહ્યું કે આ બધું અમારા માટે એટલું સરળ નથી જેટલું તમે વિચારો છો.'

અનન્યા સોશિયલ મીડિયા પર દરરોજ ટ્રોલ થાય છે. તેણે 'સો પોઝિટિવ' નામની પહેલ શરૂ કરી.

આના જવાબમાં ત્યાં હાજર રહેલા સિદ્ધાંત ચતુર્વેદીએ કહ્યું, 'અમારા સંઘર્ષમાં ફરક એટલો જ છે કે જ્યાં અમારા સપના પૂરા થાય છે, ત્યાંથી તેમનો સંઘર્ષ શરૂ થાય છે.' સિદ્ધાંતની આ કમેન્ટની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. જ્યારે અનન્યાને તેના સંઘર્ષ માટે ટ્રોલ કરવામાં આવી હતી.

શાહરુખના પુત્ર આર્યનએ તેના પર ડ્રગ્સ સપ્લાય કરવાનો આરોપ લગાવ્યો હતો વર્ષ 2021માં શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની મુંબઈ પોલીસે ડ્રગ્સના કેસમાં ધરપકડ કરી હતી. મામલો NCB (નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો) સુધી પહોંચ્યો હતો.

# બિગ બીને યાદ આવી ટાટાની સાદગી: એકવાર એરપોર્ટ પર તેમની પાસે પૈસા ન હતા, મારી પાસે માગી હતી મદદ



(એજન્સી) મુંબઈ | તા.30


રતન ટાટાનું અવસાન 9 ઓક્ટોબરે થયું હતું. હાલમાં જ અમિતાભ બચ્ચને તેમના શો 'કૌન બનેગા કરોડપતિ 16'માં રતન ટાટાને યાદ કર્યા હતા.

અમિતાભ બચ્ચને કહ્યું કે, એકવાર અમે બંને એક જ ફ્લાઈટમાં લંડન જઈ રહ્યા હતા. તે સમયે તેમની પાસે રોકડ પૈસા ન હતા તેથી તેમણે મારી પાસે થોડા પૈસા માંગ્યા.

અમિતાભ બચ્ચને કહ્યું કે, હું કહી શકતો નથી કે રતન ટાટા કેવા માણસ હતા. ખરેખર તે ખૂબ જ સારા અને સરળ વ્યક્તિ હતા. એકવાર અમે લંડન જતી એક જ ફ્લાઈટમાં બેઠા હતા. તેઓ લંડનના હીથ્રો એરપોર્ટ પર સાથે ઉતર્યા હતા. પરંતુ એરપોર્ટ પરથી તેમને લેવા આવેલા લોકો ત્યાંથી નીકળી ગયા હતા. આવી સ્થિતિમાં, મેં તેમને બાજુ પર ઉભેલા જોયા અને તે પછી કોઈને ફોન કરવા માટે ફોન બૂથ પર ગયા. પણ પછી તે મારી પાસે આવ્યા અને કહ્યું અમિતાભ શું હું તમારી પાસેથી થોડા પૈસા ઉછીના લઈ શકું? મારી પાસે ફોન કરવા માટે પૈસા નથી. મને માનવામાં ન આવ્યું તે કેટલા સામાન્ય વ્યક્તિ હતા.

અમિતાભ બચ્ચને વધુમાં કહ્યું, 'એકવાર મારા મિત્ર અને રતન ટાટાએ એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે દરમિયાન રતન ટાટાએ મારા મિત્રને પૂછ્યું હતું કે, શું તમે મને ઘરે મૂકી શકો છો? હું તમારા ઘરની પાછળ રહું છું. મારી પાસે કાર નથી. 'બિગ બી' કહે છે કે તે બિલકુલ અવિશ્વસનીય હતું. રતન ટાટા અને અમિતાભ બચ્ચન આ પહેલા પણ સાથે કામ કરી ચુક્યા છે. ટાટાની પ્રોડક્શન કંપની ટાટા ઈન્ફોમીડિયા લિમિટેડએ અમિતાભની ફિલ્મ ઈતબારને ફંડ આપ્યું હતું. પરંતુ, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી ન હતી. રેડિફના એક રિપોર્ટ અનુસાર, ટાટા ગ્રુપને આ ફિલ્મ પર લગભગ 3.5 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, ત્યાર બાદ તેઓએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો હતો.

# સૂર્યાએ પત્ની જ્યોતિકા સાથે છૂટાછેડાની અફવા ફગાવી



મુંબઈ : સાઉથના સ્ટાર સૂર્યાએ તે અને પત્ની જ્યોતિકા અલગ પડી ગયાં હોવાની અફવા નકારી છે. જ્યોતિકા તાજેતરમાં ચેન્નઈ છોડી મુંબઈ શિફ્ટ થઈ જતાં આ અફવા ફેલાઈ હતી. સૂર્યાએ કહ્યું હતું કે જ્યોતિકાએ ૨૭ વર્ષ પહેલાં મારી સાથે લગ્ન બાદ પોતાની કેરિયર છોડી દીધી હતી. તેણે પોતાના માં-બાપ અને પોતાનો જ્યાં ઉછેર થયો એ શહેરનો માહોલ છોડી દીધો હતો. તેણે મુંબઈનું કલ્ચર છોડી ચેન્નઈનું કલ્ચર સંપૂર્ણપણે અપનાવી લીધું હતું. તેણે બહુ મોટો ત્યાગ આપ્યો હતો અને હવે ત્યાગ કરવાનો વારો મારો છે. આટલાં વર્ષે તેને પોતાના માતાપિતા તથા પરિવારજનો તથા મુંબઈના બાન્દ્રાના કલ્ચરમાં રહેવાનું મન થાય તો તેમાં કશું ખોટું નથી. સૂર્યાએ કહ્યું હતું કે હવે હું ૨૦ દિવસ કામ માટે ચેન્નઈમાં રહીશ અને બાકીના દિવસો જ્યોતિકા તથા પરિવાર સાથે રહેવા માટે મુંબઈ આવતો રહીશ. તેણે કહ્યું હતું કે મારાં બાળકોને પણ મુંબઈમાં નવી ચીજો એક્સપ્લોર કરવાની મજા આવી રહી છે અને તેઓ ત્યાંની શાળામાં સેટ થઈ ગયાં છે.

ઉલ્લેખનીય છે કે ફિલ્મ અભિનેત્રી નગમાની ઓરમાન બહેન જ્યોતિકા લગ્ન પહેલાં હિંદી તથા સાઉથની સંખ્યાબંધ ફિલ્મોમાં કામ કરી ચૂકી હતી.

# ચિરંજીવીએ બચ્ચનના ચરણ સ્પર્શ કર્યા

## બિગ બીએ એક્ટરની માતાના ચરણ સ્પર્શ કર્યા, ANR એવોર્ડ સેરેમનીનો વીડિયો થયો વાયરલ...



(એજન્સી) મુંબઈ | તા.30

સોમવારે, દક્ષિણના સુપરસ્ટાર નાગાર્જુનના પિતા ફિલ્મ સ્ટાર અક્કીનેની નાગેશ્વર રાવની 100મી જન્મજયંતી પર ANR એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. હૈદરાબાદમાં આયોજિત આ એવોર્ડ સમારોહમાં અમિતાભ બચ્ચન દ્વારા ચિરંજીવીનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનિત થયા બાદ અભિનેતાએ તેમનાથી 13 વર્ષ મોટા બિગ બીના ચરણ સ્પર્શ કર્યા અને આશીર્વાદ લીધા.આ ઘટનાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આ જોઈને ચાહકો ચિરંજીવી અને અમિતાભ બચ્ચનના ખૂબ વખાણ કરી રહ્યા છે. ચિરંજીવી ભાવુક થયા, અમિતાભ બચ્ચનના ચરણ સ્પર્શ કર્યા આ કાર્યક્રમમાં અમિતાભે ચિરંજીવીનું સન્માન કર્યું ત્યારે તેઓ ભાવુક થઈ ગયા હતા. તેમણે માથું નમાવીને અમિતાભ બચ્ચનને સલામ કરી અને પછી તેમના ચરણ સ્પર્શ કર્યા. કાર્યક્રમમાં હાજર રહેલા ચિરંજીવીની માતા પણ આ પળને જોઈને ભાવુક થઈ ગયા હતા. આ પછી તેમણે સ્ટેજ પર હાજર અમિતાભ અને નાગાર્જુન સાથે ફોટોગ્રાફ્સ માટે પોઝ પણ આપ્યા હતા. અભિનેતાનું સન્માન કર્યા બાદ બિગ બી સ્ટેજ પરથી નીચે આવ્યા અને ચિરંજીવીની માતાને પણ મળ્યા. અમિતાભ તેમને મળ્યા અને હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું અને પછી તેમના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા.

તેમને અમિતાભ અને શ્રીદેવી સાથે ANR એવોર્ડ મળ્યો છે. ANR એવોર્ડની શરૂઆત અક્કીનેની ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા 2005માં કરવામાં આવી હતી. વર્ષ 2014માં અમિતાભ બચ્ચનને પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# બોબીની 'કંગુવા'ના એડિટરનું રહસ્યમય મોત

## 43 વર્ષના નિષાદ યુસુફની લાશ મળતા સનસનાટી, 3 દિવસ પહેલાની પોસ્ટ વાઈરલ

(એજન્સી) મુંબઈ | તા.30

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક ચોંકાવનારા સમાચાર મળી રહ્યા છે. સૂર્યા અને બોબી દેઓલ સ્ટારર ફિલ્મ 'કંગુવા'ના એડિટરનું રહસ્યમય મોત છે. નિશાદ યુસુફ 30 ઓક્ટોબર બુધવારે કોચીમાં તેના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો. નિષાદ યુસુફના નિધનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોક છવાય ગયો છે. જ્યારે પોલીસે નિશાદ યુસુફના મૃત્યુની તપાસ શરૂ કરી છે, તો તેની છેલ્લી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ હેડલાઈન્સ બની રહી છે. ત્રણ દિવસ પહેલા કરી હતી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ નિષાદ યુસુફે મૃત્યુના ત્રણ દિવસ પહેલા ઈન્સ્ટાગ્રામ પર તેની છેલ્લી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે 'કાંગુવા'ના મ્યુઝિક લોન્ચની સુંદર યાદો શેર કરી હતી. એક તસવીરમાં નિષાદ 'કંગુવા'ના ડિરેક્ટર શિવ સાથે છે, જ્યારે બીજી તસવીરમાં તે બોબી દેઓલ અને સૂર્યા સાથે પોઝ આપતો જોવા મળ્યો હતો.

નિષાદ યુસુફનું મૃત્યુ કેવી રીતે થયું? નિષાદ યુસુફનું મૃત્યુ કેવી રીતે થયું તે હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે નિષાદ રાત્રે ત્રણ વાગ્યે કોચીના તેના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ તપાસ શરૂ છે. તેમના નિધનના સમાચારની પુષ્ટિ ફિલ્મ એમ્પ્લોઇઝ ફેડરેશન ઑફ કેરળ (FEFKA) ડિરેક્ટર યુનિયન દ્વારા બુધવારે સવારે સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવી હતી. નિષાદ યુસુફનું વર્ક ફ્રન્ટ નિષાદ યુસુફની વાત કરીએ તો તે 12 વર્ષ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ હતો.

2012માં આવેલી ફિલ્મ ડ્રેક્યુલાથી તેને પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ પછી 2019માં ફિલ્મ અંડાનું એડિટિંગ કર્યું. આ ફિલ્મ ખૂબ જ લોકપ્રિય રહી હતી.તેણે વન, ઉદાલ, થલ્લુમાલા અને પેટા રેપ નામની ફિલ્મોમાં એડિટીંગનું કામ કર્યું. હવે તે શિવાની ફિલ્મ 'કંગુવા' માં એડિટરની મહત્વની ભૂમિકા ભજવી રહ્યો હતો.

**એક તસવીરમાં નિષાદ 'કંગુવા'ના ડિરેક્ટર શિવ સાથે છે, જ્યારે બીજી તસવીરમાં તે બોબી દેઓલ અને સૂર્યા સાથે પોઝ આપતો જોવા મળ્યો હતો...**



# પુષ્પા-2 માટે 300 કરોડની ફી લઈને અલ્લૂ અર્જુન સૌથી મોંઘો એક્ટર...

(એજન્સી) મુંબઈ | તા.30

અલ્લૂ અર્જુનની ફિલ્મ 'પુષ્પા' બિગ સ્ક્રીન પર એટલી તો હિટ હતી કે ફેન્સ હવે તેની સિક્વલની રાહ જોઈ રહ્યા છે. અલ્લૂ અર્જુને આ સિક્વલ માટે એટલી તો ફી લીધી છે કે તે દેશનો સૌથી વધુ ફી લેનાર કલાકાર બની ગયો છે. 'પુષ્પા-2' માટે અધધ...300 કરોડ રૂપિયા ફી લીધી છે.

જો કે આ ખબરને અધિકૃત પુષ્ટિ નથી પણ કહેવામાં આવે છે કે આ રીતે તેણે ફીના મામલે સાઉથના સુપર સ્ટાર થલપતિ વિજયને પાછળ છોડી દીધો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે નેશનલ વિનિંગ અલ્લૂ અર્જુને 'પુષ્પા-2'ના રોલ માટે 300 કરોડ રૂપિયા ચાર્જ કર્યો છે. ફિલ્મનો પહેલો ભાગ સુપરહિટ રહ્યો હતો અને તેણે કમાણીના બધા રેકોર્ડ તોડી નાખ્યા હતા. આ ફિલ્મની સફળતા બાદ અલ્લૂ અર્જુનની માત્ર સ્ટાર વેલ્યૂઝ ન વધી બલ્કે તેની ફીમાં



પણ વધારો થયો. રિપોર્ટ મુજબ થલપતિ વિજયે 'દલપતિ 69' માટે 275 કરોડ રૂપિયા ફી લીધી હતી. ત્યારે દલપતિ વિજયે શાહરુખ ખાનને પાછળ રાખીને ભારતનો સૌથી વધુ ફી લેતો એક્ટર બની ગયો હતો. હવે અલ્લૂ અર્જુન સૌથી વધુ ફી વસૂલનાર એક્ટર બન્યો છે.

# રેણુકાસ્વામી હત્યા કેસના આરોપી અભિનેતા દર્શનને જામીન

## સ્પાઈન સર્જરી માટે મળ્યા છ અઠવાડિયાના વચગાળાના જામીન; ફેનની હત્યાનો છે આરોપ...



(એજન્સી) મુંબઈ | તા.30

રેણુકાસ્વામી હત્યા કેસમાં કર્ણાટક હાઈકોર્ટે આરોપી અભિનેતા દર્શન થુગુદીપાને કરોડરજ્જુનું ઓપરેશન કરાવવા માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે. જસ્ટિસ એસ. વિશ્વજીત શેટ્ટીની ખંડપીઠે બુધવારે તબીબી આધાર પર દર્શનને છ અઠવાડિયાના વચગાળાના જામીન આપ્યા હતા.

અહેવાલો અનુસાર, દર્શન થૂગુદીપાએ કરોડરજ્જુની સર્જરી માટે કર્ણાટક હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટે પ્રશાસનને આ કેસમાં મેડિકલ તપાસનો રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દર્શનને તેની કરોડ રજ્જુની સમસ્યા માટે ફિઝિયોથેરાપી અથવા સર્જરી કરાવવી પડી શકે છે. જ્યારે, અભિનેતા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સીવી નાગેશ અને રાજ્યના સરકારી વકીલ પી. પ્રસન્ન કુમારની દલીલો સાંભળ્યા પછી કોર્ટે મંગળવારે વચગાળાની જામીન અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

જાણો સમગ્ર મામલો વાસ્તવમાં, કન્નડ અભિનેતા દર્શન થૂગુદીપા પર ચાહક રેણુકાસ્વામીની હત્યાનો આરોપ છે. રેણુકાસ્વામીનો મૃતદેહ 9 જૂનના રોજ બેંગલુરુના કામક્ષિપાલ્ય વિસ્તારમાં એક એપાર્ટમેન્ટ નજીકથી મળી આવ્યો હતો. જ્યારે પોલીસે ક્રાઈમ સીનની આસપાસના વિસ્તારની તપાસ કરી ત્યારે તેઓએ સીસીટીવી ફૂટેજમાં દર્શન અને પવિત્રાને ક્રાઈમ સીન છોડીને જતા જોયા. રાત્રે 11 વાગ્યાથી સવારના 3 વાગ્યા સુધી બંનેના મોબાઈલ નંબર એક જ વિસ્તારમાં એક્ટિવ હતા. આ પછી 11 જૂને દર્શન અને અભિનેત્રી પવિત્રાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં દર્શન અને પવિત્રા સહિત 19 લોકોની ધરપકડ કરી છે.

11 જૂનથી જેલમાં દર્શન પોલીસ તપાસ અનુસાર, 33 વર્ષીય મૃતક રેણુકાસ્વામી અભિનેતા દર્શનના ચાહક હતા. જાન્યુઆરી 2024માં, કન્નડ અભિનેત્રી પવિત્રા ગૌડાએ દર્શન સાથે તેની 10મી વર્ષગાંઠની ઉજવણી કરી.

# શ્રીલંકાની ધરતી પર પ્રથમ વખત યોજાશે આ મોટી ટૂર્નામેન્ટ, વિશ્વભરના ખેલાડીઓ ધમરોળશે

(એજન્સી) મુંબઇ | તા.30




શ્રીલંકામાં T10 સુપર લીગ ટૂર્નામેન્ટના આયોજન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ટુર્નામેન્ટ ડિસેમ્બરમાં રમાશે. આ લીગમાં વિશ્વના મોટા ભાગના મોટા ખેલાડીઓ રમવાની આશા છે. શ્રીલંકા ક્રિકેટ T10 સુપર લીગ ટૂર્નામેન્ટ 12 થી 22 ડિસેમ્બર દરમિયાન શ્રીલંકામાં યોજાશે. પ્રથમ વખત આ ટૂર્નામેન્ટ શ્રીલંકામાં યોજાવા જઈ રહી છે. શ્રીલંકા ક્રિકેટ ઘણા સમયથી અહીં T10 ટૂર્નામેન્ટનું આયોજન કરવા માંગતું હતું. શ્રીલંકાની ટીમને દક્ષિણ આફ્રિકા સામે બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. શ્રેણીની છેલ્લી ટેસ્ટ મેચ 5 થી 9 ડિસેમ્બરની વચ્ચે રમાશે. આવી સ્થિતિમાં શ્રીલંકન ટીમના મોટાભાગના ખેલાડીઓ T10 સુપર લીગ ટૂર્નામેન્ટમાં ઉપલબ્ધ થઈ શકે છે. T10 સુપર લીગ માટે પ્લેયર ડ્રાફ્ટ 10 નવેમ્બર, 2024 ના રોજ કોલંબોમાં થશે. આ ટુર્નામેન્ટમાં કુલ 6 ટીમો ભાગ લેશે. દરેક ટીમમાં તેની ટીમમાં વધુમાં વધુ 17 અને ઓછામાં ઓછા 15 ખેલાડીઓ હોઈ શકે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ક્રિકેટના આ સૌથી ઝડપી ફોર્મેટમાં સારું પ્રદર્શન કરવા માટે ઉત્સુક હશે. ખેલાડીઓના રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ 1 નવેમ્બર છે. ખેલાડીઓની સીધી સહી કરવાની છેલ્લી તારીખ 5 નવેમ્બર રાખવામાં આવી છે. દરેક ફ્રેન્ચાઈઝીએ 6 ખેલાડીઓને સીધા સાઈન કરવા પડશે. કુલ 6 કેટેગરી હશે, દરેક કેટેગરીના એક ખેલાડીને ફ્રેન્ચાઈઝી દ્વારા સીધો સાઈન કરવાનો રહેશે. ડ્રાફ્ટમાં 11 રાઉન્ડ હશે, પ્રથમ રાઉન્ડ મેન્યુઅલ ડ્રો દ્વારા નક્કી કરવામાં આવશે અને બાકીના રાઉન્ડ પિક ઓર્ડર માટે રેન્ડમાઈઝર દ્વારા નક્કી કરવામાં આવશે. ત્યારબાદ ડ્રાફ્ટમાં ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝના દેશોમાંથી ઉભરતા ખેલાડીની પસંદગી સામેલ થશે. શ્રીલંકા ક્રિકેટના પ્રમુખ શમ્મી સિલ્વાએ કહ્યું કે મને વિશ્વાસ છે કે લંકા T10 સુપર લીગનો પ્રથમ ડ્રાફ્ટ એક રોમાંચક અને મનોરંજક ટૂર્નામેન્ટ માટે મંચ તૈયાર કરવા જઈ રહ્યો છે જે શ્રીલંકાના ક્રિકેટ કેલેન્ડરમાં રંગ ઉમેરશે. આ અમારા ખેલાડીઓ અને ચાહકો માટે એક નવો અનુભવ લાવશે.

# દિવાળી ટાણે જ ભારત અને પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો

(એજન્સી) મુંબઇ | તા.30




ભારત અને પાકિસ્તાનના ક્રિકેટ ચાહકો માટે મોટા સમાચાર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે મહામેચનો જંગ જામશે. રસપ્રદ વાત એ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ દિવાળીના દિવસે રમાશે. ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ મેચને લઈને આખી દુનિયા દીવાના છે. બંને દેશોના ક્રિકેટ ચાહકો દુનિયાભરમાં ફેલાયેલા છે. આ જ કારણ છે કે જ્યારે પણ ભારત અને પાકિસ્તાન ક્રિકેટના મેદાન પર આમને-સામને હોય છે, ત્યારે દુનિયાભરના ક્રિકેટ ચાહકોની નજર આ શાનદાર મેચ પર ટકેલી હોય છે. તાજેતરમાં ઈમર્જિંગ એશિયા કપમાં બંને ટીમો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. આ મેચ દરમિયાન કેટલીક ઉગ્ર બોલાચાલી થઈ હતી પરંતુ અંતે ભારતીય ટીમ જીતવામાં સફળ રહી હતી. હવે ફરી એકવાર બંને ટીમો વચ્ચે જોરદાર મહામુકાબલો થવાનો છે. દિવાળીના ખાસ અવસર પર ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ રમાશે. બંને દેશોના ચાહકો આ મેચને લઈને ખૂબ જ ઉત્સાહિત છે અને આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે સવાલ એ થાય છે કે ભારત અને પાકિસ્તાનની ટીમો માત્ર એશિયા કપ અને આઈસીસી ટૂર્નામેન્ટમાં જ એકબીજા સામે ક્રિકેટ મેચો રમે છે, તો આ અઠવાડિયે રમાયેલી આ મેચ કઈ ટૂર્નામેન્ટ સાથે સંબંધિત છે? તેથી અમે તમારા બધા પ્રશ્નોના જવાબ આપીએ છીએ. આ વર્ષે ભારતમાં ઘણી જગ્યાએ દિવાળીનો તહેવાર 31મી ઓક્ટોબરે ઉજવવામાં આવશે, જ્યારે કેટલીક જગ્યાએ દિવાળી 1લી નવેમ્બરે પણ ઉજવવામાં આવશે. અમાવસ્યા તિથિ બે દિવસ દૂર હોવાને કારણે વર્ષ 2024માં આવી સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં ભારતીય ક્રિકેટ ચાહકોને દિવાળી પર ભારત અને પાકિસ્તાન વચ્ચેની રોમાંચક મેચના રૂપમાં મોટી ભેટ મળવા જઈ રહી છે. ભારત અને પાકિસ્તાન પ્રતિષ્ઠિત ક્રિકેટ ટુર્નામેન્ટ હોંગકોંગ સિક્સેસ ટુર્નામેન્ટમાં ટકરાશે. આ ટુર્નામેન્ટ દિવાળીના દિવસે એટલે કે 1લી નવેમ્બરથી શરૂ થશે. પહેલા જ દિવસે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે. આ મેચ ભારતીય સમય અનુસાર સવારે 11.30 વાગ્યાથી રમાશે. સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર ચાહકો આ મેચનો આનંદ માણી શકશે. ફેનકોડ પર લાઈવ સ્ટ્રીમિંગ પણ થશે. ભારતીય ટીમની કમાન બેટ્સમેન રોબિન ઉથપ્પાને સોંપવામાં આવી છે, જે 2007માં T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતનારી ભારતીય ટીમનો ભાગ હતો. ઉથપ્પા સિવાય 6 વધુ ખેલાડીઓને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

## ઓસ્ટ્રેલિયાના મેથ્યૂ વેડે ક્રિકેટને અલવિદા કરી

મુંબઇ | ઓસ્ટ્રેલિયાના વિકેટકીપર બેટ્સમેન મેથ્યૂ વેડે ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કરી દીધી છે. તે પાકિસ્તાન સામેની આગામી ટી20 શ્રોણીમાં કોચ તરીકેની ભૂમિકા ભજવશે. વેડે જણાવ્યું હતું કે ટી20 વર્લ્ડ કપ બાદ મારી કારકિર્દી પૂરી થઈ જવાની છે તે હું સારી રીતે જાણતો હતો. નિવૃત્તિ અને કોચિંગ અંગે મારે છેલ્લા છ મહિનાથી મારી જ્યોર્જ બેઈલી તથા મેકડોનાલ્ડ સાથે ચર્ચા થઈ રહી હતી. હું કોચિંગની નવી ભૂમિકા માટે ઉત્સાહિત થયો છું.મેથ્યૂ વેડે 2011થી 2024 સુધીમાં ઓસ્ટ્રેલિયા માટે 36 ટેસ્ટ, 97 વન-ડે અને 92 ટી20 મેચો રમી હતી. તેણે યુએઈ ખાતે ઓસ્ટ્રેલિયાને ટી20 વર્લ્ડ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. પાકિસ્તાન સામેની સેમિફાઈનલમાં તેણે 17 બોલમાં 41 રન ફટકાર્યા હતા. વેડે ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડ સામેની એશિઝ દરમિયાન 117 રનની બેસ્ટ ઈનિંગ રમી હતી. તેણે જણાવ્યું હતું કે હું હજુ ડોમેસ્ટિક ક્રિકેટ રમવાનું ચાલુ રાખીશ.

# રોડ્રિગો હર્નાન્ડેઝે બેલોન ડી ઓર એવોર્ડ જીત્યો

(એજન્સી) મુંબઇ | તા.30

વિશ્વના સ્ટાર ફૂટબોલર્સ લાયોનલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના યુગનો અંત આવ્યો છે અને યુવા ખેલાડી રોડ્રિગો હર્નાન્ડેઝે બેલોન ડી ઓર એવોર્ડ જીત્યો છે.



રોડ્રી 1990ના દશકમાં જન્મ્યા બાદ એવોર્ડ જીતનાર પ્રથમ ફૂટબોલર પણ બન્યો છે. એવોર્ડની હરીફાઈમાં રોડ્રિગોએ રિયલ મેડ્રિડના સ્ટાર વિનિસિયસ જુનિયર અને જૂડ બેલિંગહામને પાછળ રાખી દીધા હતા. 28 વર્ષીય રોડ્રીએ 2015માં વિલારિયલ તરફથી પોતાની સિનિયર કારકિર્દી શરૂ કરી હતી. ત્યારબાદ તે એટ્લેટિકો મેડ્રિડ અને 2019માં માન્ચેસ્ટર સિટીનો હિસ્સો પણ બન્યો હતો. ડિફેન્સિવ મિડફિલ્ડરનો આ પ્રથમ ઈન્ટરનેશનલ એવોર્ડ છે. બાર્સેલોનાની એતાના બોનામતીએ વિમેન્સ કેટેગરીમાં સતત બીજા વર્ષે બેલોન ડી ઓર એવોર્ડ હાંસલ કર્યો છે.રોડ્રિગોએ 2023-24ની સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ચાલુ વર્ષે માન્ચેસ્ટર સિટીને સતત ચોથી વખત પ્રીમિયર લીગનું ટાઇટલ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. સ્પેને વિક્રમી ચોથી વખત યુરોપિયન ચેમ્પિયનશિપનું ટાઇટલ જીત્યું ત્યારે રોડ્રિને બેસ્ટ પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો એવોર્ડ અપાયો હતો. 21 વર્ષ બાદ એવોર્ડની યાદીમાં આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર મેસ્સી અને પોર્ટુગલના રોનાલ્ડોને યાદીમાં સ્થાન અપાયું નથી. છેલ્લે 2003માં આ બંનેને નોમિનેટ કરવામાં આવ્યા નહોતા. મેસ્સીને 2023માં બેલોન ડી ઓર એવોર્ડ અપાયો હતો.

## ગુજરાતની ક્રિત્વિકાઅને યશસ્વીની ડબલ્સ ટાઇટલ જીત્યા

મુંબઇ | ઈટાલી ખાતે કેગલાયરી ખાતે રમાયેલી વર્લ્ડ ટેબલ ટેનિસ ફિડર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટોચની ક્રમાંકિત ક્રિત્વિકા સિન્હા રોય અને યશસ્વીની ગોરપડેએ વિમેન્સ ડબલ્સનું ટાઇટલ જીતી લીધું હતું. ટૂર્નામેન્ટમાં બીજો ક્રમાંક ધરાવતી ક્રિત્વિકા અને યશસ્વીએ સાઉથ કોરિયાની યુ સિવોયુ તથા કિમ હુએનની જોડીને 3-1થી (11-9, 9-11, 14-12, 11-2) પરાજય આપીને ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી. સેમિફાઈનલમાં જાપાનની સાચી ઓકી અને સાકુરા યોકોઈને 3-0થીહરાવતા પહેલાં ક્વાર્ટર ફાઇનલમાં ઇટાલીની સ્થાનિક ખેલાડી આરિયાના બારાની તથા મારિયા પિકૂને પણ 3-0ની સ્કોરલાઇનથી પરાજય આપ્યો હતો.

### હરિયાણા સામે પાટીદારે તોફાન ઈનિંગ રમી હતી

# રજત પાટીદારે તોફાન બેટિંગ કરી બનાવ્યો અદ્ભુત રેકોર્ડ, 68 બોલમાં ફટકારી સદી




મુંબઇ | મધ્યપ્રદેશના બેટ્સમેન રજત પાટીદારે મંગળવારે રણજી ટ્રોફીમાં ધમાકેદાર બેટિંગ કરી હતી. હરિયાણા સામે પાટીદારે તોફાન ઈનિંગ રમી હતી. બીજા દાવમાં પાટીદારે 102 બોલમાં 13 ફોર અને 7 સિક્સની મદદથી 159 રન બનાવ્યા હતા. તેણે 68 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. 31 વર્ષના પાટીદારે તોફાની સદી ફટકારીને મોટો રેકોર્ડ બનાવ્યો છે. તેણે રણજી ટ્રોફીના ઈતિહાસમાં પાંચમી સૌથી ઝડપી સદી ફટકારવાની સિદ્ધિ મેળવી છે. રણજી ટ્રોફીમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતના નામે છે. પંતે 2016/17માં માત્ર 48 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ યાદીમાં તેના પછી રિયાન પરાગ છે, જેણે 2023-24 રણજી સિઝનમાં 56 બોલમાં સદી ફટકારી હતી. હરિયાણા સામે પ્રથમ દાવમાં 14 રન બનાવનાર પાટીદાર બીજા દાવમાં અલગ જ અંદાજમાં રમતો જોવા મળ્યો હતો. તેણે 108 અને 126 રનની બે મોટી પાર્ટનરશીપ કરી હતી. આ મેચ ડ્રો થઈ હતી. પાટીદારે સપ્ટેમ્બરમાં દુલીપ ટ્રોફીમાં ડોમેસ્ટિક સીઝનની શરૂઆતમાં ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. તેણે છ ઈનિંગ્સમાં માત્ર 146 રન બનાવ્યા હતા. રણજી ટ્રોફીની શરૂઆતની મેચમાં પણ તે કોઈ છાપ છોડી શક્યો નહોતો. જો કે, તેણે પંજાબ સામે 90 રન બનાવીને વાપસી કરી હતી. નોંધનીય છે કે, પાટીદારે ફેબ્રુઆરી 2024માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ત્રણ ટેસ્ટમાં તે સારું પ્રદર્શન કરી શક્યો નહોતો. ઈંગ્લેન્ડ સામે છ ઈનિંગ્સમાં માત્ર 63 રન બનાવ્યા બાદ પાટીદારને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. ગુરુવારથી ઓસ્ટ્રેલિયામાં બે મેચ રમનારી ભારત A ટીમમાં પણ તેની પસંદગી કરવામાં આવી ન હતી. 2021-22માં મધ્યપ્રદેશની ટાઈટલ જીતવામાં પાટીદારે મહત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તેણે નવ ઈનિંગ્સમાં 658 રન બનાવ્યા જેમાં બે સદી અને પાંચ અર્ધસદી સામેલ હતી.

**ઇંગ્લેન્ડ સામે છ ઈનિંગ્સમાં માત્ર 63 રન બનાવ્યા બાદ પાટીદારને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો**



# શું ફરી બનશે વિરાટ કોહલી RCBનો કેપ્ટન!

(એજન્સી) મુંબઇ | તા.30

IPL 2025ની મેગા ઓક્શન પહેલા તમામ ટીમો 31 ઓક્ટોબરે પોતાના ખેલાડીઓની રિટેન્શન લિસ્ટ જાહેર કરવા જઈ રહી છે. જે બાદ આ વર્ષના અંતમાં મેગા ઓક્શન જોવા મળી શકે છે. આ વખતે ઘણા મોટા ખેલાડીઓની ટીમ બદલાતી જોવા મળી શકે છે, જ્યારે ઘણી ટીમોના કેપ્ટન પણ બદલાઈ શકે છે. હવે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમનો કેપ્ટન પણ બદલાઈ શકે છે. એવા મીડિયા રિપોર્ટ્સ સામે આવી રહ્યા છે કે વિરાટ કોહલી ફરી એકવાર RCBનો કેપ્ટન બની શકે છે. મહત્વનું છે કે ફાફ ડુ પ્લેસિસ ઘણા વર્ષોથી આરસીબીની કેપ્ટનશીપ કરતો જોવા મળે છે. ESPNના જણાવ્યા અનુસાર વિરાટ કોહલીએ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમની ફરીથી કેપ્ટનશીપ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેણે ટીમ મેનેજમેન્ટ સમક્ષ આ અંગે પોતાની લાગણી વ્યક્ત કરી છે. જો કે આ વાત કેટલી સત્ય છે તેના વિશે કોઈને ખબર નથી અને ન તો આ અંગે RCB તરફથી કોઈ સત્તાવાર માહિતી બહાર આવી છે. વિરાટ કોહલીએ લાંબા સમય સુધી IPLમાં RCBની કેપ્ટનશીપ કરી છે. કોહલી 9 વર્ષ સુધી RCBનો કેપ્ટન હતો. જો કે તેની કેપ્ટનશીપમાં ટીમ ટાઈટલ જીતી શકી ન હતી. વિરાટ કોહલીએ વર્ષ 2021માં RCBની કેપ્ટનશીપ છોડી દીધી હતી. જે બાદ ફાફ ડુ પ્લેસિસને RCBનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. ફાફ ત્રણ વર્ષથી RCBની કેપ્ટનશીપ કરી રહ્યો છે, પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ વખતે RCB ફાફને છોડી શકે છે. જે બાદ RCBને નવા કેપ્ટનની જરૂર પડશે. આવી સ્થિતિમાં શક્ય છે કે વિરાટ કોહલી ફરી એકવાર RCBની કેપ્ટનશીપ કરતો જોવા મળી શકે.

## IPL 2025: શુભમન ગિલે આ ખેલાડી માટે છોડ્યા કરોડો રૂપિયા

મુંબઇ | એક તરફ દરેક ખેલાડી કરોડો રૂપિયા કમાવવા માંગે છે તો બીજી તરફ એક એવો ખેલાડી છે જે પોતાની ટીમ માટે કરોડો રૂપિયા છોડવા માટે તૈયાર છે. અમે વાત કરી રહ્યા છીએ શુભમન ગિલની, જેણે IPL 2025 પહેલા જોરદાર બલિદાન આપ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુજરાત ટાઈટન્સ ટીમ રાશિદ ખાન અને શુભમન ગિલ બંનેને રિટેન કરવા જઈ રહી છે, પરંતુ રસપ્રદ વાત એ છે કે રિટેન થનાર પ્રથમ ખેલાડી શુભમન ગિલ નહીં પરંતુ રાશિદ ખાન હશે. શુભમન ગિલ ટીમનો સુકાની છે, પરંતુ તેમ છતાં તે રાશિદ બાદ નંબર-2 રિટેન ખેલાડી તરીકે ટીમમાં રહેવા તૈયાર છે.

# INDW vs NZW: સ્મૃતિ-હરમને મચાવી ધૂમ, ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામે જીતી સિરીઝ

(એજન્સી) મુંબઇ | તા.30



ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ 2-1થી જીતી લીધી છે. ભારતે મંગળવારે ત્રીજી અને નિર્ણાયક મેચમાં ન્યૂઝીલેન્ડને 6 વિકેટે હરાવ્યું છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડે 233 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને ભારતે 4 વિકેટના નુકસાને 44.2 ઓવરમાં ચેજ કરી લીધો છે. ઓપનર સ્મૃતિ મંધાનાએ સદી અને કેપ્ટન હરમનપ્રીત કૌરે અડધી સદી ફટકારી હતી. લક્ષ્યનો પીછો કરતી વખતે ભારતની શરૂઆત સારી રહી ન હતી. ઓપનર શેફાલી વર્મા 11 બોલમાં 12 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. તે ચોથી ઓવરમાં હેન્ના રોવેના હાથે કેચ આઉટ થઈ હતી. આ પછી સ્મૃતિ મંધાનાએ યાસ્તિકા ભાટિયા સાથે મળીને આગેવાની લીધી. બન્નેએ બીજી વિકેટ માટે 76 રનની ભાગીદારી કરી હતી. સોફી ડિવાઈને 21મી ઓવરમાં યસ્તિકાને કેચ એન્ડ બોલ્ડ કરી. યાસ્તિકા ભાટિયાએ 49 બોલમાં 35 રન બન્યા હતા. મંધાનાએ કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે ત્રીજી વિકેટ માટે 117 રનની મજબૂત પાર્ટનરશીપ કરી હતી. હન્નાએ 40મી ઓવરમાં મંધાનાને બોલ્ડ કરી હતી. તેણે 122 બોલમાં 10 ફોરની મદદથી 100 રન બનાવ્યા હતા. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા આવેલી ન્યૂઝીલેન્ડની ટીમે ધીમી શરૂઆત કરી હતી. કિવી ટીમે પ્રથમ 5 ઓવરમાં એકપણ વિકેટ ગુમાવી ન હતી પરંતુ માત્ર 14 રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડને પહેલો ઝટકો સાતમી ઓવરમાં લાગ્યો હતો. સુઝી બેટ્સ 4 રન બનાવીને રનઆઉટ થઈ ગઈ હતી. ભારતને બીજી સફળતા સાયમા ઠાકોરે અપાવી હતી. તેણે આઠમી ઓવરના પ્રથમ બોલ પર લોરેન ડાઉન (1)ને યાસ્તિકા ભાટિયાના હાથે કેચ આઉટ કરાવી હતી. પ્રિયા મિશ્રાએ 11મી ઓવરમાં કેપ્ટન સોફી ડિવાઈનને બોલ્ડ કરી હતી. તેણે 11 બોલમાં 9 રન બનાવ્યા હતા. જ્યોર્જિયા પ્લિમરે 67 બોલમાં 39 રનની ઈનિંગ રમી હતી. તેણે 6 ફોર ફટકાર્યા હતા. પ્રિયાએ 19મી ઓવરમાં પ્લિમરને આઉટ કરી હતી. મેડી ગ્રીન 15 રન બનાવીને 25મી ઓવરમાં રનઆઉટ થઈ હતી. ઈસાબેલા ગેગે (49 બોલમાં 25) છઠ્ઠી વિકેટ માટે બ્રુક હેલિડે સાથે 64 રનની પાર્ટનરશીપ કરી હતી. દીપ્તિએ 39મી ઓવરમાં ગેજને કેચ એન્ડ બોલ્ડ કરી હતી. દીપ્તિએ 46મી ઓવરમાં હેલિડેની ઈનિંગ્સનો અંત કર્યો હતો. તેણે 96 બોલમાં 9 ફોર અને 3 સિક્સની મદદથી 86 રન બનાવ્યા હતા. હેન્ના રોવે 11 રન, એડન કાર્સન અને ફ્રાન જોનાસે 2-2 રન બનાવ્યા હતા. લી તાહુહુ 14 બોલમાં 24 રન બનાવીને અણનમ રહ્યી હતી.

### આ સદી સાથે તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો

# IND vs NZ : સ્મૃતિ મંધાનાએ સદી ફટકારીને રચ્યો ઈતિહાસ

(એજન્સી) મુંબઇ | તા.30




સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી અને નિર્ણાયક વનડેમાં શાનદાર સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ 100 રન બનાવ્યા હતા અને તેણે ટીમ ઈન્ડિયાની જીત પણ નક્કી કરી હતી. મંધાનાની આ સદી ખાસ છે કારણ કે તે હવે ટીમ ઈન્ડિયા માટે સૌથી વધુ વનડે સદી ફટકારનારી મહિલા ખેલાડી બની ગઈ છે. તેણે મિતાલી રાજનો રેકોર્ડ તોડી નાખ્યો, જેણે 7 સદી ફટકારી હતી. સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ સામે સદી ફટકારીને વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. મંધાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10 સદી ફટકારનારી ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર છે. મંધાનાની આ સદી એટલા માટે પણ ખાસ છે કારણ કે તેની ઈનિંગે ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં 2-1થી જીત અપાવી હતી. મંધાનાએ સદી ફટકારવા માટે ખૂબ જ સાવચેતીપૂર્વક બેટિંગ કરી હતી. તેણે 73 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. આ સમય દરમિયાન તેના બેટમાંથી માત્ર 4 ચોગ્ગા આવ્યા, એટલે કે તેણે ઘણા રન બનાવ્યા. પોતાની અડધી સદી પૂરી કર્યા પછી, મંધાનાએ વધુ 6 ચોગ્ગા ફટકાર્યા અને તેણે 121 બોલમાં તેની સદી પૂરી કરી. મંધાનાએ કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે પણ શાનદાર ભાગીદારી કરી હતી. મંધાના અને હરમનપ્રીત કૌર વચ્ચે 116 બોલમાં 118 રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારીના આધારે ટીમ ઈન્ડિયાએ આ મેચ સરળતાથી જીતી લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉ.કોરિયાના વિદેશ મંત્રી રશિયામાં : તેના સૈનિકો યુક્રેનમાં લડવા તાલિમ લઈ રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ઉત્તર કોરિયાએ તેના વિદેશમંત્રીએ સોન હુઈને સોમવારે રશિયા મોકલ્યા છે. બીજી તરફ ઉત્તર કોરિયાના રશિયા પહોંચેલા ૧૦,૦૦૦ સૈનિકો યુક્રેન સામે લડવા માટે રશિયન લશ્કરી અધિકારીઓ પાસે તાલિમ લઈ રહ્યા છે.
આ માહિતી આપતાં પેન્ટાગોનનાં પ્રવક્તા સાબ્રિના સિંઘે વિશેષ યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ઉ.કોરિયાના વિદેશમંત્રીઓએ સોન હુઈની સાથે એક પ્રતિનિધિમંડળ પણ રશિયા પહોંચ્યું છે. જો કે, વિદેશ મંત્રી કે પ્રતિનિધિમંડળના કોઈપણ સભ્યો આ મુલાકાત પાછળનો હેતુ જણાવ્યો નથી. પરંતુ આથી સ્પષ્ટ બને છે કે બંને દેશો સાથેના સંબંધો વધુ ગાઢ બન્યા છે.
સાબ્રિતા સિંઘે વધુમાં જણાવ્યું હતું કે આ પછી દક્ષિણ કોરિયાની સંસદની વિદેશી બાબતો તેમજ સંરક્ષણ બાબતો અંગેની સમિતિઓની બંધ બારણે બેઠક યોજાઈ હતી. તેમાં રશિયા ઉત્તર કોરિયાને તેની સહાયતા બદલામાં શું આપવાનું છે તે વિષે સઘન વિમર્શ થયો હતો તેમ તે બેઠકમાંથી બહાર આવેલા એક સાંસદ લી સેઓન્ગ ક્વેઈને જણાવ્યું હતું પરંતુ તેથી વધુ કશી વિગતો આપવાનો ઈન્કાર કર્યો હતો.
અમેરિકાની ગુપ્તચર સંસ્થાને જાણવા મળ્યું છે કે દક્ષિણ કોરિયાની ગુપ્તચર સંસ્થા પાસે નિશ્ચિત માહિતી છે કે ઓએ રશિયામાં વધુ સૈનિકો મોકલવા માટે ચર્ચા કરશે. બીજી તરફ રશિયા તેના બદલામાં ઉત્તર કોરિયાને પરમાણુ શસ્ત્રો, તેમજ તેના મિસાઈલ કાર્યક્રમમાં સહાય કરવા વિજ્ઞાનીઓ અને ટેક્નિશ્યનો મોકલશે.
પેન્ટાગોનનાં પ્રવક્તા સાબ્રિના સિંઘે વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાના ૧૦,૦૦૦ સૈનિકો તો, રશિયા પહોંચી જ ગયા છે. તેવો યુક્રેન-યુદ્ધ માટે રશિયન અધિકારીઓ પાસે તાલિમ લઈ રહ્યા છે. હજી પણ વધુ ઉ.કોરિયન સૈનિકો રશિયા પહોંચવાના છે.

### બ્રાઝિલે શી જિનપિંગનો BRI પ્રોજેક્ટ નકાર્યો કહ્યું, 'તે કંઈ ઈન્સ્યુરન્સ પોલીસી નથી'

(એજન્સી) બ્રાઝિલીયા | તા.30

બ્રાઝિલે, બૈજિંગના બેલ્ટ રોડ ઈનિશ્યેટિવ (બીઆરઆઈ)નો સ્વીકાર કર્યો નથી. આ સાથે, બ્રાઝિલ રશિયા, ઈંડીયા, ચાયના અને સાઉથ આફ્રિકાના સમુહ પૈકી પાંચમાંથી બે દેશોએ તો ચીનની પરિયોજના સ્વીકાર્ય ગણી નથી.
મહત્વની વાત તો તે છે કે, ચીનના જ ભારે દેવા નીચે દબાયેલા શ્રીલંકાને પોતાનું હંબર-ટોટા બંદર ચીનને ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપી દેવું પડયું હોવા છતાં શ્રીલંકા પણ ચીનના તે છેતરપિંડી ભર્યા બેલ્ટ રોડ ઈનિશ્યેટિવમાં હજી જોડાયું નથી.
વાસ્તવમાં બ્રાઝિલના પ્રમુખ લુલા દે તિસ્બાના આંતરરાષ્ટ્રીય બાબતો વિષેના સલાહકાર સેલ્સો એમોરિઝ પ્રમુખ બુલાને ચીનની આ પરિયોજનામાં જોડાવાની ના કહી દીધી હતી.
બીજી તરફ પાકિસ્તાન તો ચીનનું પીઠુ છે. સિયાનથી શરૂ કરી, હોતાન, કાશ્ગર અને યારકંદ થઈ, મધ્ય એશિયામાં થઈ દક્ષિણે ઉત્તરનો ચાયના પાકિસ્તાન, ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) પાકિસ્તાનના કબજા નીચેના કાશ્મીરમાંથી પસાર કરવામાં આવ્યો છે. જે સામે ભારતે સખ્ત વિરોધ નોંધાવ્યો છે. આમ ચીન તેના પાડોશીઓને પજવવા માટે કુખ્યાત છે.
બ્રાઝિલે ચીનના આ બીઆરઆઈમાં ન જોડાવા લીધેલ નિર્ણય પાછળનું મુખ્ય કારણ ચીન પ્રત્યેનો અવિશ્વાસ છે. તે પહેલા જઈ પગ પહોળા કરે તેવું છે. તે બ્રાઝિલ બરોબર જાણે છે. બીજું બ્રાઝિલને બાયડેન વહીવટી તંત્ર સાથે ગાઢ સંબંધ છે તેનાં અર્થતંત્ર માટે પણ અમેરિકા અનિવાર્ય છે. જો બ્રાઝિલ બીઆરઆઈમાં જોડાય તો અમેરિકા નારાજ થાય તે તેને પોસાય તેમ નથી. આથી તેણે બીઆરઆઈમાં જોડાવા ઈન્કાર કર્યો છે.
આ પૂર્વે ગત સપ્તાહે જ બ્રાઝિલના પ્રેસિડેન્ટસના ચીફ ઓફ સ્ટાફ રૂઈ કોરટા બૈજિંગ ગયા હતા.

### ઈઝરાયલે લેબેનોનનાં અનેક શહેરોને કબ્રસ્તાન કરી નાખ્યાં : ગાઝા જેવા હાલ કર્યા

(એજન્સી) બૈરુત | તા.30

ઈઝરાયલીઓએ જે રીતે ગાઝાને કબ્રસ્તાન બનાવી દીધું છે, તે રીતે તે હવે લેબેનોનને પણ કબ્રસ્તાન બનાવી રહ્યું છે. સપ્ટેમ્બર મહિનાથી હજી સુધીમાં ઈઝરાયલે તોપગોળા અને બોંબમારાના ૩૮૦૯ જેટલા હુમલા કર્યા છે. પરિણામે, સેંકડો વર્ષ જુનાં સુંદર શહેરો હવે કબ્રસ્તાન બની ગયાં છે. જે સેટેલાઈટ તસ્વીરોથી સ્પષ્ટ જાણી શકાય છે.
અમેરિકન કંપની પ્લેનેટ લેબ્સ ઈન્કોર્નરે આ વિનાશની તસવીરો પણ પ્રસિદ્ધ કરે છે. તેમાં કેટલાએ શહેર તબાહ થઈ ગયેલા જોવા મળે છે.
અવિરત ચાલી રહેલા તોપમારા અને બોંબ વર્ષાને લીધે હજ્જારો લોકો પોતાનાં ઘરો છોડી અત્યારે સલામત લાગતા પ્રદેશોમાં રહેવા ચાલ્યા ગયા છે.
ખેદની વાત તે છે કે, જે ઘરો અને જે શહેરો નાગરિકો છોડી રહ્યા છે તે શહેરો અને તે નિવાસસ્થાનો ઓછામાં ઓછા ૨૦૦ વર્ષથી જીવંત હતાં. આજે ત્યાં નિર્જિવ ખંડેરો જ રહ્યાં છે. આ અંગેની તસ્વીરો, પ્લેનેટ લેબ્સે પ્રસિદ્ધ કરી છે. વાયરલ પણ કરી છે. મીસ અલ જબીલ શહેરના મેયર અબ્દુલમોનમ ચૌકીરે કહ્યું કે, 'અહીં રહેલ સેંકડો વર્ષો સુંદર પુરાણા મકાનો ખંડેર બની ગયાં છે.

## ખાલિસ્તાનીઓ પર એક્શનનો ઓર્ડર શાહે આપેલો, ભારત-કેનેડા મિટિંગની ગુપ્ત માહિતી લીક કરી

# 'અમિત શાહે કેનેડામાં હિંસા કરાવી':ટ્રુડો સરકારનો આરોપ

ઓટાવા | ટ્રુડો સરકારના એક મંત્રીએ કહ્યું કે અમિત શાહે કેનેડામાં શીખ અલગતાવાદીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. રોઈટર્સના અહેવાલ મુજબ કેનેડાના નાયબ વિદેશ મંત્રી ડેવિડ મોરિસને મંગળવારે સંસદીય પેનલમાં આ નિવેદન આપ્યું હતું.
મોરિસને સંસદીય પેનલને કહ્યું કે, તેણે અમેરિકન અખબાર વોશિંગ્ટન પોસ્ટને કહ્યું છે કે, ભારતના ગૃહમંત્રી આ મામલામાં સામેલ છે. મોરિસને કહ્યું કે તેમણે જ ભારત-કેનેડા બેઠક સાથે જોડાયેલી માહિતી અમેરિકન અખબારને આપી હતી. વોશિંગ્ટન પોસ્ટના એક પત્રકારે મને ફોન કર્યો અને પૂછ્યું કે શું આ (અમિત શાહ) એ જ વ્યક્તિ છે. મેં કહ્યું હા, તે એ જ વ્યક્તિ છે.
જો કે, આ સમયગાળા દરમિયાન મોરિસને વધુ માહિતી કે પુરાવા આપ્યા ન હતા. આ પહેલીવાર છે જ્યારે કેનેડિયન અધિકારીએ ખુલ્લેઆમ ભારત સરકારના મંત્રીનું નામ લીધું છે. અગાઉ 16 ઓક્ટોબરે જસ્ટિન ટ્રુડોએ એક કમિશન સમક્ષ કહ્યું હતું કે ગયા વર્ષે સપ્ટેમ્બર 2023માં જ્યારે તેણે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો, ત્યારે તેમની પાસે માત્ર ગુપ્ત માહિતી હતી. કોઈ નક્કર પુરાવા નહોતા.
વોશિંગ્ટન પોસ્ટે ગૃહમંત્રીનું નામ લીધું 14 ઓક્ટોબરે અમેરિકન મીડિયા હાઉસ વોશિંગ્ટન પોસ્ટે કેનેડાના અધિકારીઓને ટાંકીને દાવો કર્યો હતો કે ગૃહમંત્રી અમિત શાહ અને ભારતીય ગુપ્તચર એજન્સી RAWએ સંયુક્ત રીતે કેનેડામાં ગુપ્ત માહિતી એકત્ર કરવા અને ખાલિસ્તાની આતંકવાદીઓને હુમલો કરવાની મંજૂરી આપી



હતી. ભારતીય વિદેશ મંત્રાલય અને કેનેડામાં ભારતીય હાઈ કમિશને આ બાબતે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી. જો કે, ભારત સરકારે અગાઉના કેનેડાના આવા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને કોઈપણ રીતે સામેલ થવાનો ઈન્કાર કર્યો છે.
મોરિસને જણાવ્યું હતું કે વોશિંગ્ટન પોસ્ટને શા માટે પસંદ કર્યું કેનેડિયન અખબાર સીબીસી ન્યૂઝ અનુસાર, ડેવિડ મોરિસન મંગળવારે જાહેર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ સમક્ષ જુબાની આપવા આવ્યા હતા. આ કમિટી સાથે સંકળાયેલા એમપી રાકલ ડેન્ચોએ મોરિસનને પૂછ્યું કે આ માહિતી વોશિંગ્ટન પોસ્ટ સુધી કેવી રીતે પહોંચી?

### આ અંગે મોરિસને કહ્યું...

મેં જાણીજોઈને વોશિંગ્ટન પોસ્ટ પસંદ કર્યું. હકીકતમાં, અમને એવું અખબાર જોઈતું હતું જે આંતરરાષ્ટ્રીય હોય અને અમારી (કેનેડિયન) કહાની કહી શકે. આ માટે મેં એક એવા પત્રકારને પસંદ કર્યો કે જેમને આ બાબતનો લાંબો અનુભવ હતો અને આ વિષય પર અગાઉ પણ ઘણી વખત લખ્યું હતું. કેનેડિયન પોલીસે જણાવ્યું કે, ભારતીય એજન્ટોએ ઘણી માહિતી એકઠી કરી હતી કેનેડા અને ભારત વચ્ચે તાજેતરનો વિવાદ 13 ઓક્ટોબરે શરૂ થયો હતો. કેનેડાએ ભારતને પત્ર મોકલ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્મા અને અન્ય રાજદ્વારીઓ એક કેસમાં શંકાસ્પદ છે.
ભારતે તેના રાજદ્વારીઓને શંકાસ્પદ ગણાવવાનો વિરોધ કર્યો હતો અને કેનેડાના રાજદૂતને બોલાવ્યા હતા. થોડા કલાકો પછી ભારતે સંજય કુમાર વર્મા અને અન્ય રાજદ્વારીઓને પાછા બોલાવ્યા. આ પછી કેનેડાએ પણ ભારતમાંથી તેના 6 રાજદૂતોને પરત ફરવાનો આદેશ આપ્યો હતો. બીજા દિવસે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ભારત સરકારના એજન્ટો પર ગુપ્ત માહિતી એકત્ર કરવાનો, ટાર્ગેટ કિલિંગ કરવાનો, કેનેડિયન નાગરિકોને ધમકાવવાનો અને હિંસામાં સામેલ કરવાનો આરોપ મૂક્યો હતો. 14 ઓક્ટોબરે પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી કેનેડાના પોલીસ કમિશનર માઈક ડુહામે પણ 14 ઓક્ટોબરે પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી. તેમણે એમાં કહ્યું હતું કે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓ અને અધિકારીઓએ તેમના પદનો દુરુપયોગ કર્યો છે અને ગુપ્ત રીતે ભારત સરકાર માટે માહિતી એકત્રિત કરી છે. આ માટે ભારતીય અધિકારીઓએ એજન્ટોનો ઉપયોગ કર્યો હતો.
અધિકારીએ જણાવ્યું હતું કે, આમાંના કેટલાક એજન્ટોને ભારત સરકાર સાથે કામ કરવા માટે ધમકી આપવામાં આવી હતી અને દબાણ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે ભારત દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ દક્ષિણ એશિયાના લોકોને નિશાન બનાવવા માટે કરવામાં આવે છે.
કેનેડામાં પોલીસ અધિકારીઓએ બીજા દિવસે 16 ઓક્ટોબરે આરોપ લગાવ્યો કે લોરેન્સ ગ્રુપ દ્વારા ખાલિસ્તાનીઓ અને દક્ષિણ એશિયાઈ મૂળના લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. કેનેડાના પોલીસ વિભાગના આરસીએમપીમાં આસિસ્ટન્ટ કમિશનર બ્રિગેટ ગૌવિને જણાવ્યું હતું કે ભારત સરકારના લોરેન્સ ગ્રુપનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
બીજી બાજું, આની અસર હવે ત્યાં રહેતા હિન્દુઓ પર પણ જોવા મળી રહી છે. કેનેડા સરકારે ત્યાં દિવાળીનો તહેવાર રદ કરી દીધો છે. હકીકતમાં, કેનેડાના વિપક્ષી નેતા પિયરે પોઈલીવરે અને કન્ઝર્વેટિવ પાર્ટી દ્વારા 2024ની દિવાળીની ઉજવણી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પછી હિન્દુ, શીખ, બૌદ્ધ અને જૈન સમુદાયમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.
કેનેડિયન હિંદુ ફોરમે આ પગલાની નિંદા કરી છે અને તેને કેનેડાના વિવિધ સાંસ્કૃતિક સમુદાયો પ્રત્યે સંવેદનહીનતાનું પ્રતિક ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, પ્રકાશ અને એકતાનો તહેવાર એવા દિવાળીની ઉજવણી ન કરવી એ સમુદાયના એક મોટા વર્ગની ઉપેક્ષા છે.
કેનેડા હિન્દુ ફોરમનું માનવું છે કે દિવાળીની ઉજવણી રદ કરવાનો નિર્ણય રાજકીય તુષ્ટિકરણનું પરિણામ છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ જેવા લોકોએ આ તહેવારનું સન્માન કર્યું છે, પરંતુ કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતાએ સમુદાયોની લાગણીઓને અવગણી છે. આ નિર્ણય દર્શાવે છે કે કેટલાક નેતાઓ માટે સાંસ્કૃતિક સમારંભો અને ધાર્મિક મહત્વને રાજકારણ કરતાં ઓછું સ્થાન છે.

## ન્યૂઝીલેન્ડમાં ખાલિસ્તાની 'જનમત' કાર રેલી : લોકમત યોજવા શીખો માટે સ્વતંત્ર વતન બનાવવા ભલામણ...

(એજન્સી) વેલિન્ગટોન | તા.30

ન્યૂઝીલેન્ડમાં 19 ઓક્ટોબર 2024ના રોજ ખાલિસ્તાન 'જનમત' કાર રેલી યોજાઈ હતી. ઓકલેન્ડમાં જનમત યોજવા માટે ભારતમાં શીખો માટે સ્વતંત્ર વતન બનાવવાની ભલામણ કરતા યુએસ સ્થિત શીખ કાર્યકરોની પહેલ પર ન્યૂઝીલેન્ડ સરકાર દ્વારા નજીકથી નજર રાખવામાં આવી રહી છે. શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) નામની સંસ્થાના પ્રમુખ અવતાર સિંહ પન્નુ, જે હવે ન્યૂઝીલેન્ડમાં છે, ઓકલેન્ડમાં ગુરુદ્વારાઓની મુલાકાત લેતા બિન-સત્તાવાર, બિન-બંધનકર્તા 'જનમત' માટે સમર્થન એકત્ર કરી રહ્યા છે.
તેમણે 19 ઓક્ટોબરના રોજ ઓકલેન્ડમાં એક કાર રેલીનું નેતૃત્વ પણ કર્યું હતું જે ટાકાનીનીથી ઈડન ટેરેસમાં ભારતીય કોન્સ્યુલેટના અસ્થાયી પરિસરમાં ગઈ હતી, જે દરમિયાન વિરોધીઓ કથિત રીતે દ્વેષપૂર્ણ ભાષણોમાં રોકાયેલા હતા અને ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું હતું.
પન્નુ અને તેમના ભાઈ ગુરપતવંત સિંહ પન્નુ દ્વારા યુએસમાં 2007માં રચાયેલી SFJએ ઓસ્ટ્રેલિયા, યુકે અને કેનેડા સહિતના કેટલાક દેશોના કેટલાક શહેરોમાં 'જનમત'નું આયોજન કર્યું છે. હવે તેમણે 17 નવેમ્બરના રોજ ઓકલેન્ડમાં આવી એક જનમત



રેલી યોજવાની દરખાસ્ત કરી છે. ન્યૂઝીલેન્ડ-ભારત સંબંધો પર અસર ભારતે ગુરપતવંતનો આતંકવાદી તરીકે ઉલ્લેખ કર્યો છે અને તેના આતંકવાદ કાયદા હેઠળ SFJ પર પ્રતિબંધ મૂક્યો છે. એટલા માટે આ મુદ્દો ન્યૂઝીલેન્ડ-ભારત સંબંધો માટે સંભવિત પરિણામો સાથે મહત્વ ધરાવે છે, જેમાં તાજેતરના મહિનાઓમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે સરકારને જવાબ આપવા માટે પ્રેરિત કરે છે.
વિદેશ અને વેપાર મંત્રાલય (MFAT) ના પ્રવક્તાએ ગુરુવારે (24 ઓક્ટોબર) જણાવ્યું હતું કે, અમે એક બિન-સરકારી સંસ્થા દ્વારા કહેવાતા 'જનમત'થી વાકેફ છીએ. ન્યૂઝીલેન્ડ માનવાધિકારનું મજબૂત સમર્થક છે, ઘરઆંગણે અને સમગ્ર વિશ્વમાં વાણીની સ્વતંત્રતા સહિત જો આવી પહેલ કાયદેસર અને શાંતિપૂર્ણ હોય. જ્યારે 'જનમત'માં સમાવવામાં આવેલ અલગ રાજ્યની માગ પર સરકારના અભિપ્રાય વિશે પૂછવામાં આવ્યું, ત્યારે MFAT પ્રવક્તાએ કહ્યું, ન્યૂઝીલેન્ડ ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને માન્યતા આપે છે.
NZICA વિરોધ, અપ્રિય ભાષણો અને ભારતીય ધ્વજનું અપમાન દરમિયાન, ન્યૂઝીલેન્ડ ઈન્ડિયન સેન્ટ્રલ એસોસિએશન (NZICA), ન્યૂઝીલેન્ડના સૌથી જૂના ભારતીય સંગઠનોમાંના એક (1926માં સ્થપાયેલ) એ પોલીસ મંત્રી માર્ક મિશેલનો સંપર્ક કર્યો અને તેને પોલીસની નિષ્ક્રિયતા જ્યારે ખાલિસ્તાની કાર રેલીના વિરોધકર્તાઓ ગેરકાયદે પાર્કિંગમાં રોકાયેલા, અપ્રિય ભાષણો અને ભારતીય ધ્વજનું અપમાન. NZICAની પરિસરમાં ઓફિસ છે, જેની બહાર વિરોધ થયો એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર ભાણાએ જણાવ્યું હતું કે, અપમાનનું આ કૃત્ય માત્ર એક રાષ્ટ્રીય પ્રતીકનું અપમાન જ નથી, પરંતુ ન્યૂઝીલેન્ડમાં ભારતીય સમુદાય માટે પણ ઘોર અપમાનજનક છે. તેમણે શુક્રવાર (25 ઓક્ટોબર) ના રોજ RNZ ને કહ્યું કે, પોલીસે ત્યારથી તેમને સ્પષ્ટતા કરી છે.

## ભારતીય મૂળની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સનો અવકાશમાંથી દિવાળીનો સંદેશ

(એજન્સી) વોશિંગ્ટન | તા.30

અમેરિકાની જાણીતી અવકાશ સંસ્થા નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ છેલ્લા પાંચ મહિનાથી અવકાશમાં છે.
સુનિતાએ અમેરિકા સહિત વિશ્વભરમાં તહેવારની ઉજવણી કરનારાઓને દિવાળીની શુભકામનાઓ પાઠવી છે.
આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશનથી જાહેર કરેલ એક વીડિયો સંદેશમાં ભારતીય મૂળની અવકાશયાત્રીએ કહ્યું આ વર્ષે તેને પૃથ્વીથી 260 માઈલ ઉપરથી દિવાળીની ઉજવણી કરવાનો અનોખો અવસર મળ્યો છે.
સુનિતા વિલિયમ્સે વીડિયો સંદેશમાં કહ્યું, 'ISS તરફથી શુભેચ્છાઓ. હું વ્હાઈટ હાઉસ અને સમગ્ર વિશ્વમાં આજે ઉજવણી કરી રહેલા દરેકને દિવાળીની ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવું છું. આ વર્ષે મને પૃથ્વીથી 260 માઈલ ઉપર ISS પર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે. મારા પિતાએ અમને દિવાળી અને અન્ય ભારતીય તહેવારો વિશે શીખવીને અમારા સાંસ્કૃતિક મૂળિયાં જાળવી રાખ્યા છે.
સુનિતા વિલિયમ્સે તહેવારના આશા અને નવીકરણના સંદેશ પર ભાર મુકતા કહ્યું કે દિવાળીએ આનંદનો સમય છે કારણ કે વિશ્વમાં સારાપણું પ્રવર્તે છે.
વિલિયમ્સે દિવાળીના તહેવારોમાં ભાગ લેવા અને સમુદાયના યોગદાનને માન્યતા આપવા બદલ યુએસ પ્રમુખ જો બાઈડન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનો પણ આભાર માન્યો હતો. તેમણે કહ્યું, 'દિવાળી એ ખુશીનો સમય છે કારણ કે દુનિયામાં સારાની જીત થાય છે. આજે આપણા સમુદાયના લોકો સાથે દિવાળીની ઉજવણી કરવા અને આપણા સમુદાયના લોકોના અનેક યોગદાનને ઓળખવા બદલ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિનો આભાર.

## રશિયાએ પરમાણુ મિસાઈલો ચલાવવાની પ્રેક્ટિસ કરી...



(એજન્સી) રશિયા | તા.30

યુક્રેન સાથે રશિયાનું યુદ્ધ લગભગ 2 વર્ષથી ચાલી રહ્યું છે. દરમિયાન રશિયાએ સોમવારે તેના પરમાણુ યુનિટની ડ્રિલ કરી હતી. જેમાં બોમ્બ, બેલેસ્ટિક અને ક્રુઝ મિસાઈલને એકસાથે ચોકસાઈ સાથે છોડવામાં આવી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ક્રેમલિનના પરમાણુ કેન્દ્રથી આ કવાયતનું નિરીક્ષણ કર્યું હતું. આ કવાયતની શરૂઆત પહેલા પુતિને કહ્યું- આજે અમે સ્ટ્રેટેજિક ડિટરન્સ યુનિટની પ્રેક્ટિસ કરી રહ્યા છીએ. આમાં પરમાણુ હથિયારોના ઉપયોગની પ્રેક્ટિસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે રશિયા પરમાણુ હથિયારોનો ઉપયોગ અંતિમ ઉપાય તરીકે જ કરશે. રશિયાની લશ્કરી નીતિમાં સિદ્ધાંત એ છે કે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ત્યારે જ કરવામાં આવશે જ્યારે દેશની સાર્વભૌમત્વની સુરક્ષા માટે જરૂરી હોય.
પરમાણુ શક્તિ એ જ અમારી અખંડિતતાની ગેરંટી પુતિને કહ્યું કે ન્યુક્લિયર ટ્રાયડ અમારી સંપ્રભુતા અને સુરક્ષાની મજબૂત ગેરંટી છે. આ શક્તિઓ અમને વૈશ્વિક શક્તિઓ સાથે સંતુલન જાળવવામાં મદદ કરે છે.
તેમણે કહ્યું કે આજના સમયમાં વધી રહેલા વૈશ્વિક તણાવ અને બાહ્ય ખતરાઓના સમયમાં આધુનિક વ્યૂહાત્મક ડિટરન્સ યુનિટને હંમેશા તૈયાર રાખવું જરૂરી છે. તેમને સતત અપડેટ કરવું મહત્વપૂર્ણ બની ગયું છે. પુતિને કહ્યું કે રશિયા તેની સંરક્ષણ ટેક્નોલોજીના તમામ ભાગોને મજબૂત કરવાનું ચાલુ રાખશે. અમારી પાસે રક્ષણ માટે પૂરતા સંસાધનો છે.
રશિયા તેની પરમાણુ ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે રશિયા તેના યુદ્ધના આયોજનમાં સતત ફેરફાર કરી રહ્યું છે. આગામી સમયમાં, રશિયન ફેડરેશનની વ્યૂહાત્મક મિસાઈલ દળો નવી સ્થિર અને મોબાઈલ મિસાઈલ સિસ્ટમ્સમાં પરિવર્તિત થશે. તેમની ચોકસાઈ વધુ હશે, પ્રક્ષેપણ માટે તૈયારીનો સમય ઓછો હશે અને મિસાઈલ વિરોધી પ્રણાલીઓને દૂર કરવાની ક્ષમતા પણ ઉમેરવામાં આવશે. રશિયાના નૌકાદળના કાફલાને નવીનતમ પરમાણુ સબમરીન સાથે અપડેટ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત એરફોર્સમાં લોંગ રેન્જ બોમ્બાર્ડિયર એરક્રાફ્ટનું પણ આધુનિકરણ કરવામાં આવી રહ્યું છે.

## અમેરિકાએ કહ્યું- LAC પર તણાવ ઘટાડવામાં અમારી કોઈ ભૂમિકા નથી

(એજન્સી) વોશિંગ્ટન | તા.30

અમેરિકાએ લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC) પરથી ભારતીય અને ચીનના સૈનિકોની હટાવવા અને બંને દેશો વચ્ચેના તણાવમાં ઘટાડો થવાનું સ્વાગત કર્યું છે. ANI અનુસાર, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે મંગળવારે સ્પષ્ટ કર્યું કે અમેરિકાએ આ મામલાને ઉકેલવામાં કોઈ ભૂમિકા ભજવી નથી.
અમેરિકાએ એમ પણ કહ્યું હતું કે તે આ મામલામાં ચાંપતી નજર રાખી રહ્યું છે. દરમિયાન, સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે પૂર્વી લદ્દાખ ક્ષેત્રના ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાં સૈનિકો પાછા ખેંચવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. ભારત લાંબા સમયથી ચાલી રહેલા આ વિવાદને ઉકેલવા માટે કામ કરી રહ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયે શુક્રવારે કહ્યું હતું કે બંને દેશોના સૈનિકો સરહદ પર સમજૂતી મુજબ કામ કરવામાં લાગેલા છે. 2020માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ગલવાન અથડામણ બાદ ડેપસાંગ અને ડેમચોકમાં તણાવ હતો. ભારત અને ચીને 21 ઓક્ટોબરના રોજ નવા પેટ્રોલિંગ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આનાથી બંને દેશો વચ્ચે 4 વર્ષ લાંબી મડાગાંઠનો અંત આવ્યો. ડેપસાંગઃ ભારતીય સેનાના જણાવ્યા અનુસાર, સૈનિકો હવે પેટ્રોલિંગ માટે ડેપસાંગમાં પેટ્રોલિંગ પોઈન્ટ 10, 11, 11-A, 12 અને 13 પર જઈ શકશે.
ડેમચોકઃ પેટ્રોલિંગ પોઈન્ટ-14 એટલે કે ગલવાન વેલી, ગોગરા હોટ સ્પ્રીંગ્સ એટલે કે PP-15 અને PP-17 એ બફર ઝોન છે. સૂત્રોને ટાંકીને અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે અહીં પેટ્રોલિંગ પર પછીથી વિચારણા કરવામાં આવશે. બફર ઝોનનો અર્થ એવો થાય છે કે જ્યાં બંને સેનાઓ સામસામે ન આવી શકે. આ ઝોન વિરોધી દળોને અલગ કરે છે.



### ભારત-ચીન વચ્ચે 3 મુદ્દાઓમાં પેટ્રોલિંગ કરાર

1. પીએમ મોદીની બ્રિક્સ મુલાકાત પહેલા કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. બ્રિક્સમાં મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે મુલાકાત થઈ હતી. મોદીએ અહીં કહ્યું હતું કે દરેક સંજોગોમાં શાંતિ જાળવવી જરૂરી છે.
2. ચીન અને ભારત પૂર્વી લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC) પર એપ્રિલ 2020 માં યથાવત સ્થિતિ પુનઃસ્થાપિત કરવા સંમત થયા હતા. આનો અર્થ એ થયો કે હવે ચીની સેના તે વિસ્તારોમાંથી હટી જશે જ્યાં તેણે અતિક્રમણ કર્યું હતું.
3. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિક્રમ મિસરીએ કહ્યું હતું કે ભારત અને ચીનના સરહદી વિસ્તારોમાં પેટ્રોલિંગ સાથે 2020 પછી ઉદ્ભવતા મુદ્દાઓને ઉકેલવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. બંને દેશો આ અંગે પગલાં લેશે.

### 15 જૂન 2020ના રોજ ગલવાનમાં થયેલી અથડામણમાં 20 ભારતીય જવાનો શહીદ થયા હતા

15 જૂન, 2020ના રોજ ચીને પૂર્વ લદ્દાખના સરહદી વિસ્તારોમાં કવાયતના બહાને સૈનિકો તૈનાત કર્યા હતા. આ પછી ઘણી જગ્યાએ ઘૂસણખોરીની ઘટનાઓ બની હતી. ભારત સરકારે પણ આ વિસ્તારમાં ચીન જેટલી જ સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા હતા. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે LAC પર ગોળીઓ છોડવામાં આવી.
આ દરમિયાન 15 જૂને ગલવાન ઘાટીમાં ચીની સેના સાથેની અથડામણમાં 20 ભારતીય જવાનો શહીદ થયા હતા. બાદમાં ભારતે પણ આનો જડબાતોડ જવાબ આપ્યો હતો. જેમાં લગભગ 60 ચીની સૈનિકો માર્યા ગયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### NDA માં બબાલ! નવાબની ઉમેદવારીથી ભાજપ ભડક્યો, NCPને કહ્યું - અમે પ્રચાર નહીં કરીએ

(એજન્સી) નવી દિલ્હી | તા 30

અજિત પવારની પાર્ટી એનસીપીએ નવાબ મલિકને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે, જેના બાદથી મહારાષ્ટ્રના એનડીએ ગઠબંધન એટલે કેમ મહાયુતિમાં ભાગલા પડી ગયા છે. ભાજપે અજિત પવાર જૂથના નેતા નવાબ મલિકની ઉમેદવારીની આકરી ટીકા કરતાં કહ્યું કે અમે નવાબને સમર્થન નહીં આપીએ. અજિત પવારની NCPએ નવાબ મલિકને મહારાષ્ટ્ર ચૂંટણીમાં માનખુર્દ શિવાજી નગર બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર જાહેર કર્યા છે. અજિત પવારે છેલ્લી ઘડીએ ટિકિટ આપીને પોતાના પત્તા ખોલતાં ધમાચકડી મચી છે. ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સહયોગીઓ સાથે સંકળાયેલા કથિત મની લોન્ડરિંગ કેસના આરોપી મલિકે બે નામાંકન દાખલ કર્યા હતા. જેમાં એક ઉમેદવારી NCPના સભ્ય તરીકે અને બીજી અપક્ષ તરીકે હતી. પરંતુ એનસીપીના સમર્થન બાદ તેમણે પોતાને સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા હતા.

પાર્ટીના મહારાષ્ટ્રના વડા આશિષ શેલારે કહ્યું, ભાજપનું વલણ સ્પષ્ટ છે કે ગઠબંધનમાં તમામ પક્ષોએ પોતાના ઉમેદવારો નક્કી કરવા જોઈએ, પરંતુ અમે NCP તરફથી નવાબ મલિકની સત્તાવાર ઉમેદવારીને સમર્થન આપતા નથી. દેવેન્દ્ર ફડણવીસે પાર્ટીનું સ્ટેન્ડ વારંવાર સ્પષ્ટ કર્યું છે.

### SEBI ચીફ, ભાજપ અને અદાણી વચ્ચે સાંઠગાંઠ, દિવાળી પહેલાં જ કોંગ્રેસની આરોપોની આતશબાજી

(એજન્સી) નવી દિલ્હી | તા 30

દેશમાં એકબાજુ જનતા દિવાળીના તહેવારની ઊજવણી કરતાં ફટાકડા ફોડી રહી છે, બીજીબાજુ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આક્ષેપોની આતશબાજી કરી છે. અદાણી જૂથ અને સેબી પ્રમુખ માધબી બૂચ વચ્ચે સાંઠગાંઠના આરોપોને ફગાવીને સરકારે માધબી બૂચને ક્લિન ચીટ આપી હતી. પરંતુ કોંગ્રેસે આ મુદ્દા પર માધબી બૂચ અને મોદી સરકારને ઘેરવાનું ચાલુ રાખ્યું છે. આ સાથે રાહુલ ગાંધીએ મંગળવારે ભાજપ, સેબી પ્રમુખ માધબી બૂચ અને અદાણી જૂથ વચ્ચે સાંઠગાંઠ હોવાના નવેસરથી આક્ષેપો કરવાની સાથે સરકારી તંત્રમાં 'અદાણી બચાઓ સિન્ડિકેટ' ચાલી રહી હોવાનો દાવો કર્યો છે.સેબી પ્રમુખ માધબી બુચ પર હિતોના ઘર્ષણના આરોપો મુદ્દે કોંગ્રેસ અને રાહુલ ગાંધીના હુમલા સતત ચાલુ છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના પ્રમુખ પવન ખેરાની વાતચીતનો એક વીડિયો કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેઓ મોદી સરકાર 'અદાણી બચાઓ સિન્ડિકેટ' ચલાવતી હોવાનો આક્ષેપ કરે છે. આ સિન્ડિકેટ હેઠળ અદાણી જૂથ, અગ્રણી નિયામક સંસ્થાઓ અને ભાજપ વચ્ચે ખતરનાક સાંઠગાંઠ હોવાનો તેમણે દાવો કર્યો છે.

### દિવાળી ટાણે ટેન્શન, પાક. સરહદેથી 50થી વધુ આતંકી જમ્મુમાં ઘૂસણખોરીની ફિરાકમાં, સૈન્ય એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 30

દેશભરમાં દિવાળીની ઉજવણીની તૈયારી ચાલી રહી છે એવામાં સૈન્યએ જણાવ્યું છે કે પાકિસ્તાન સરહદે 50થી વધુ આતંકીઓ જમ્મુ પ્રાંતમાં ઘૂસણખોરી કરવાની ફિરાકમાં છે. સૈન્ય કોઇ પણ પ્રકારની ઘૂસણખોરીને નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. અખનૂર વિસ્તારમાં હુમલાખોર આતંકીઓના સફળતાપૂર્વક ખાતમા બાદ પત્રકારો સાથે વાતચીતમાં મેજર જનરલ સમીર શ્રીવાસ્તવે કહ્યું હતું કે નાગરિકોને હાની પહોંચાડવા માટે આતંકીઓને સૈન્ય ખુલ્લી છુટ નહીં આપે. સોમવારે અખનૂર સેક્ટરમાં સૈન્યએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા જેના બીજા દિવસે મંગળવારે વધુ બે આતંકીઓનો સફાયો કરવામાં આવ્યો છે. સોમવારે સૈન્યના કાફલાની એમ્બ્યુલંસ પર આતંકીઓએ ગોળીબાર કર્યો હતો. જે બાદ સૈન્ય દ્વારા સમગ્ર અખનૂર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. સૈન્યએ સૌથી પહેલા સમગ્ર વિસ્તારને ઘેરવા માટે બીએમપી-૨ વાહન તૈનાત કર્યા હતા. જ્યારે આતંકીઓને શોધવા માટે હેલિકોપ્ટર અને ડ્રોનની મદદ લેવામાં આવી હતી. ચારેય તરફથી આતંકીઓને ઘેરીને તેનો સફાયો કરવામાં આવ્યો હતો.જમ્મુ કાશ્મીરમાં છેલ્લા બે સપ્તાહમાં સાત આતંકી હુમલા થયા હતા જેમાં બે જવાનો શહીદ થયા હતા અને 11 અન્ય લોકોના મોત નિપજ્યા છે.

### 'દહેજ વિરોધી કાયદાનો દુરુપયોગ ચિંતાજનક...' સુપ્રીમે પતિને આપી રાહત, અન્ય કોર્ટને આપી સલાહ

(એજન્સી) નવી દિલ્હી | તા 30

દહેજ ઉત્પીડનના એક કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા દોષી ઠેરવવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે દહેજ ઉત્પીડનના કાયદાના દુરુપયોગને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ સી. ટી. રવીકુમાર, ન્યાયાધીશ સંજય કુમારની બેંચ દ્વારા કોર્ટોને સલાહ અપાઇ છે કે દહેજ ઉત્પીડનના મામલામાં ખોટી હેરાનગતીથી નિર્દોષોનું રક્ષણ થવું જોઇએ સાથે જ વધુ સતર્કતાથી મામલાની સુનાવણી કરવી. દહેજ ઉત્પીડનના મામલામાં એક વ્યક્તિને નિર્દોશ જાહેર કરતા સુપ્રીમની બેંચે કહ્યુ હતું કે અમારુ માનવુ છે કે કોર્ટોએ આવા મામલામાં પુરી તપાસ કરવી જોઇએ, કેટલાક મામલાઓમાં જે આરોપો લગાવવામાં આવે છે તેના કોઇ પુરાવા પણ નથી મળતા. 2010માં પણ પ્રીતિ ગુપ્તા અને ઝારખંડ સરકારના મામલામાં પણ અમે આવુ જ કહ્યું હતું. તે સમયે સુપ્રીમે સરકારને કહ્યું હતું કે દહેજ ઉત્પીડનના કાયદામાં સુધારા કરવામાં આવે. આવુ એટલા માટે કેમ કે મહિલા દ્વારા લગાવવામાં આવતા આરોપોને કારણે પતિ ઉપરાંત તેના પરિવારે પણ સજા ભોગવવી પડે છે. કલમ 498એ હેઠળ દહેજ ઉત્પીડનનો કેસ દાખલ કરવામાં આવે છે. જો મહિલાનું તેના પતિ અથવા સાસરિયા દ્વારા દહેજ માટે ઉત્પીડન કરવામાં આવે ત્યારે આ કલમ હેઠળ ફરિયાદ દાખલ થતી હોય છે.

**મૃત્યુની જાણકારી ઘટનાના 21 દિવસની અંદર આપવાની રહેશે. જો આ સમય મર્યાદા પૂરી થઈ જાય**

# જન્મ-મૃત્યુ પ્રમાણપત્ર માટે કરો ઓનલાઈન અરજી, મોદી સરકારે 'CRS' મોબાઈલ એપ લોન્ચ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 30

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે 'CRS' એટલે કે, સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે. હવે આ એપની મદદથી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર ઓનલાઈન અરજી કરીને મેળવી શકાશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ઓનલાઈન સુવિધાની મદદથી બંને પ્રકારના પ્રમાણપત્રો મેળવવામાં લાગતો સમય ઘટાડવામાં પણ મદદ મળશે.

પ્રમાણપત્ર મેળવવા માટે યૂઝરે ઓનલાઈન રજિસ્ટ્રેસન કરવું પડશે. રજિસ્ટ્રેશન આ લિંક https://crsorgi.gov.in/web/index.php/auth/signUpની મદદથી કરી શકાશે. સાઈન અપ માટે યૂઝરે નામ, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, જન્મ અથવા મૃત્યુનો સમય અને એડ્રેસ સબંધિત જાણકારી આપવી પડશે. ઘરે જન્મની સ્થિતિમાં માતાપિતા દ્વારા નિયત પ્રોફોર્મામાં એક ઘોષણાપત્ર આપવાનો રહેશે. આ સાથે જ સરનામાનો પુરાવો આપવાનો રહેશે. તેના માટે વોટર આઈડી કાર્ડ, વીજળી બિલ, ગેસ બિલ, પાણીનું બિલ, ફોન બિલ, પાસપોર્ટ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક એકાઉન્ટ જેવા દસ્તાવેજોમાંથી કોઈપણ એક આપી શકાય છે. હોસ્પિટલમાં જન્મની સ્થિતિમાં જાણકારી આપવાની જવાબદારી પરિવારની રહેશે નહીં. તેના માટે સંસ્થાના ડ્યુટી ઈન્ચાર્જને જન્મની જાણકારી સબંધિત રજિસ્ટ્રારને આપવાની રહેશે.

જન્મ અંગેની જાણકારી 21 દિવસની અંદર આપવાની રહેશે. જો આમ ન કરી શકો તો માતા-પિતાએ સંબંધિત રજિસ્ટ્રાર પાસે જવું પડશે. જો 21 દિવસથી વધુ અને 30 દિવસથી ઓછા સમયનો વિલંબ થાય તો લેટ ફી અને નિયત પ્રોફોર્મામાં માહિતી એટલે કે ફોર્મ 1 આપવું પડશે.

જો વિલંબ 30 દિવસથી વધુ અને 1 વર્ષથી ઓછો હોય, તો ફોર્મ 1, નોન અવેલેબિલિટી સર્ટિફિકેટ એટલે કે ફોર્મ 10, લેટ ફી, એફિડેવિટ અને સંબંધિત સત્તાધિકારીની પરવાનગી સબમિટ કરવાની રહેશે. એક વર્ષથી વધુ વિલંબ થાય તો ફોર્મ 1, ફોર્મ 10, લેટ ફી, એફિડેવિટ અને ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ પાસેથી આદેશ મેળવવાનો રહેશે.ઘરમાં થયેલા મૃત્યુની માહિતી 21 દિવસની અંદર આપવાની રહેશે. આ માટે પરિવારના સભ્યોએ ઘોષણાપત્ર, ફોર્મ 2 દ્વારા જાણકારી અને મૃતકનું એડ્રેસ પ્રૂફ આપવાનું રહેશે. જો હોસ્પિટલમાં મૃત્યુ થશે તો તેની જવાબદારી ડ્યૂટી ઈન્ચાર્જને આપવાની રહેશે. ખાસ વાત એ છે કે, મૃત્યુની જાણકારી ઘટનાના 21 દિવસની અંદર આપવાની રહેશે. જો આ સમય મર્યાદા પૂરી થઈ જાય, તો સંબંધિત રજિસ્ટ્રારનો સંપર્ક કરવાનો રહેશે.

21 દિવસથી વધુ અને 30 દિવસથી ઓછા વિલંબ માટે, લેટ ફી અને નિયત પ્રોફોર્મા એટલે કે ફોર્મ 2 દ્વારા જાણકારી આપવાની રહેશે. 30 દિવસથી વધુ અને 1 વર્ષથી ઓછા સમયના વિલંબ માટે ફોર્મ 2, નોન અવેલેબિલિટી સર્ટિફિકેટ એટલે કે ફોર્મ 10, લેટ ફી, એફિડેવિટ અને સંબંધિત સત્તાધિકારી પાસેથી પરવાનગી મેળવવાની રહેશે. જો એક વર્ષથી વધુ વિલંબ થાય તો ફોર્મ 2, ફોર્મ 10, લેટ ફી, એફિડેવિટ અને ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ પાસેથી આદેશ લેવાનો રહેશે.

# મહારાષ્ટ્રમાં ભાજપ-કોંગ્રેસ બંને ટેન્શનમાં, 150 બળવાખોર બન્યા માથાનો દુઃખાવો

(એજન્સી) મહારાષ્ટ્ર | તા 30



મહારાષ્ટ્રમાં હરિયાણાની ચૂંટણીની ખૂબ ચર્ચાઓ થઈ રહી છે. લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીને સારી જીત મળી હતી, પરંતુ ઉમેદવારોની પસંદગીમાં મતભેદો જોવા મળ્યા હતા. જેના કારણે આશંકા વધી રહી છે કે હરિયાણા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે અને વધુ પડતા આત્મવિશ્વાસને કારણે નુકસાન થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે હરિયાણામાં આવું જ બન્યું છે. કુમારી સેલજા અને ભૂપિન્દર સિંહ હુડ્ડા વચ્ચેની લડાઈએ ખોટો સંદેશો આપ્યો અને તેમના જ બળવાખોરો એટલા મજબૂત બન્યા કે તેઓ ઘણી બેઠકો ગુમાવવાનું કારણ બની ગયા. હવે મહારાષ્ટ્રમાં પણ આવો જ ભય છે, પરંતુ આ વખતે કોઈને પણ નુકસાન થઈ શકે છે. તેનો અર્થ એ કે એમવીએ અને મહાયુતિ બંને બળવાખોરો અને આંતરકલહથી પરેશાન છે.

ગઈકાલે નોમિનેશનનો છેલ્લો દિવસ હતો. અત્યાર સુધીમાં કુલ 150 બળવાખોરો ઉભા થયા છે જે બંને ગઠબંધન માટે માથાનો દુખાવો બની શકે છે. હવે આ બળવાખોરોને મનાવવા માટે માત્ર 6 દિવસ બાકી રહ્યા છે કારણ કે 4 નવેમ્બર નોમિનેશન પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. એવું માનવામાં આવે છે કે માત્ર તે જ ગઠબંધન આગેવાની લેશે, જેના બળવાખોરોની સંખ્યા ઓછી હશે. હાલમાં આ પ્રયાસમાં કોઈને બહુ સફળતા મળી હોય તેમ જણાતું નથી. ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ અને વિપક્ષ મહાવિકાસ આઘાડીનું કહેવું છે કે તેઓએ તમામ 288 બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે.અત્યાર સુધી મળેલા આંકડાઓ અનુસાર, 286 MVA ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તેમાંથી 103 કોંગ્રેસના, 96 ઉદ્ધવ સેના અને 87 ઉમેદવારો એનસીપી-શરદ પવારના છે. હવે મહાયુતિની વાત કરીએ તો આ જૂથમાંથી કુલ 284 ઉમેદવારીપત્રો ભરાયા છે. હવે જો મહાયુતિની વાત કરીએ તો તેની બંને પાર્ટીઓ 5 સીટો પર સામસામે છે. આ સિવાય બે બેઠકો માટે ઉમેદવારો આપી શકાયા નથી. જેના કારણે ભાજપને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગોપાલ શેટ્ટી બોરીવલી જેવી સીટ પર બળવાખોર તરીકે લડી રહ્યા છે, જ્યારે પાર્ટીએ સંજય ઉપાધ્યાયને મેદાનમાં ઉતાર્યા છે. એ જ રીતે છગન ભુજબળના ભત્રીજા સમીરે નંદગાંવ બેઠક પરથી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.એકનાથ શિંદેની શિવસેનાએ અહીંથી પહેલેથી જ ઉમેદવાર ઉતાર્યો છે અને ધારાસભ્ય સુહાસ કાંડે મેદાનમાં છે. બંને ગઠબંધનના વરિષ્ઠ નેતાઓનું માનવું છે કે બળવાખોરોને હરાવવા એક પડકાર બની રહેશે. તેમ છતાં બંને તરફથી કહેવામાં આવી રહ્યું છે કે અમે બળવાખોરોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## 2 મિનિટ મોડા પડતાં દિગ્ગજ મંત્રી ઉમેદવારી પણ નોંધાવી ના શક્યા, કોંગ્રેસે કાપ્યું હતું 'પત્તું'

(એજન્સી) મહારાષ્ટ્ર | તા 30

મહારાષ્ટ્રમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારની નોંધણી કરાવવાની છેલ્લી તારખી 29 ઓક્ટોબર હતી. જોકે, મહારાષ્ટ્રના નાગપુરમાં સેન્ટ્રલ બેઠક પર નામાંકન દરમિયાન જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. કોંગ્રેસના પૂર્વ નેતા અને મંત્રી રહી ચુકેલા અનીસ અહેમદ બે મિનિટ મોડા પહોંચતા ઉમેદવારી નોંધાવી શક્યા ન હતાં. જેના માટે તેઓએ ઘણી મુશ્કેલીઓને કારણ જણાવ્યું, પરંતુ અધિકારીઓએ તેમની કોઈ વાત ન સાંભળી. નોંધનીય છે કે, નામાંકનનીની પ્રક્રિયા સવારે 11 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી શરૂ હોય છે. કોંગ્રેસ સાથે ચાર દાયકા જૂનો સંબંધ તોડી અહેમદ વંચિત બહુજન અઘાડીમાં સામેલ થઈ ગયાં છે. મળતી માહિતી મુજબ, 3 વાગ્યે ડેડલાઇન ખતમ થઈ જવાથી રિટર્નિંગ અધિકારીએ નામાંકનનો સ્વીકાર ન હતો કર્યો. સવરથી લઈને અંતિમ સમય સુધી અહેમદની ગેરહાજરીના કારણે ઘણાં પ્રકારની અટકળો ચાલી રહી છે. અહેમદે અધિકારીઓને કારણ જણાવ્યું કે, તેઓને વાહનોની મુશ્કેલી, રોડ બંધ થવા, સુરક્ષા પ્રોટોકોલ અને છેલ્લી ઘડીએ દસ્તાવેજોના કામના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. આ દરમિયાન તેઓએ પગમાં ઈજા થવાનું પણ જણાવ્યું. તેઓએ કહ્યું કે, એનઓસી લેતા, સર્ટિફિકેટ મેળવતા, રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખાતુ ખોલાવવામાં મને 2:30 વાગી ગયાં.

મળતી માહિતી મુજબ ધારાસભ્ય અનીષ અહેમદે કહ્યું કે, જે મુસ્લિમ અમને દલિતોએ કોંગ્રેસને લોકસભામાં જીતાડી, હવે તે ટિકિટ વહેંચણીમાં પોતાને છેતરાયા હોવાનું અનુભવે છે. એટલું જ નહીં તેઓએ કોંગ્રેસ પર પક્ષપાત કરવાનો પણ આરોપ લગાવ્યો. જણાવી દઈએ કે, અનીષ અહેમદ સોમવારે પ્રકાશ આંબેડકરની બીવીએમાં સામેલ થયાં હતાં.

## મૃત્યુ મામલે કોરોના બાદ આ બીમારી બીજા નંબરે, WHOના ડરામણાં રિપોર્ટે ટેન્શન વધાર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 30

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ મંગળવારે જણાવ્યું હતું કે ગયા વર્ષે 80 લાખથી વધુ લોકો ક્ષય રોગ (ટીબી)થી પીડિત જોવા મળ્યા હતા. ડબ્લ્યુએચઓ દ્વારા ટીબીની દેખરેખની શરૂઆત પછી આ સૌથી વધુ આંકડો છે. આટલું જ નહીં, 2023માં ટીબીને કારણે 12.50 લાખથી વધુ લોકોના મોત થયા હતા અને ચેપ દ્વારા ફેલાયેલી આ બીમારીએ તેની જગ્યા કોરોના પછી લીધી છે.

ડબ્લ્યુએચઓ અનુસાર દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા, પશ્ચિમ પેસિફિક જેવા પ્રદેશો તેનાથી સૌથી વધુ પ્રભાવિત છે અને વિશ્વમાં ટીબીના અડધાથી વધુ કેસ ભારત, ઈન્ડોનેશિયા, ચીન, ફિલિપાઈન્સ અને પાકિસ્તાનમાં જોવા મળ્યા છે.

ગયા વર્ષે ચાર મિલિયન લોકોને ડ્રગ-રેઝિસ્ટન્ટ ટીબી હોવાનું અનુમાન કરવામાં આવ્યું હતું, જેમાંથી અડધાથી ઓછા લોકોનું પરીક્ષણ અને સારવાર કરવામાં આવી હતી. ટ્યુબરક્યુલોસિસ હવામાં ફેલાતા બેક્ટેરિયાના કારણે થાય છે. તે મોટાભાગે ફેફસાંને અસર કરે છે. એવો અંદાજ છે કે વૈશ્વિક વસ્તીના લગભગ એક ચતુર્થાંશ લોકો ટીબી ધરાવે છે, પરંતુ તેમાંથી માત્ર 5-10 ટકા લોકોમાં જ લક્ષણો જોવા મળે છે.ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તેનો ટીબી રિપોર્ટ 2024 જાહેર કર્યો, જેમાં અહેવાલ છે કે ચેપને કારણે મૃત્યુ દર 2015માં પ્રતિ લાખ વસ્તીના 28 થી ઘટીને 2022 માં પ્રતિ લાખ વસ્તી 23 થઈ ગયો છે. 2023માં ટીબીના અનુમાનિત કિસ્સાઓ ગયા વર્ષના 27.4 લાખના અંદાજથી સહેજ વધીને 27.8 લાખ થયા. 2022 માં, કોરોનાવાયરસ રોગ (COVID-19) પછી, TB સંક્રમણ મોતનું બીજું મુખ્ય કારણ હતું.

### ICAI ની ઇન્ટરમિડીયેટ પરિક્ષામાં છોકરીઓએ બાજી મારી, ફાઉન્ડેશનનું 16 ટકા રિઝલ્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) એ આજે 30 ઓક્ટોબરના સીએ ફાઉન્ડેશન અને સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષાઓના પરિણામ જાહેર કર્યા છે. જેમાં ઈન્ટરમિડીયેટમાં છોકરીઓએ બાજી મારી છે. દેશભરમાંથી લગભગ 70 હજાર વિદ્યાર્થીઓમાંથી ટોપ-3માં ત્રણ છોકરીઓએ સ્થાન મેળવ્યું છે. જેમાં મુંબઈની પરમી ઉમેશ પારેખે 484 માર્ક્સ સાથે પ્રથમ, ચેન્નઈની તાન્યા ગુપ્તાએ 459 માર્ક્સ સાથે બીજા અને વિધિ જૈને 441 માર્ક્સ સાથે ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે.આ વર્ષે સપ્ટેમ્બરમાં આયોજિત CA ફાઉન્ડેશનની પરિક્ષાનું 19.67 ટકા રિઝલ્ટ આવ્યું છે. 70437 વિદ્યાર્થીઓમાંથી 13858 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે ઈન્ટરમિડીયેટના ગ્રુપ-1માં 69227માંથી 10505 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે ગ્રુપ-2માં 50760માંથી 8117 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે બંને ગ્રુપમાં ઉતીર્ણ થનારા વિદ્યાર્થીઓનો રેશિયો 5.66 ટકા રહ્યો છે.

## દિવાળી પહેલાં ટ્રેન ઉથલાવવાનું મોટું કાવતરું નિષ્ફળ, ઉત્તરાખંડમાં રેલવે ટ્રેક પર મળ્યો 'ડિટોનેટર'

(એજન્સી) નવી દિલ્હી | તા 30




ઉત્તરાખંડમાં દિવાળી પહેલાં મોટી ઘટનાના કાવતરાંનો પર્દાફાશ થયો છે. દેહરાદૂનમાં રેલવે ટ્રેક પર ડેટોનેટર મળતા ચકચારી મચી ગઈ હતી. હરિદ્વારથી દેહરાદૂન જતા રેલવે ટ્રેક પર ડેટોનેટર મળ્યું છે.

માનવામાં આવી રહ્યું છે કે, તહેવારની સિઝનમાં ટ્રેનને નુકસાન પહોંચાડવાનું કાવરતરૂ ઘડવામાં આવ્યું હતું. પરંતુ, રેલવે કર્મચારીઓની સતર્કતાથી એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે. આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.રેલવે ટ્રેકને નુકસાન પહોંચાડવાની આ ઘટના હરિદ્વારના મોતીચૂર રેલવે સ્ટેશન પાસેની છે. આ વિશે જાણકારી મળતકં જ સ્થાનિક સુરક્ષા એજન્સીઓ તપાસમાં જોડાઈ ગઈ છે. આ મામલે પોલીસે ઉત્તર પ્રદેશના રામપુરમાં રહેતા એક યુવકની રેલવે ટ્રેક પાસેથી અટકાયત કરવામાં આવી છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ શખસે જ આ ડેટોનેટર લગાવ્યું હતું.

પોલીસ સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, ટ્રેક પર ડેટોનેટરની માહિતી મળતાં જ લોકો ગભરાઈ ગયાં હતાં.

**દુનિયાભરના લોકો રેકોર્ડ તોડ જળવાયુ-જનિત જોખમો સામે ઝઝૂમી રહ્યા હતા**

# ભારતમાં ચેપી અને પર્યાવરણને લગતા રોગોનો રાફડો ફાટશે, અંગ દઝાડતી ગરમી પડશે, રિપોર્ટમાં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ભારત, જળવાયુ-સંવેદનશીલ સંક્રમક રોગના વધતાં જોખમનો સામનો કરી રહ્યું છે, જેમાં હિમાલયના વિસ્તારમાં મલેરિયાનો ફેલાવો અને સમગ્ર ભારતમાં ડેન્ગ્યુનું સંક્રમણ સામેલ છે. આરોગ્ય અને ક્લાઈમેટ ચેન્જ પર 122 એક્સપર્ટ્સ દ્વારા વિકસિત આઠમાં લેન્સેટ કાઉન્ટડાઉન અનુસાર આ રોગોના ફેલાવાથી ક્લાઈમેટ-ઈન્ટીગ્રેટેડ ફોરકાસ્ટિંગમાં સુધારો, આરોગ્ય સેવાના પાયાના માળખાને મજબૂત કરવા અને સામુદાયિક જાગૃતતા વધારવાની માગ વધી રહી છે. એવિડેન્સ-બેઝ્ડ રિપોર્ટથી એ પણ જાણ થાય છે કે દેશના તટીય સમુદાયોને વધતાં સમુદ્રી સ્તરના કારણે ગંભીર જોખમોનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે પ્રભાવી પૂર અનુકૂલન યોજનાઓની જરૂર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પરિણામ ભારત માટે પોતાની આરોગ્ય અને જળવાયુ નીતિઓને પુર્નજીવિત કરવા, નાણાકીય રોકાણને પ્રાથમિકતા આપવા અને ક્લાઈમેટ ચેન્જથી ઉત્પન્ન થનાર સતત વધતાં જોખમોથી પોતાની વસતીની રક્ષા કરવા માટે એક મજબૂત અનુકૂળ પ્રતિક્રિયા બનાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવાનો ઈશારો કરે છે.' લેન્સેટના નવા રિપોર્ટે એક ચિંતાજનક નવી વાસ્તવિકતાને ઉજાગર કરી છે. દુનિયાભરના લોકો રેકોર્ડ તોડ જળવાયુ-જનિત જોખમો સામે ઝઝૂમી રહ્યા હતા. ચોંકાવનારા આંકડાથી જાણ થાય છે કે આરોગ્ય જોખમોને ટ્રેક કરનાર 15માંથી 10 સંકેતક 2023 માં નવા રેકોર્ડ બનાવી ચૂક્યા છે. 50 દિવસ એવા પણ રહ્યાં, જ્યારે તાપમાન માનવ આરોગ્ય માટે સંભવિત રીતે હાનિકારક સ્તર સુધી પહોંચી ગયુ. વર્ષ 2023માં દુનિયા અભૂતપૂર્વ ક્લાઈમેટ પડકારો સામે ઝઝૂમી રહી છે, જેણે આ વર્ષને અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બનાવી દીધું છે. વૈશ્વિક તાપમાનમાં સતત વધારાના કારણે ભયંકર દુકાળ, જીવલેણ ગરમીની લહેરો અને વિનાશકારી જંગલની આગ, તોફાન અને પૂરની સ્થિતિ પેદા થઈ ગઈ છે.ગરમીના કારણે થનાર મૃત્યુમાં વધારો થયો, ખાસ કરીને 65 વર્ષથી વધુ ઉંમરના લોકોમાં, 1990ના દાયકાની તુલનામાં 167 ટકાનો ચોંકાવનારો વધારો થયો. વ્યક્તિઓને સરેરાશ 1,512 કલાક હાઈ ટેમ્પરેચરનો સામનો કરવો પડ્યો. જેનાથી ગરમીના તણાવનું મધ્યમ જોખમ પેદા થયું. 1990ના દાયકાથી 27.7 ટકાનો વધારો થયો. પરિણામ એ થયું કે 512 બિલિયન સંભવિત શ્રમ કલાકોનું નુકસાન થયુ અને વૈશ્વિક આવકમાં અનુમાન $835 બિલિયનનું નુકસાન થયુ, જેની નિમ્ન અને મધ્યમ આવક વાળા દેશો પર ખૂબ અસર પડી.

**પશ્ચિમ રેલવે**

**બાંદ્રા અને ખાર રોડ સ્ટેશન વચ્ચે નવા રેલ ફ્લાયઓવરનું નિર્માણ**

Dy.CE/C/CCG **PRE-EOI મીટિંગ નોટિસ નંબર DyCE(C)/CCG/BA-KHAR ફ્લાયઓવર/EOI આમંત્રિત કરે છે. તારીખ:-** 22/10/2024. , **કામનું નામ:-** બાંદ્રા સ્ટેશન (ઉપનગર) અને ખાર રોડ સ્ટેશન વચ્ચે નવા રેલ ફ્લાયઓવરનું નિર્માણ અને પશ્ચિમ રેલવેના મુંબઈ મધ્ય અને બોરીવલી સ્ટેશન વચ્ચે 6ઠ્ઠી લાઇન પ્રોજેક્ટના સંબંધમાં હાલના ફ્લાયઓવરને તોડી પાડવું. **PRE-EOI મીટિંગની તારીખ અને સમય:-** 08-11-2024 ના રોજ 11:00 કલાકે. **સ્થળ:-** કોન્ફરન્સ હોલ, મુખ્ય વહીવટી અધિકારીની કચેરી (બાંધકામ), પહેલો માળ, સ્ટેશન બિલ્ડીંગ, ચર્ચગેટ, મુંબઈ 400020 પશ્ચિમ રેલવે. **વેબસાઈટ વિગતો:-** પૂર્વ-ઈઓઆઈ મીટિંગની સૂચના વેબસાઈટ **wr.indianrailways.gov.in** પર જોઈ શકાય છે. 0687

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ પહેલા **સ્મિતાબહેન છગનભાઈ પટેલ** હતું, જે બદલીને નવું નામ **સ્મિતાબહેન રાજેષકુમાર પટેલ** રાખવામાં આવેલ છે. જેની સર્વે નોંધ લેવી

**લિ. :- સ્મિતાબહેન રાજેષકુમાર પટેલ**

**સરનામું :-** કોળીવાડ, ૮૧૦/૦૨, નાના ભગત ફળીયા, જલાલપોર, નવસારી-૩૯૬૪૨૧

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**4 લેન રોડ ઓવરબ્રિજ તથા અન્ય વિવિધ કાર્યો.**

**ઈ-ટેન્ડર નંબર : Dy.CE-C-V-ADI-DSL-NLY-10 તારીખ : 26.10.2024** ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), અમદાવાદ ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) ઇ-ટેન્ડર નંબર :** Dy.CE-C-V-ADI-DSL-NLY-10 **(2) કામનું નામ :** પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ભુજ નલિયા ગેજ પરિવર્તન પરીયોજના ના સંબંધમાં લેવલ ક્રોસિંગ સંખ્યા 62Km. (90/15-91/1) ના બદલે 4 લેન રોડ ઓવર બ્રિજો અને અન્ય વિવિધ કાર્યોમાટે એપ્રોચ રોડનું નિર્માણ. **(3) કામની અંદાજિત કિંમત :** ₹95,46,99,838.01 **(4) બિડ સુરક્ષા :** ₹49,23,500/- **(5) ટેન્ડરનો પ્રકાર :** બે પેકેટ સિસ્ટમ બે તબક્કામાં રિવર્સ ઓક્શન **(6) બંધ થવાનોસમયગાળો :** 12 મહિના (ચોમાસા સહિત) **(7) બંધ થવાનો સમય અને તારીખ :** 22.11.2024 ના 15.00 કલાકે. **(8) વેબસાઈટની વિગતો, નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું :** ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), પશ્ચિમ રેલવે, અમદાવાદ. **વેબસાઈટ :** www.ireps.gov.in 69

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**નોન-ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ માટે કોન્ટ્રાક્ટ વર્ક**

**ઇ-ટેન્ડર સૂચના નંબર : DRM (M) ADI/42/2024-25 તારીખ 25/10/2024** નીચેના કામ માટે પાત્ર કોન્ટ્રાક્ટરો પાસેથી ઇ-ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે. **કામનું નામ :** કોચિંગ ડેપો ભુજ અને ગાંધીધામ ખાતે એડી કરંટ એરે (ECA) નો ઉપયોગ કરીને LHB વ્હીલ સેટના નોન-ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ (NDT) માટે બે વર્ષ માટે કોન્ટ્રાક્ટ વર્ક. **ટેન્ડર નંબર :** M 442/NDT/GIM/BHUJ/23-24 **કામની અંદાજિત કિંમત :** ₹69,67,096.40/- (ઓગણસિત્તેર લાખ સડસઠ હજાર છંનુ રૂપિયા અને ચાલીસ પૈસા માત્ર) **બીડ સિક્યોરિટી (અર્નેસ્ટ મની ડિપોઝિટ) :** ₹1,39,400/ - (રૂપિયા એક લાખ ઓગણચાલીસ હજાર ચારસો માત્ર) **ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : બંધ કરવાનો સમય :** 18/11/2024 થી 15:00 કલાક સુધી, **ખુલવાનો સમય અને તારીખ :** 18/11/2024 થી 15.30 કલાકે. **વેબસાઇટનું સરનામું, નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની માહિતી ઉપલબ્ધ હશે, જ્યાંથી ટેન્ડર મંગાવવામાં આવ્યા છે તે ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ) (પશ્ચિમ રેલવે) - અમદાવાદ ઓફિસ, બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, પોસ્ટ: સૈજપુર બોઘા, અમદાવાદ -382 345 http://www.ireps.gov.in 219

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## સોનું ખરીદવા ગયાને 4.70 લાખ ગુમાવ્યા

દિવાળીના તહેવાર દરમિયાન ચોરીના બનાવો વધતા હોય છે, ત્યારે શહેરના વિસત ગાંધીનગર હાઈવે પર કારમાં રોકડા 4.70 લાખ રૂપિયા મૂકી અને તનિષ્ક જ્વેલર્સમાં ખરીદી કરવા ગયેલા વેપારીની કારનો કાચ તોડી રૂપિયા ભરેલી બેગની ચોરી થઈ હોવાની ફરિયાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. વેપારી જ્યારે દુકાનમાં ખરીદી કરતા હતા, ત્યારે જ્વેલર્સનો કર્મચારી દોડીને કારચાલકને જાણ કરી હતી કે, તમારા કારનો કાચ કોઈએ તોડ્યો છે અને બાઈક પર આવેલા બે શખસ ચોરી કરી ફરાર થઈ ગયા છે.

સિટી એક્સપ્રેસ

THURSDAY 31 OCTOBER-2024

AHMEDABAD

## નાના કરદાતાને ટેક્સ રિબેટની PIL પાછી ખેંચાઈ

ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરતા લાખો નાના કરદાતાઓએ રિટર્ન ફાઈલ કરતાં સમયે રિબેટ મેળવવા માટેનો દાવો નહીં કરવા દેવાનો વિવાદ હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો હતો. આ મામલે એક જાહેરહિતની અરજી થઈ હતી. જેની સુનાવણી ચીફ જજની બેન્ચ સમક્ષ હાથ ધરાઈ હતી. જેમાં ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને પ્રણવ ત્રિવેદીની બેન્ચ દ્વારા ટકોર કરાઈ હતી કે,'કોઈ કરદાતાને વ્યક્તિગત મુશ્કેલી પડતી હોય તો તે મુદ્દો જાહેરહિતનો હોઈ શકે નહીં. જે કરદાતાને રિબેટનો દાવો કરવાથી રોકવામાં આવતાં હોય તો, તેઓ અંગત સ્તરે હાઈકોર્ટ સમક્ષ અરજી કરીને રાહત માંગી શકે છે.

### ગુજરાતનાં કચ્છમાં થઈને આઠ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું

# ફેરપ્લે સટ્ટાબાજી એપનો મામલો ગુજરાત સુધી પહોંચ્યો, EDએ દરોડા પાડ્યા




- તપાસમાં આંતરરાષ્ટ્રીય કંપનીઓનું નેટવર્ક પણ બહાર આવ્યું
- પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા
- શું ફેરપ્લેનું મહાદેવ એપ સાથે કોઈ કનેક્શન છે?

(એજન્સી) ગાંધીનગર । તા.30

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ આઈપીએલ સહીતના મેચોના ગેરકાયદે પ્રસારણમાં સામેલ ઓનલાઈન સટ્ટાબાજી એપ ફેરપ્લેની તપાસ કરી રહ્યું છે. જેમાં 25 ઓક્ટોબરના રોજ સમગ્ર મુંબઈ અને ગુજરાતનાં કચ્છમાં થઈને આઠ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં મિલકત, રોકડ, બેંક ભંડોળ સહીત રૂ.4 કરોડની સંપત્તિ જપ્ત કરીને તેને ફ્રીઝ કરવામાં આવી હતી. આ ઉપરાંત તપાસકર્તાઓએ અનેક ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો અને મિલકતના દસ્તાવેજો રિકવર કર્યા છે. ફેરપ્લે એપ સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ દ્વારા બનાવવામાં આવેલી મહાદેવ એપ સાથે જોડાયેલી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ હાલમાં મની લોન્ડરિંગ માટે મહાદેવ બુક એપની તપાસ કરી રહી છે. આ કેસમાં રણબીર કપૂર, હુમા કુરેશી, કપિલ શર્મા અને શ્રદ્ધા કપૂર સહિત અનેક સેલિબ્રિટીઓને સમન્સ મોકલવામાં આવ્યા હતા. સંજય દત્ત, સુનીલ શેટ્ટી અને ટાઈગર શ્રોફ સહિત ઘણી મોટી બોલીવુડ હસ્તીઓ આ વર્ષે ફેબ્રુઆરીમાં સંયુક્ત આરબ અમીરાતમાં ચંદ્રાકરના લગ્નમાં હાજરી આપી હતી.

### જાણો શું છે સમગ્ર મામલો

મીડિયા રિપોર્ટ્સ અનુસાર વાયકોમ 18 પાસે મેચનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનાં અધિકાર હતા, પરંતુ મેચોને ફેરપ્લે પર ગેરકાયદેસર રીતે સ્ટ્રીમ કરવામાં આવી હતી. જેના કારણે વાયકોમને રૂ.100 કરોડથી વધુનું નુકસાન થવાથી ફેરપ્લે સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં ફેરપ્લે પર ઈન્ડિયન પીનલ કોડ (IPC), ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ અને કોપીરાઈટ એક્ટ હેઠળ ઉલ્લંઘનનો આરોપ, તેમજ ડિજિટલ પાયરસીનો કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસનો ક્રિશ લક્ષ્મીચંદ શાહને ફેરપ્લેનો માસ્ટર માઈન્ડ માનવામાં આવે છે. ઈડી તપાસમાં આંતરરાષ્ટ્રીય કંપનીઓનું નેટવર્ક પણ બહાર આવ્યું છે. જે ફેરપ્લેની વૈશ્વિક કામગીરીને સમર્થન આપવા માટે સ્થાપિત કરવામાં આવી હતી. તેમજ દુબઈ ફેરપ્લેના ઓપરેશન હબ તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં ભારતમાં એકમો દ્વારા ટેકનિકલ અને નાણાકીય લોજિસ્ટિક્સનું સંચાલન કરવામાં આવે છે.

# ગુજરાતમાં એક સપ્તાહ સુધી ટ્રાફિક નિયમનો ભંગ કરનારને મેમો નહી આપે

- પોલીસ ટ્રાફિક અવેરનેસ માટે પેમ્ફલેટ અને ફુલ આપશે
- દિવાળીના તહેવારમાં વાહનચાલકોમાં ટ્રાફિક અવેરનેસ વધારવા માટે ગૃહવિભાગે નિર્ણય લીધો

(એજન્સી) અમદાવાદ । તા.30

ગુજરાત પોલીસે દિવાળીના તહેવારોમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને મેમો આપવાને બદલે ટફિક અવેરનેસ પેમ્ફલેટ અને ગુલાબનું ફુલ આપીને સમજણ આપશે. જેમાં ૩૦ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી પોલીસને ટ્રાફિકના નિયમાનો ભંગ કરનાર સામે કાર્યવાહી ન કરવા માટે સુચના આપી છે. વાહનચાલકોમાં ટ્રાફિકને પુરતી અવેરનેસ ન હોવાને કારણે પોલીસ દ્વારા તહેવારોમાં આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે.નવતર પ્રયોગ સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો છે.

જેમાં હેલ્મેટ નહી પહેરનાર, સીટ બેલ્ટ નહી બાંધનાર, ઓવર સ્પીડ, રોંગ સાઈડ ડઈવીંગ અને લેન ભંગના ગુનામાં મેમો નહી અપાઈ. રાજ્યના ગૃહવિભાગ અને ગુજરાત પોલીસે રાજ્યભરમાં ટફિકના નિયમોનો ભંગ કરનાર



લોકોમાં જાગૃતિ આવે તે માટે દિવાળીને તહેવારમાં એક નવતર પ્રયોગ શરૂ કર્યો છે. જેમાં પોલીસ ૩૦મી ઓક્ટોબરથી ૬ઠ્ઠી નવેમ્બર દરમિયાન ટ્રાફિરના નિયમોનો ભંગ કરનારને મેમો નહી પણ ગુલાબનું ફુલ તેમજ જાગૃતિ માટેની પત્રિકા આપશે.

# CA ફાઉન્ડેશન અને ઈન્ટરમિડીએટનું પરિણામ જાહેર: અમદાવાદ શહેરનું 3.80 ટકા પરિણામ રહ્યું

(એજન્સી) અમદાવાદ । તા.30

ICAI દ્વારા CA ફાઉન્ડેશન અને ઈન્ટરમિડીએટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. CA ફાઈનલનું અમદાવાદનું પરિણામ 22.41 ટકા અને ઓલ ઈન્ડિયાનું પરિણામ 19.67 ટકા આવ્યું છે. CA ઈન્ટરમિડીએટનું અમદાવાદનું પરિણામ 3.80 ટકા આવ્યું છે જ્યારે ઓલ ઈન્ડિયાનું પરિણામ 5.66 આવ્યું છે. CA ઈન્ટરમિડીએટનું અમદાવાદનું 3.80 ટકા પરિણામ CA ઈન્ટરમિડીએટનું અમદાવાદ ચેપ્ટરમાં ગ્રુપ-1માં 1044માંથી 126 વિદ્યાર્થીઓ પાસ થયા છે એટલે કે 12.07 ટકા પરિણામ છે. ગ્રુપ-2માં 744 વિદ્યાર્થીઓ પૈકી 143 વિદ્યાર્થીઓ પાસ થયા છે એટલે કે 19.22 ટકા પરિણામ છે. બંને ગ્રુપમાં 631 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 24 વિદ્યાર્થીઓ જ પાસ થયા છે એટલે કે 3.80 ટકા પરિણામ છે.

# પોલીસની 'દિવાળી: ગૃહમંત્રીના આદેશને પોલીસ ઘોળીને પી ગઇ, 1 લાખ સુધીનું ઉઘરાણું

**વેપારીઓ ખુદ ફરિયાદ કરી રહ્યાં છેકે, શાહપુર,એલિસબ્રીજ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પોલીસ વેપારીઓ પાસેથી દિવાળી બોનસ રુપે રૂ.25-50 હજાર ઉઘરાવી રહી છે. આ ઉપરાંત દાણીલીમડા, નારોલ, નરોડા, ઓઢવ, વટવા જેવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં તો ઉદ્યોગ સંચાલકો પાસે ખુલ્લેઆમ એક લાખની દિવાળી માંગવામાં આવી રહી છે**

(એજન્સી) અમદાવાદ । તા.30

દિવાળીના તહેવારોમાં બજારોમાં મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. છેલ્લી ઘડીની ખરીદીને લીધે બજારોમાં ભીડ ઉમટી છે ત્યારે વેપારીઓએ હાશકારો અનુભવ્યો છે. આ તરફ, પોલીસે દિવાળીના નામે ઉઘરાણું શરૂ કર્યુ છે. અત્યાર સુધી બે-પાંચ હજાર ઉઘરાવતી પોલીસે આ દિવાળી પર 25-50 હજારથી માંડીને એક લાખ સુધીનુ ઉઘરાણુ કરી રહી છે તેવી વ્યાપક ફરિયાદો ઉઠી છે. એટલુ જ નહીં, આ મામલે શહેર પોલીસ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવી છે. મહત્વની વાત એછેકે, ખુદ ગૃહરાજ્ય મંત્રી એ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં




વેપારીઓને હેરાનગતિ ન થાય તે માટે પોલીસને સૂચના આપી હતી. જોકે, સ્થિતિ એવી સર્જાઇ છેકે, અમદાવાદ પોલીસ ગૃહમંત્રીના આદેશને જાણે ઘોળીને પી ગઇ છે. કારમી મોંઘવારી, બેરોજગારી ઉપરાંત મંદીનો માહોલને લીધે વેપારીઓ દિવાળીના તહેવારોમાં નિરાશા અનુભવી રહ્યાં છે. આ સંજોગોમાં હવે ખાખી વર્દીએ ખંડણીખોરની ભૂમિકા ભજવવાની શરૂ કરી દીધી છે. અત્યાર સુધી દિવાળીમાં પોલીસ વેપારીઓ પાસેથી બે-પાંચ હજાર રૂપિયા ઉઘરાવતી હતી પણ આ વખતે પોલીસે જાણે દિવાળી ઉઘરાણામાં ય વધારો કરી દીધો છે. વેપારીઓનું કહેવુ છે કે, બારે માસ ધંધો કરવાનો એટલે પોલીસ સાથે ક્યાં વેર રાખવું? પાણીમાં રહીને મગરમચ્છ સાથે વેર બંધાય નહી. આ કારણોસર વેપારીઓ પોલીસના ત્રાસથી મજબૂરવશ થઇ ઉઘરાણા પેટે મો માંગી રકમ ચૂકવવા મજબૂર બન્યાં છે.

# દિવાળીના એક દિવસ માટે અમદાવાદ મેટ્રોના સમયમાં કરાયો ફેરફાર

(એજન્સી) અમદાવાદ । તા.30

અમદાવાદમાં દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈને મેટ્રો સેવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે એટલે કે 31 ઓક્ટબર 2024ના રોજ સાંજે 7 વાગ્યા સુધી જ મેટ્રો સેવા ચાલુ રહેશે. આ નિર્ણય ફટાકડા ફોડવા અને તેની મુસાફરોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદ મેટ્રોની સેવાનો સમય સવારે 6.20 થી રાત્રીના 10.00 કલાક સુધીનો છે.



પરંતુ દિવાળીના તહેવારની ઉજવણી દરમિયાન જાહેરમા ફટાકડા ફોડવા અને તેની સંભવિત અસરો તથા મુસાફરોની સુરક્ષા અને સલામતીને ધ્યાને લઈને માત્ર દિવાળીના દિવસ માટે મેટ્રોનો સમય સવારે 6.20 થી સાંજે 7 વાગ્યા સુધીનો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# હજુ 7 દિવસ ઠંડી પડવાના કોઈ એંધાણ નથી

**અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 37 ડીગ્રીને પાર પહોંચે તેવી શક્યતા**

(એજન્સી) અમદાવાદ । તા.30

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 7 દિવસ દરમિયાન રાજ્યભરનું વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતા છે. તદુપરાંત આગામી 7 દિવસ હજુ પણ મહત્તમ તાપમાન યથાવત રહેવાની શક્યતા છે. એટલે કે, આગામી 7 દિવસ દરમિયાન હજુ પણ ઠંડી પડવાના કોઈ એંધાણ નથી. દિવાળી બાદ સામાન્ય રીતે ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં ઠંડીની શરૂઆત થઈ શકે તેવી કોઈ સિસ્ટમ સક્રિય નથી. અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન છેલ્લા 24 કલાક



દરમિયાન સામાન્ય કરતાં 2.3 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 37.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### રણ પ્રદેશમાંથી સૂકા પવન ગુજરાત તરફ વળ્યા

ગુજરાત રાજ્ય ઉપર હાલમાં ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે હજુ પણ ઠંડીની શરૂઆત થઈ શકી નથી. કારણ કે, રણ પ્રદેશમાંથી સૂકા પવન ગુજરાત તરફ આવી રહ્યા છે. જેથી ગુજરાત રાજ્યનું વાતાવરણ પણ શુષ્ક બન્યું છે તથા આગામી 7 દિવસ હજુ પણ શુષ્ક વાતાવરણ રહેવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલ કરતા આજે અમદાવાદ શહેરના મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.

# જાહેરમાં રખડતા પશુ ન મુકવા પશુમાલિકોને AMCની સૂચના: દિવાળીના તહેવારમાં ઢોરોને રખડતા કે ભટકતા રાખતા પશુમાલિકોની પરમીટ-લાયસન્સ રદ કરાશે

**તહેવારો દરમિયાન ધાર્મિક સ્થળોની આસપાસ ગાયને લોકો દ્વારા ઘાસચારો નાખવામાં આવતો હોય છે, ત્યારે કોઈપણ ધાર્મિક સ્થળોની આસપાસમાં ઘાસચારાનું વેચાણ કરવું નહિ. જો પશુમાલિકો/પશુપાલકો દ્વારા ઉપરોક્ત જરૂરી સૂચનાઓનું પાલન કરવામાં નહિ આવે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે**

(એજન્સી) અમદાવાદ । તા.30

દિવાળીના તહેવાર દરમિયાન જાહેર રોડ પર પશુઓના કારણે અકસ્માત ન થાય તેને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા પશુમાલિકોને તેમના પશુ જાહેરમાં રખડતા મૂકવામાં ન આવે તેની સૂચના આપી છે. જો જાહેર રોડ ઉપર ઢોરોને રખડતા/ભટકતા રાખશે તો તેની પરમીટ/લાયસન્સ રદ કરવામાં આવશે. તહેવારો દરમિયાન લોકો પશુઓને ઘાસચારો અને અન્ય ચીજ વસ્તુઓ ખવડાવી દાન પુણ્ય કરતા હોય છે ત્યારે રોડ પર પશુઓ દ્વારા ગંદકી/ન્યુસન્સ ન થાય તે હેતુથી નિયત જગ્યાએ જ રાખવામાં આવે તે માટે ખાસ તકેદારી રાખવા માટે પણ જણાવ્યું છે. તહેવારો દરમિયાન ધાર્મિક સ્થળોની આસપાસ ગાયને લોકો દ્વારા ઘાસચારો નાખવામાં આવતો હોય છે, ત્યારે કોઈપણ ધાર્મિક સ્થળોની આસપાસમાં ઘાસચારાનું વેચાણ કરવું નહિ. જો પશુમાલિકો/પશુપાલકો દ્વારા ઉપરોક્ત જરૂરી સૂચનાઓનું પાલન કરવામાં નહિ આવે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તમામ પશુમાલિકો શહેરીજનો/નાગરિકોનાં જાહેર હિતમાં સૂચનાઓનો અમલ કરવા તમામને અપીલ કરવામાં આવે છે. દિવાળી, બેસતુ વર્ષ, મકરસંક્રાતી જેવા વિવિધ ધાર્મિક તહેવારોમાં દાનપુણ્યનો મહિમા વિશેષ હોય છે. આ ઉપરાંત જન્મદિવસ, મરણતિથિ, ધાર્મિક તહેવારો તેમજ અન્ય પ્રસંગો દાનપુણ્ય મુલાકાત ધ્વારા યાદગાર પ્રસંગોમાં શહેરીજનો 'FRIENDS OF CATTLE' બનેલ છે. આવા પ્રસંગોએ શહેરીજનો દાણીલીમડા તથા બાકરોલ કરૂણામંદિર ખાતે આવી ઘાસચારો, લાડુ, શાકભાજી, ખીચડો, ગોળ જેવા ખાદ્ય પદાર્થો રૂબરૂ આવી ખવડાવીને તેમજ તે માટે રોકડ દાન રૂબરૂમાં/ઓનલાઈન ચૂકવી દાન-પુણ્યનું ઉમદા કાર્ય અમદાવાદીઓ કરતાં હોય છે. મ્યુનિસિપલ



કોર્પોરેશનના આ કરૂણા અભિયાન-સેવાકાર્યમાં આપના સહભાગી થવા સ્વેચ્છા અનુસાર દાન-પુણ્ય કરવા.

# એસટી નિગમને દિવાળી ફળી: અમદાવાદ અને સુરત સહિતના શહેરોમાં 3 દિવસમાં 1.50 લાખથી વધારે મુસાફરો આવતાં રૂ. 2 કરોડથી વધુની આવક

(એજન્સી) અમદાવાદ । તા.30

ગુજરાત રાજ્ય એસટી નિગમને દિવાળીનો તહેવાર ફળ્યો છે. તહેવારો દરમિયાન વતનમાં જતા લોકોનો ઘસારો હોવાના પગલે એસટી નિગમ દ્વારા વિવિધ શહેરોમાં એક્સ્ટ્રા બસોની ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું છેલ્લા ત્રણ દિવસમાં એસટી નિગમમાં 1.26 લાખ મુસાફરોએ મુસાફરી કરી છે. જેનાથી 2.19 કરોડની આવક થઈ છે. સુરતમાં છેલ્લા બે દિવસમાં 300થી વધારે બસો મૂકવામાં આવી છે.

ગુજરાત રાજ્ય એસટી નિગમના જણાવ્યા મુજબ નિગમ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં 26 ઓક્ટોબરથી 28 ઓક્ટોબર સુધીમાં કુલ 2560 એક્સ્ટ્રા ટ્રીપો દોડાવી છે. 1.26 લાખ



મુસાફરોથી રૂ.2.19 કરોડ આવક થઈ છે. જે પૈકી ફક્ત સુરત ખાતેથી 540 એક્સ્ટ્રા ટ્રીપોમાં 28672 જેટલા મુસાફરોએ જેની કુલ રૂ. 1 કરોડ આવક થઈ છે. સુરત ખાતેથી એડવાન્સ અને ગ્રુપ બુકિંગની 29 ઓક્ટોબર માટે 139 ગ્રુપ અને 40 એડવાન્સ મળી કુલ 179 બસો જ્યારે 30 ઓક્ટોબર માટે 80 ગ્રુપ અને 42 એડવાન્સ મળી કુલ 122 બસો બુક છે.

### દિવાળીના દિવસે પણ મુસાફરોનો ઘસારો રહેશે

દિવાળીના તહેવાર દરમિયાન અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના એસટી બસ સ્ટેન્ડ ઉપર પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી. દિવાળીના છેલ્લા એક અઠવાડિયામાં દરરોજ ગુજરાત એસટી નિગમમાં વિવિધ ડેપો પર એડવાન્સ બુકિંગ પેટે બે કરોડથી વધારેની આવક થઈ રહી છે. આ સ્થિતિ જોતાં એડવાન્સ બુકિંગ પેટે એસટી નિગમને દરરોજની સરેરાશ રૂપિયા 2 કરોડની આવક થઈ હોય શકે છે. ગુજરાત એસટી નિગમને દિવાળીનો તહેવાર ફળ્યો છે.

# બોપલ અકસ્માત કેસમાં મિલાપ શાહની થશે ધરપકડ, મનુષ્ય વધની કલમે બાજી બદલી

(એજન્સી) અમદાવાદ । તા.30

અમદાવાદના બોપલ વિસ્તારમાં 14 સપ્ટેમ્બરના રોજ રાત્રે એક મર્સિડીઝ કાર ચાલકે એક સિક્યુરિટી ગાર્ડને કચડી નાખતા સિક્યુરિટી ગાર્ડનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેમાં



પોલીસ તપાસમાં ચાલક સગીર હોવાનું સામે આવ્યું હતું. આ કાર ચાલકના પિતા મિલાપ શાહની પોલીસે ધરપકડ કરી અમદાવાદ ગ્રામ્ય કોર્ટની મેજિસ્ટ્રેટ કોર્ટમાં 3 દિવસના રિમાન્ડ માટે રજૂ કર્યો હતો. જોકે, તે સમયે ઈન્ચાર્જ મેજિસ્ટ્રેટે આ ધરપકડને જ અયોગ્ય ગણાવીને 10 હજારના બોન્ડ ઉપર મિલાપ શાહને જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો.

# ફ્લિપકાર્ટમાંથી વાત કરું છું કહી મહિલાના બેંક ખાતામાંથી એક લાખ સેરવી લીધા

(એજન્સી) અમદાવાદ । તા.30

અમદાવાદના સીજી રોડ વિસ્તારમાં રહેતી 35 વર્ષે મહિલા અને છેલ્લા પાંચ વર્ષથી એક દુકાનમાં નોકરી કરતા મહિલા સાથે ગત જૂન મહિનામાં ઠગે છેતરપિંડી કરી હતી. જેમાં ફ્લિપકાર્ટમાંથી વાત કરું છું કહીને ઝડપથી ડિલિવરી મળે તે માટે લિંક ઓપન કરીને બેંક ડિટેલ્સ આપવા જણાવ્યા બાદ મહિલાએ લિંકમાં ફોર્મ ફિલ કરતા ચાર અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફતે બેંક એકાઉન્ટમાંથી રૂપિયા એક લાખ ઓછા થતા મહિલાએ સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. ત્યાર બાદ ગત રોજ મહિલાએ રૂબરૂ આવીને ફરિયાદ નોંધાવી અજાણ્યા શખસો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી છે. અમદાવાદ શહેરમાં રહેતી એક મહિલાએ ફ્લિપકાર્ટ શોપિંગ એપ પરથી કોઈક વસ્તુ ઓર્ડર કર્યા બાદ તેમના મોબાઈલ નંબર ઉપર એક અજાણ્યા શખસોનો ફોન આવ્યો હતો. જેમાં તે વ્યક્તિએ જણાવ્યું હતું કે, ફ્લિપકાર્ટની ડિલિવરી મારે કરવાની છે, જેથી તમને અન્ય એક નંબર પરથી ફોન આવશે. જે બાદ બીજા જ કોઈ નંબર પરથી ફોન આવ્યો હતો અને તેમણે ઝડપથી ડિલિવરી જોઈતી હોય તો લિંક પર ક્લિક કરીને ફોર્મ ભરવા જણાવ્યું હતું.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...